શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર
આજીવન લવાજમ : રૂા. ૧૫૦૦/-

# કચ્છશ્રુતિ

વર્ષ : ૩૬મું
ફેબ્રુઆરી : ૨૦૨૩ ● અંક : ૯
કુલ પાના : ૬૪

૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૩ પ્રસિદ્ધ કર્યા તા. ૧૦-૦૨-૨૦૨૩ કિંમત : રૂા. ૧૮/-



ભારતના ક્રાંતિકારી

## રામસિંહ કુકા - રાષ્ટ્રભક્ત ધર્મગુરુ

મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૬. ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com
Website : www.kutchisamajahmedabad.org.

તંત્રી મંડળ :
અશોક મહેતા (મુખ્ય તંત્રી)
હિમાંશુભાઈ ઠક્કર

PRIME
PROPERTY

"WE EXPERTISE IN FINDING
YOUR DREAM HOMES"

make the best investment in the property

SALE | PURCHASE | RENT

RESIDENTIAL, COMMERICAL & INDUSTRIAL

Ultimate Property | Goodwill Of Developer | Inspection Of Property
Evaluate Of Property Pricing Of Property | Validation Of Delivery
Tenant Screening



+91 98795 32139 I +91 98700 63481

primeproperty123@yahoo.com

# CIMS સીમ્સ હોસ્પિટલ







**Dr. Dhiren Shah**
Director and consultant
Cardiac surgeon and
Cheif Heart Transplant
Surgeon,
Cims Hospital

**ગુજરાતની પ્રથમ પ્રાઈવેટ હોસ્પિટલ જેમાં ફુલી ડિજીટીલાઈઝ આઈસીયુઓ અને ઓપરેશન થીયેટર, ૨ સીટી સ્કેન, ૧એમઆરઆઈ અને ૩ કાર્ડિયાક કેથલેબ સુવિધાઓથી ઉપલબ્ધ**

- પશ્ચિમ ભારતમાં સર્વ પ્રથમ : દર્દીઓની સચોટ, ઝડપી અને સારામાં સારી સારસંભાળ માટે સંપૂર્ણપણે "ડિજિટલ હોસ્પિટલ"
- GE Centricity® સોફ્ટવેર દ્વારા ઇમેજિંગ અને સંપૂર્ણ ચોકસાઇથી નિદાન.
- સંપૂર્ણપણે ડિજિટલાઇઝ્ડ આઇસીયુ અને ઓપરેશન થિયેટર્સ.

## મલ્ટી-સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર

- એનેસ્થેસિયાલોજીસ્ટ
- આર્થોસ્કોપી અને સ્પોટ મેડિસીન
- બ્લડ બેંક
- પિડિયાટ્રીક બોર્ન મેરો ટ્રાન્સપ્લાન્ટ
- કાર્ડિયોલોજી
- કોર્ડિયો થોરાસિસ સર્જરી
- સીટી કોરોનરી એન્જીયો
- કોસ્મેટોલોજી
- ક્રિટિકલ કેર
- ડેન્ટીસ્ટ્રી
- ડર્મેટોલોજી
- એન્ડોક્રાઈનોલોજી
- ઈએનટી
- ફેમિલી મેડિસીન
- ફીઓટલ મેડિસીન
- ગેસ્ટ્રોએન્ટ્રોલોજી
- ગેસ્ટ્રો એન્ડ ઇન્ટેસ્ટીનલ સર્જરી
- જનરલ સર્જરી
- જેનેટિકસ
- ગાયનેકોલોજી, એબ્સ્ટ્રેટીક એન્ડ આઇવીએફ
- હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ
- હાઈ રીસ્ક પ્રેગ્નેન્સી યુનિટ
- હિમેટો - ઓન્કોલોજી
- ઇન્ફેકશન એન્ડ આઈવીએફ ડિસીઝ
- ઇન્ટરનલ મેડીસીન
- જોયન્ટ રીપ્લેસમેન્ટ સર્જરી
- લેપ્રોસ્કોપીક સર્જરી
- લંગ ટ્રાન્સપ્લાન્ટ
- નિયોનટોલોજી એન્ડ પીડિયાટ્રીકસ
- નેફ્રોલોજી
- ન્યુરોલોજી
- ન્યુરો સર્જરી
- ઓબેસીટી મેનેજમેન્ટ
- ઓન્કોલોજી એન્ડ ઓન્કો સર્જરી
- ઓપ્થેલ્મોલોજી
- ઓર્થોપેડીક્સ
- ઓન્કોલોજી
- પેઇન ક્લિનીક
- પેથોલોજી એન્ડ માઈક્રોબાયોલોજી
- પીડિયાટ્રીક સર્જરી
- ફિઝીયોથેરાપી એન્ડ રી-હેબીલીટેશન
- પ્રિવેન્ટીવ હેલ્થ ચેકઅપ
- પલ્મોનોલોજી
- રેડિયોલોજી
- રેડિયેશન થેરાપી
- રીનલ ટ્રાન્સપ્લાન્ટ
- રુમેટોલોજી
- સ્લીપ મેડિસીન
- સ્પાઈન સર્જરી
- ટ્રોમા કેર
- યુરોલોજી
- વાસ્કયુલર સર્જરી



**ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ જ્યાં સફળતા પૂર્વક હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા છે.**

**ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ જ્યાં સફળતા પૂર્વક ટ્રાન્સકેથેટેર એઓટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન પ્રોગ્રામ દ્વારા 5 TAVI (ટ્રાન્સ એઓટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન) ટૂક સમયમાં કરવામાં આવ્યા છે.**

**ભારતની એક માત્ર હોસ્પિટલ જે નીચેના ૭ સર્ટિફિકેટથી સન્માનિત છે**

JCI (USA) | NABH | NABH ER | Ethics Committee | NABL | ACC | GreenOT

**24 x 7 મેડીકલ હેલ્પલાઈન : +91-70 69 00 00 00**

CIMS® Care Institute of Medical Sciences — Earning Trust with World-Class Practices


શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ,
સોલા, અમદાવાદ - 380060.
ફોન : +91-79-2771 2771-72, ફેક્સ : +91-79-2771 2770
ઈમેલ : info@cims.org | www.cims.org

**એમ્બ્યુલન્સ : +91-98244 50000 | ઈમરજન્સી : +91-97234 50000**

www.facebook.com/cimshospitals (Follow our facebook page for daily medical updates in English, Hindi & Gujarati)

www.cims.org

CIMS Hospital India App on:


A NAVNEET product
ALONG WITH CONFIDENCE, THERE'S SOMETHING ELSE TO BE CARRIED TO THE EXAMS.
Ease the pressure at the exam hall with Youva Exam Board.
They are strong, sturdy and provide the right support to you while you answer your paper. Choose from a wide range of designs and sizes and score the maximum in every subject.
And stay cool, during exams.
YOUVA
ART of being COOL
www.youvaworld.com

વર્ષ-૩૬ ● અંક – ૮
૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૩

● માનદ્ સલાહકાર ●

શ્રી હંસરાજ કંસારા

● તંત્રી મંડળ ●

અશોક મહેતા - મુખ્ય તંત્રી
મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯/૯૮૭૯૦ ૬૩૧૦૦

હિમાંશુભાઈ ઠક્કર
મો. ૯૮૭૯૩ ૦૧૦૦૪

❖

પત્ર વ્યવહારનું સરનામું

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર,
કોચરબ આશ્રમની સામે,
એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com

❖

'Kutch-Shruti' Available on

www.kutchisamajahmedabad.org
www.asanjokutch.com
www.hellokutchis.com

❖

કચ્છ શ્રુતિ લવાજમ

| | | |
|---|---|---|
| ૨ વર્ષ | : રૂા. | ૫૦૦/- |
| ૫ વર્ષ | : રૂા. | ૧૦૦૦/- |
| આજીવન | : રૂા. | ૧૫૦૦/- |

*ચેક/ડ્રાફ્ટ : 'શ્રી કચ્છી સમાજ – અમદાવાદ'ના નામનો મોકલવો.*

*'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' તંત્રી મંડળનું સહમત હોવું આવશ્યક નથી.*

*- મુખ્ય તંત્રી*

## આ અંકમાં....

**તંત્રી લેખ**
● એક વૈચારિક રજૂઆત .......... **અશોક મહેતા**....૭

**સ્મરણાંજલી**
● શ્રી દામજીભાઈ એન્કરવાલાને સ્મરણાંજલી .......... ....૯

**સંસ્થા સમાચાર**
● દવા વિતરણ યોજના .......... ....૧૧
● અમદાવાદ - ગાંધીનગર સ્થિત કચ્છી પરિવારો માટે મેડિકલ સર્વિસીસ .......... ....૧૨
● કચ્છશ્રુતિમાં વ્યવસાયની શુભેચ્છા જાહેરાત .......... ....૧૪
● શ્રી કચ્છી સમાજ - અમદાવાદનું સભ્યપદ ● કચ્છશ્રુતિ લવાજમ બાબતે .......... ....૧૫
● અવસાન નોંધ .......... ....૧૬

**પ્રેરણાત્મક વિચારણા**
● મણકો-૧૪ : બીજા સાથે હૃદયથી કામ લો .......... **પ્રવીણચંદ્ર ઠક્કર**....૧૭

**ક્રાંતિ કથા**
● ભારતના ક્રાંતિકારીઓની ક્રાંતિકથા
ચરણ-૧૫ : રાષ્ટ્રભક્ત ધર્મગુરુ – રામસિંહ કુકા .......... **પારસ દવે - નડિયાદ**....૧૮

**ગાંધીજી નિર્વાણ દિન**
● ગાંધીજીની સ્મૃતિ સાચવતાં કચ્છનાં સ્થાનકો – (૨) .......... **સંજય પી. ઠાકર**....૨૦

**સ્મરણાંજલી**
● તપસ્વિની કસ્તુરબા ગાંધી .......... **કિશોર કે. જોબનપુત્રા**....૨૩

**વિચાર - વિમર્શ**
● આપણી આસપાસ કોઈ જિનિયસ છે? .......... **ડૉ. કાંતિ ગોર 'કારણ'**....૨૪

**એરક્રાફ્ટ કેરિયર**
● સંરક્ષણ ક્ષેત્રે ભારતની એરક્રાફ્ટ કેરિયરની હારમાળા .......... **પ્રા. સૂર્યકાંત ભટ્ટ**....૨૬

**વિશેષ દિવસ**
● ૨૧મી સદીના બદલાવને અપનાવીને રેડિયો નવી રીતે લોકોને જોડે છે ..... **ડૉ. મિહિર વોરા**...૨૭
● ટ્રાફિક સિગ્નલ'ની શોધ કેવી રીતે થઈ? .......... **ભરત'કુમાર' પ્રા. ઠાકર**....૨૮
● શિક્ષણમાં માતૃભાષાનું મહત્ત્વ .......... **ડૉ. મિહિર વોરા**...૩૦

**શ્રદ્ધા સુમન**
● અદ્‌ભુત શાસ્ત્રીય સંગીતકાર ખય્યામની યાદ .......... **યુસુફ મીર**....૩૨

**શરીરશાસ્ત્ર**
● માનવ શરીર .......... ....૩૪

**આરોગ્ય**
● ખીચડી : જમો અને જમાડો .......... **બાબુભાઈ ભવાનજી**....૩૬
● ઘઉંની રોટલી હવે ગાયબ થશે તમારા ભાણામાંથી .......... ....૩૭

**તંદુરસ્તી**
● માનસિક બીમારીઓ વિશે પ્રવર્તતી ગેરસમજ
અને વૈજ્ઞાનિક સત્ય : ભાગ-૨ .......... ડૉ. મણિલાલ ગડા/ડૉ. દિપ્તી શાહ (ગડા)....૩૮

● **લઘુકથા : પસ્તાવો** .......... **મણિલાલ ડી. રૂઘાણી**...૪૦
● **વાર્તા : પુત્રવધૂ** .......... **એમ. ડી. સોલંકી**....૪૧
● **વાર્તા : મુખવટો** .......... **પૂજા ટોપરાણી**....૪૪
● **કચ્છી સંસ્થા** : બૃહદ્ મુંબઈ ગુજરાતી સમાજ સંચાલિત – નવનીત ગુજરાતી સમાજ ભવન .......... ૪૬
● **વિજ્ઞાન જગત / માહિતી જગત** .......... **સંકલન : રસીકલાલ ખીમજી મહેતા**....૪૮
● **બૃહદ્ કચ્છ** .......... **સંકલન : ચૌલા કુરૂવા**....૫૦
● **માતૃભૂમિ કચ્છના સમાચાર** .......... **સંકલન : ચૌલા કુરૂવા**....૫૧
● **અન્ય સંસ્થાઓના સમાચાર** .......... ....૫૬

# ૧૯૭૫ થી વ્યવસાયલક્ષી તાલીમ આપતી એકમાત્ર સંસ્થા



આપ પણ ફેશન ડીઝાઈનર બની શકો છો ?

## ફેશન ડીઝાઈનીંગ, ગારમેન્ટ મેકિંગ અને બ્યુટી પાર્લર ક્ષેત્રે

કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક...

## S.S.C. - H.S.C.

પાસ-નપાસ અને ગ્રેજ્યુએશન પછી શું ?

એન્જીનીયરીંગ ક્ષેત્રે

કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક...

ડીપ્લોમા એન્જી. થઈ શકો છો.
સરકાર માન્ય તેમજ ખાનગી

ટી.વી. - ડી.વી.ડી., ઈલેક્ટ્રોનીક્સ, મોબાઈલ રીપેરીંગ, વાયરમેન, ઈલે. મોટર રીવાન્ડીંગ, ઈલેક્ટ્રીશીયન, રેફ્રીજરેશન એન્ડ એસી. રીપેરીંગ, ડ્રાફ્ટમેન સીવીલ, મિકેનિકલ, ટર્નર, ફીટર શીખો.

# ડી. એન. પોલીટેકનીક

સંપર્ક :
પટેલ વાડી, બાપુનગર. : મો. ૮૧૨૮૮૪૧૭૮૦
રાયપુર : ફોન : ૦૭૯-૨૨૧૬૧૪૦૩ મો. ૯૬૦૧૬૦૫૬૩૧
નરોડા : ફોન : ૦૭૯-૨૨૮૧૪૨૩૫
મણીનગર : મો. ૭૮૭૪૦૩૧૮૬૦
મેઘાણીનગર : મો. ૯૬૦૧૧૭૭૪૮૯
દેહગામ : ૮૧૨૮૮૪૧૫૬૪

તંત્રીલેખ

## એક વૈચારિક રજૂઆત



અશોક મહેતા

*વર્ષો અગાઉ બ્રહ્માંડ અસ્તિત્વમાં આવ્યું.*

*અનેક આકાશગંગાઓથી આ બ્રહ્માંડ બન્યું.*

*માનવજાતનો વસવાટ છે, એ આકાશગંગા પણ અસ્તિત્વમાં આવી.*

*આ આકાશગંગામાં સૂર્ય, ચંદ્ર, તારાઓ, અનેક ગ્રહો, ઉપગ્રહો અને આપણી પૃથ્વી પણ અસ્તિત્વમાં આવી.*

*ધીરે ધીરે પૃથ્વી પર જીવો પાંગરતા થયા.*

*અનેક પ્રકારના જીવાણુઓ, જીવજંતુઓ, પશુઓ, પક્ષીઓ અને છેવટે માનવજાત અસ્તિત્વમાં આવી.*

*આ જીવ સૃષ્ટિમાં કુદરતે અન્ય જીવો કરતાં માનવમાં સવિશેષ બુદ્ધિનું નિરૂપણ કર્યું.*

*શરૂનો માનવ જંગલી કહેવાયો. તે જંગલી જાનવર તથા ઝાડ-પાન-ફળફળાદી ખાઈને પોતાના અસ્તિત્વને ટકાવતો રહ્યો.*

*આગળ જતાં તેણે વિકાસ તરફ ડગ માંડ્યા.*

*ઝાડ-પાન તથા છાલના વસ્ત્રો બનાવીને પહેરવા લાગ્યો.*

*ખેતીની શોધ કરી અનાજ પકવવા લાગ્યો.*

*અનાજ પકવી રસોઈ બનાવતો થયો.*

*સ્ત્રી-પુરુષ પતિ-પત્ની તરીકે રહેવા લાગ્યા.*

*હજારો વર્ષ અગાઉના માનવને આપણે જંગલી તરીકે પીછાનતા હતા પરંતુ સમયાંતરે તે પોતાની બુદ્ધિના સહારે વિકાસ કરતો રહ્યો.*

*ખુલ્લામાં કે ગુફામાં રહેતો માનવ પ્રથમ ઝૂંપડીમાં અને પછી ઘર બનાવીને રહેવા લાગ્યો.*

*કક્કા - બારાખડીની શોધ કરી અક્ષરજ્ઞાન મેળવવા તરફ આગળ વધ્યો.*

*પગપાળા મુસાફરી કરતા માનવે બળદગાડા અને ઊંટગાડીની સવારી શરૂ કરી.*

*શરૂમાં તીર કામઠા અને પછી તલવાર, ભાલા વગેરેની શોધ કરી.*

*આગળ જતાં તેણે નીતિમત્તાના ધોરણોની સ્થાપના કરી. પરિણામે ઋષિ મુનિઓ મળ્યા.*

*રૂષભદેવથી મહાવીર સ્વામિ સુધી, શ્રીકૃષ્ણથી રામ - લક્ષ્મણ સુધી તથા અન્ય મહામાનવો કે જેમને આપણે ભગવાન કહીએ છીએ, તેઓ પ્રગટ થયા કે જેમણે માનવજાતને દોરવણી આપી.*

*સાથે સાથે વૈજ્ઞાનિક શોધો પણ થવા લાગી.*

*સાઈકલ, ગાડી, બાઈક, સ્કુટર, વહાણ, લોંચ, સ્ટીમર અને છેવટે વિમાન સુધી માનવજાત પહોંચી.*

*રેડિયો, ટ્રાન્ઝીસ્ટર, ટેલીવિઝન, વાયરલેસ, ઈન્ટરનેટ વગેરે અસ્તિત્વમાં આવ્યા.*

*હવે આપણે 4G અને 5Gની વાતો કરવા લાગ્યા.*

*સેટેલાઈટ અને મિસાઈલ્સની શોધો થઈ.*

*માનવ ચંદ્ર પર પહોંચી ગયો. મંગળની ભ્રમણકક્ષામાં પણ મુસાફરી કરી.*

---

***મિત્રતા, એ સુખનો ગુણાકાર અને દુઃખનો ભાગાકાર છે.***

*નવી નવી વૈજ્ઞાનિક શોધખોળ ચાલુ રહેવા પામેલ છે.*

*માનવ અન્ય ગ્રહો પર પણ ભવિષ્યમાં ઉતરાણ કરે તેવી શક્યતા છે.*

*અને પછી એક આકાશગંગામાંથી બીજી આકાશગંગા તરફના પ્રયાણ માટે વિચારાતું થશે.*

*હકીકત એ છે કે કુદરતના કરિશ્માએ માનવને બુદ્ધિ આપી છે અને માનવ તેની બુદ્ધિના સહારે નિરંતર નવી શોધો કરતો રહે છે.*

*વિજ્ઞાનના સહારે તે રીસર્ચ અને ડેવલપમેન્ટમાં આગળ વધતો રહે છે.*

*એક વિરાટ પ્રશ્ન એ છે કે આ દુનિયાનું નિરૂપણ કોણે કર્યું અને શા માટે કર્યું?*

*વહેલા-મોડા માનવ બુદ્ધિ તેનો પણ તાગ લેશે.*

*૫૦૦૦ વર્ષ અગાઉના માનવને આપણે કહીએ છીએ કે તે જંગલી અવસ્થામાં જીવતો હતો.*

*૫૦૦૦ વર્ષ પછી હાલના માનવને પણ ખૂબ પછાત અવસ્થાના માનવી તરીકે એ સમયના લોકો જણાવતા હશે. એ સમયે એવું કહેવાશે કે માનવ હજુ સુધી 5G સુધી જ પહોંચ્યો હતો.*

*આ રીતે વિચારીએ તો માનવજાતે હજુ ઘણું જ અંતર કાપવાનું છે.*

*સહુથી પ્રથમ અન્ય ગ્રહો પર પહોંચવાનું છે.*

*અન્ય આકાશગંગામાં પ્રવેશ કરવાનો છે.*

*દુનિયાનું અસ્તિત્વ કોણે કર્યું અને શા માટે કર્યું તેનો તાગ મેળવવાનો છે.*

*એ તાગ મેળવ્યા પછી આગળ શું કરવાનું છે તે વિશે વિચારવાનું છે.*

*આ માત્ર વૈજ્ઞાનિક શોધખોળ થકી જ થઈ શકશે.*

*જેમ જેમ વિજ્ઞાન થકી આપણે દુનિયાના તાગો મેળવતા જશું તેમ તેમ આ દિશા તરફ આગળ વધી શકાશે.*

*તે માટે માત્ર અને માત્ર વૈજ્ઞાનિક અભ્યાસ કામ આવશે. વૈજ્ઞાનિક દૃષ્ટિ કામ આવશે. એ દિશા તરફનું ભણતર કામ લાગશે.*

*તે માટે ધર્મ, ધર્મગુરુઓ, પૂજા-પાઠ, હોમ-હવન વગેરે કામ નહીં લાગે. તેના થકી કદાચ નીતિમત્તાના ધોરણો જળવાઈ શકે. એ પણ તેટલું જ જરૂરી છે.*

*તેથી આપણે સહુએ વિજ્ઞાનને અગ્રતાક્રમ આપી શોધખોળની દિશામાં આગળ વધવાની માનસિકતા કેળવવી પડશે. ઈસરો કે નાસા જેવી સંસ્થાઓને ઉત્તેજન આપવું પડશે. એ તરફની દિશાને જ પ્રાધાન્યતા આપવી જરૂરી બની રહેશે. કુદરતે માણસને બુદ્ધિ આપી છે તો માનવે એ બુદ્ધિનો બરાબર ઉપયોગ કરી બ્રહ્માંડના અસ્તિત્વનો તાગ મેળવવા માત્ર ને માત્ર એ દિશા તરફ પ્રયાણ કરવાનું રહેશે.*

*પોતાનું અસ્તિત્વ ટકાવવા જીવન નિર્વાહ મેળવવા મથી રહેલો માનવી, બે પાંદડે સુખી થતાં જ મોજશોખ તરફ વળી ગયેલો માનવી, દુનિયાના વ્યવહારમાં અટવાયેલો માનવી, ધર્મધ્યાનમાં વ્યસ્ત રહેલો માનવી, એ યોગ્ય દિશાએથી ફંટાયેલ માનવી છે. વૈજ્ઞાનિક અભ્યાસ અને કોઈપણ પ્રકારની શોધખોળની દિશા પકડતો માનવી યોગ્ય ટ્રેક પર ચાલી રહેલ છે તેવી ગણના કરી શકાય.*

*જ્યાં લગી બ્રહ્માંડના અસ્તિત્વનો તાગ ના મેળવી શકાય ત્યાં સુધી કુદરતે બક્ષેલ બુદ્ધિના સહારે આગળ વધવું તે જ માનવધર્મ બની જવો જોઈએ. કદાચ કુદરતે માનવને બુદ્ધિ એટલા માટે જ આપી હશે કે તે કુદરતે ઉત્પન્ન કરેલ દુનિયામાં શોધખોળ કરી, આ દુનિયાને ઉત્પન્ન કરનાર સુધી પહોંચી શકે.*

**૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,**
**બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯, ૯૮૭૯૦ ૬૩૧૦૦**


---

**જેમ મલાઈ વગરનું દૂધ નકામું, તેમ ભલાઈ વગરનું જીવન નકામું.**

---

# શ્રી દામજીભાઈ એન્કરવાલાને સ્મરણાંજલી

*– અશોક મહેતા*



● જન્મ ●

તા. ૨૫-૯-૧૯૩૭

● અવસાન ●

તા. ૨૯-૧-૨૦૨૩

## સ્વ. શ્રી દામજીભાઈ લાલજીભાઈ શાહ (મામણીયા) (એન્કરવાલા)

શ્રી દામજીભાઈનો જન્મ કચ્છના મુંદ્રા તાલુકાના કુંદરોડી ગામમાં તા. ૨૫-૯-૧૯૩૭ના રોજ થયેલ હતો. પિતાશ્રીનું નામ લાલજીભાઈ અને માતુશ્રીનું નામ ઉમરબાઈ. લાલજીભાઈને ત્રણ સંતાન : દામજીભાઈ, જાદવજીભાઈ અને ઝવેરબેન. અનેક કચ્છીઓની જેમ પુરુષ મુંબઈમાં નોકરી અથવા વ્યવસાય કરે અને પરિવાર કચ્છમાં રહે. લાલજીભાઈ પણ મુંબઈમાં વ્યવસાય કરે. વ્યવસાયમાં ફેરફાર બાદ તેઓએ વરલી ખાતે અનાજ - કરીયાણાની રેશનિંગ શોપ ચાલુ કરી. વ્યવસાય સારો ચાલતા તેઓએ પરિવારને મુંબઈ બોલાવી લીધો અને વરલીમાં રહેઠાણ ચાલુ કર્યું.

શ્રી દામજીભાઈનો અભ્યાસ ત્રીજા ધોરણ સુધી કુંદરોડીની ગામઠી સ્કુલમાં રહ્યો. ત્યારબાદ મુંબઈ આવતા તેઓએ મુંબઈની શ્રી કચ્છી વીસા ઓસવાળ સ્થા. જૈન મહાજનની ચીંચપોકલી ખાતેની શાળામાં એડમિશન લઈ ત્યાં પોતાનો અભ્યાસ ચાલુ રાખ્યો. ધોરણ ૯માં ઉત્તીર્ણ થયા બાદ તેઓએ શાળા બદલી અને શ્રી કચ્છી વીસા ઓશવાળ દેરાવાસી જૈન મહાજનની પાલાગલી હાઈસ્કૂલમાં એડમિશન લીધું અને ૧૦મું તથા ૧૧મું ધોરણ (એ સમયે મેટ્રીક સુધીનો અભ્યાસ) ત્યાં રહી પાસ કર્યું. તેમના લઘુબંધુ જાદવજીભાઈ એ જ શાળામાં અભ્યાસ કરતા હતા. પરંતુ નાના હોવાથી અભ્યાસમાં એક વર્ષ પાછળ હતા. મેટ્રીક પાસ કર્યા પછી દામજીભાઈએ માટુંગાની ખાલસા કોલેજમાં એડમિશન લઈ ઈન્ટર સાયન્સ પાસ કર્યું. સ્વપ્ના તો ડૉક્ટર બનવાના હતા પરંતુ કોઈ કારણસર તેમાં સફળતા ના મળી.

આ લેખના લેખકે તેમની સાથે ધોરણ ૮ થી ઈન્ટર સાયન્સ સુધીનો અભ્યાસ એક જ બેન્ચ પર સહાધ્યાયી તરીકે રહી સાથે કરેલ હતો. બીદડા સર્વોદય હોસ્પિટલના હાલના ચેરમેન **શ્રી વિજય છેડા** પણ સહાધ્યાયી હતા અને સાથે રહી અભ્યાસ કરતા હતા. ભોજાય સર્વોદય હોસ્પિટલનું જેમણે સર્જન કર્યું છે તે **શ્રી લીલાધર ગડા** એ સમયે આ જ શાળામાં અભ્યાસમાં એક વર્ષ આગળ હતા પરંતુ સાથ સહિયારો હતો. શ્રી કચ્છી વીસા ઓસવાળ દેરાવાસી જૈન મહાજનના ૨૦ વર્ષ સુધી મેનેજિંગ ટ્રસ્ટી રહી ચૂકેલ અને હાલે પ્રમુખશ્રીના હોદ્દા પર બિરાજમાન છે તેમજ શ્રી ક.વી.ઓ. જૈન ખબર પત્રિકાના હાલે પ્રમુખ પણ છે તે **શ્રી પન્નાલાલ છેડા** પણ સહાધ્યાયી હતા. એક વખત મુંબઈ મ્યુનિ. કોર્પોરેશનના મલાડમાંથી ચૂંટાયેલ કોર્પોરેટર **શ્રી દેવચંજ શામજી ગાલા (ગાલા ડી. એસ.)** પણ સહાધ્યાયી હતા. એ જ રીતે હાલાર ખબર પત્રિકાના તંત્રી **શ્રી હંસરાજ ચાંદરીયા** પણ સહાધ્યાયી હતા. આજ રીતે અન્ય અનેક સહાધ્યાયીઓ

સમાજમાં મોભાદાર વ્યક્તિ તરીકે પોતાનું જીવન વ્યતીત કરી રહેલ છે અને સાથે સાથે પોતાના ક્ષેત્રમાં સેવાના કામો પણ કરી રહેલ છે. આ રીતે વર્ષ ૧૯૫૭માં ઉત્તીર્ણ થયેલ મેટ્રીક (એ વખતે હજુ એસ.એસ.સી. નહોતું) પરીક્ષાના સહાધ્યાયીઓ **શ્રી અશોક મહેતા, શ્રી વિજય છેડા, શ્રી પન્નાલાલ છેડા, શ્રી દેવચંદ ગાલા, શ્રી હંસરાજ ચાંદરીયા, શ્રી લીલાધર ગડા** (એક વર્ષ સિનિયર) કે જેઓ સમાજસેવા ક્ષેત્રે આજે પણ પોતાના ક્ષેત્રમાં કાર્યરત રહેલ છે તેઓ તેમના સહાધ્યાયી અને જીવનમાં પ્રગતિના શિખરની ટોચ પર પહોંચેલ શ્રી દામજીભાઈના અવસાનથી ખૂબ જ ગ્લાનિ અનુભવી રહેલ છે.

શ્રી લાલજીભાઈ જયારે વરલીમાં રેશનિંગ શોપ ધરાવતા હતા ત્યારે તેમના એક ગ્રાહક કોઈ એક બંગાળી બાબુ હતા. તેઓશ્રી એન્જિનિયર હતા અને ઈલેક્ટ્રીકલ ક્ષેત્રે સારું જ્ઞાન ધરાવતા હતા. તેઓ સાથે રહીને શ્રી લાલજીભાઈ, તેમના ભાઈ શ્રી વિશનજીભાઈ તથા શ્રી લાલજીભાઈના સુપુત્રોએ એક ફેક્ટરી હસ્તગત કરી કે જે મલાડના બોમ્બે ટોકીઝ કમ્પાઉન્ડમાં આવેલ હતી. અહીં તેઓએ બ્રેકેલાઈટ મોલ્ડિંગની વિક્ટર બ્રાન્ડ ઈલેક્ટ્રીક સ્વિચો બનાવવાનું શરૂ કર્યું. કોઈ કારણસર વ્યવસાય બરાબર જામતો ન હોવાથી તેઓ સહુ સાથે રહીને છૂટા પડ્યા પરંતુ દામજીભાઈ આ હાર સ્વીકારવા તૈયાર ન હતા. તેઓએ એન્કર બ્રાંડના નવા નામથી સ્વિચો બનાવવાનું ચાલુ રાખ્યું અને પોતાના ખંત અને ખાંખતથી વ્યવસાયને સફળતાના આરે લાવીને મૂકી દીધું. વ્યવસાય ક્ષેત્રે તેઓએ પ્રથમ મુંબઈ, ત્યારબાદ સમગ્ર ભારત અને પછી સમગ્ર વિશ્વમાં એન્કર બ્રાંડને ખૂબ જ નામચીન બનાવી દીધી. આ સમયગાળામાં લઘુબંધુ શ્રી જાદવજીભાઈ તેમની સાથે જ રહ્યા.

શ્રી દામજીભાઈના લગ્ન વર્ષ ૧૯૬૦માં કુંદરોડીના જ શાંતાબેન સાથે થયેલ હતા અને તેમના થકી તેમને બે સુપુત્રો – અતુલ તથા સંજય અને એક સુપુત્રી – નીતા પ્રાપ્ત થયેલ હતા. આજે બંને પુત્રોએ તેમના પિતાશ્રીનો વ્યવસાય સારી રીતે સંભાળી લીધેલ છે.

ધનોપાર્જનમાં સફળતા મેળવ્યા બાદ શ્રી દામજીભાઈ સમાજસેવા ક્ષેત્રે આગળ વધ્યા અને કરુણામય ભાવનાને નજર સમક્ષ રાખીને ઢોરવાડા, પાંજરાપોળ તથા અન્ય અનેક સામાજિક સંસ્થાઓમાં તેમના ડોનેશન્સ જગવિખ્યાત બની ચૂકેલ છે. મુંદ્રા (પ્રાગપર) પાસે આવેલ પશુ રક્ષા કેન્દ્ર આજે 'એન્કરવાલા અહિંસા ધામ'ના નામથી પ્રચલિત છે.

તેઓશ્રીના ડોનેશન્સ મુંબઈ, કચ્છ અને ભારતભરના અન્ય અનેક શહેરોમાં સારી માત્રામાં રહ્યા છે. શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગની રચના સમયે તેઓશ્રીએ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને સારી એવી રકમનું ડોનેશન્સ આપેલ હતું.

શ્રી દામજીભાઈએ સમગ્ર કચ્છની પણ ચિંતા કરેલ હતી. વર્ષ ૧૯૭૯ના નર્મદા જળ પંચે સિંચાઈના પાણીની ફાળવણીમાં કચ્છને જે અન્યાય કરેલ હતો તે સામે તેઓએ કચ્છ અને મુંબઈમાં અવાજ ઉઠાવી કચ્છ જળ સંકટ નિવારણ સમિતિના સ્વ. શ્રી જીલુભા જાડેજા તથા સ્વ. શ્રી કેશુભાઈ દેઢિયા સાથે રહીને એ પાણીની માત્રા ૦.૨ M.A.F. થી ૦.૫૮૫ M.A.F. સુધી એટલે કે ૨,૮૫,૦૦૦ એકર જમીનમાં સિંચાઈના પાણીથી ખેતી થઈ શકે ત્યાં સુધી વધારાવી હતી. જો કે ત્યારપછી એ કામ ખૂબ જ ધીમી ગતિએ આગળ વધી રહેલ છે, તે એક અલગ વાત બની રહેલ છે.

આ રીતે એક મેઘાવી અને મહામાનવ દામજીભાઈને આવતા વર્ષો સુધી કચ્છ અને કચ્છની પ્રજા યાદ કરતી રહેશે.

***શ્રી દામજીભાઈનો આત્મા જ્યાં હશે ત્યાં, એક સફળ જિંદગીના કારણે તૃપ્ત રહેવા પામેલ હશે તેવી અભિલાષા વ્યક્ત કરીએ.***

*બોલવા કરતાં મૌન શ્રેષ્ઠ છે અને મૂંગા રહેવા કરતાં સાચું બોલવું શ્રેષ્ઠ છે.*

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ : દવા વિતરણ યોજના

ભારત દેશની આઝાદીના સમયે વર્ષ ૧૯૪૭માં આપણા દેશના લોકોની સરેરાશ ઉંમર ૪૬ વર્ષની હતી અને આજે તે ૬૮ વર્ષની રહેવા પામેલ છે. અનેક લોકોની ઉંમર ૭૦, ૮૦ કે ૯૦ની સામાન્ય થઈ ગયેલ છે. તેની પાછળનું કારણ વિવિધ દવાની શોધખોળ અને તે લેવા પાછળની જાગૃતતા.

પરિણામ સ્વરૂપે આજે મોટાભાગના ઘરમાં સિનિયર સિટીઝનનો અથવા તો સુપર સિનિયર સિટીઝનનો વસવાટ રહેવા પામેલ છે.

આ સિનિયર સિટીઝનને બારે માસ દવાની જરૂરત પડે છે અને તે દરેક સિનિયર સિટીઝનનું દવાનું માસિક બીલ રૂા. ૨,૦૦૦/- થી રૂા. ૩,૦૦૦/- આવે છે.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદે આ માટે એક યોજના વિચારી રાખેલ છે કે જે અનુસાર એક ફાર્માસિસ્ટને નક્કી કરવામાં આવેલ છે અને તે ફાર્માસિસ્ટ અમદાવાદ સ્થિત દરેક કચ્છી પરિવારને દવાના MRP ભાવ કરતાં ૨૨ ટકા ઓછા ભાવે અને તે પણ ફ્રી હોમ ડિલીવરી તરીકે આપી શકશે.

તે માટે એક વૉટ્સએપ ગ્રુપ બનાવવામાં આવશે કે જેમાં દરેક પરિવારના વડીલનું નામ, તેના મોબાઈલ નંબર અને તેના સરનામાનો સમાવેશ કરવામાં આવશે.

એ વોટ્સએપ ગ્રુપમાં નોંધાયેલી વ્યક્તિ પોતાની દવાની વિગત અને તેની જરૂરિયાતનો જથ્થો વિગતવાર લખીને મોકલી આપશે. સાથે પોતાનું નામ, પેશન્ટનું નામ તથા મોબાઈલ નંબર અને ઘરનું સરનામું પણ મોકલી આપવાનું રહેશે.

ફાર્માસિસ્ટ એ દવા બે દિવસની અંદર જ તેમના ઘરે ફ્રી ડિલીવરીથી મોકલી આપશે અને સાથે સાથે દવાનું બીલ પણ મોકલી આપશે, કે જે દવાની ડિલીવરી આપનાર ભાઈને તે જ વખતે ચૂકવી આપવાનું રહેશે.

અમદાવાદથી દૂરના એટલે કે ગાંધીનગર, અડાલજ, વટવા, લાંભા જેવા દૂરના વિસ્તારમાં આ દવા કુરિયરથી મોકલી આપવામાં આવશે કે જેના કુરિયરનો ચાર્જ લાભ લેનારે અલગથી ભોગવવાનો રહેશે.

દવાનો ઓર્ડર ઓછામાં ઓછા રૂા. ૫૦૦/-નો હોવો જોઈશે.

દવાનો ઓર્ડર દર મહિનાની ૫ થી ૨૫ તારીખ સુધીમાં આપવાનો રહેશે.

વોટ્સએપમાં ઉપર જણાવ્યા પ્રમાણે વિગતવાર માહિતી મોકલવાની રહેશે.

દવાની ડિલીવરી લેતી વખતે દવા ચેક કરી લેવી અને સાથે સાથે તેની Expiry Date પણ ચેક કરી લેવી.

બીલ ચેક કરી, ૨૨ ટકા MRP ભાવમાં ઓછા કરી, તરતમાં તેનું પેમેન્ટ કરી દેવાનું રહેશે.

અમદાવાદ સ્થિત દરેક કચ્છી ઘટક સમાજના પ્રમુખ - મંત્રીને વિનંતી કે તેઓ પોતાના દરેક પરિવારના વડીલનું નામ, મોબાઈલ નંબર, તેમનું સરનામું વગેરે વિગત શ્રી કચ્છી સમાજ - અમદાવાદ પર મોકલી આપે તો શ્રી કચ્છી સમાજ - અમદાવાદ તેનું વોટ્સએપ ગ્રુપ બનાવી, એ દરેકના નામનો તેમાં સમાવેશ કરી લેશે અથવા દરેક ઘટક સમાજ પોતાના સભ્યોની સરનામા - ટેલિફોન ડિરેક્ટરી મોકલી આપે તો તે દરેક પરિવારના એક વડીલ સભ્યનો આ ગ્રુપમાં સમાવેશ કરી લેવામાં આવશે.

આ યોજના થકી દરેક સભ્યને આર્થિક રીતે દર મહિને સારો એવો ફાયદો થતો હોવાથી સહુએ આ બાબત યોગ્ય વિચારણા કરી, આ યોજનાનો અમલ કરવામાં સહકાર આપે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

**હિમાંશુ ઠક્કર**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**
**મો. ૯૮૭૯૩ ૦૧૦૦૪**

**અશોક મહેતા**
**મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**
**મો. ૯૮૭૯૦ ૬૩૧૦૦**

***<u>નોંધ</u> : અગર આપને કોઈ યોગ્ય ફાર્માસિસ્ટ ૨૨ ટકાથી વધુ ડિસ્કાઉન્ટ આપી શકે તેવું જણાય તો તેની વિગત જણાવવા દરેકને વિનંતી કરવામાં આવે છે કે જેથી આપણે તે વધુ ફાયદાકારક ફાર્માસિસ્ટ સાથે જોડાણ કરી શકીએ.***

---

*બુદ્ધિથી પાર પડાતાં કાર્યો શ્રેષ્ઠ, બળથી મધ્યમ અને કપટથી અધમ હોય છે.*

# અમદાવાદ - ગાંધીનગર સ્થિત કચ્છી પરિવારો માટે મેડિકલ સર્વિસીસ

અમદાવાદ - ગાંધીનગર સ્થિત ૫૦૦૦થી પણ વધુ કચ્છી પરિવારોનો વસવાટ હોય તેવી ગણના રાખવામાં આવેલ છે. આ દરેક પરિવારને પોતાના ફેમિલી ડોક્ટર સિવાય અનેક પ્રકારની મેડિકલ સર્વિસીસની જરૂરિયાત રહે છે. આ સર્વિસીસમાં કન્સલ્ટીંગ ડૉક્ટરો, પેથોલોજી લેબોરેટરી, એક્સ-રે, સોનોગ્રાફી, મેમોગ્રાફી, ટી.એમ.ટી., ફિઝીયોથેરાપી, આયુર્વેદ, હોમિયોપથી વગેરે વિભાગો આવી શકે. આ સર્વિસીસનો ઉપયોગ કરવા માટે પ્રાઈવેટ વિભાગમાં જવામાં આવે તો તેના ચાર્જિસ મોટાભાગના લોકોને પરવડી શકે તેવા હોતા નથી. અગર સરકારી અથવા મ્યુનિ. હોસ્પિટલમાં જવામાં આવે તો ત્યાંની પ્રક્રિયા ખૂબ જ સમય માંગી લે તેવી હોય છે.

એક તારણ અનુસાર સમાજનો ૮૦ ટકા વર્ગ એવો હોય છે કે જે મહિનાના અંતે પોતાના ત્રાજવાના બંને પલ્લા માંડ માંડ સરખા કરી શકે. માત્ર ૨૦ ટકા વર્ગ જ કદાચ સંપન્ન પરિવારની વ્યાખ્યામાં આવી શકે.

સમાજના હિતચિંતકોએ સમાજના ૮૦ ટકા વર્ગની જરૂરિયાતની વિચારણા કરવી ઘટે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે આ જરૂરિયાતને નજર સમક્ષ રાખીને પ્રથમ સ્વરૂપે પાલડી ખાતે મેડિકલ સેન્ટરની સ્થાપના કરેલ છે કે જ્યાં એક જ રૂફની નીચે ઉપરોક્ત બધા જ પ્રકારની સેવા પ્રાપ્ત થઈ શકે છે. તદુપરાંત તે દરેક આઈટમના ભાવો સમાજના લોઅર મિડલ ક્લાસ કે લોઅર ક્લાસને પણ પરવડી શકે તેવા રાખવામાં આવેલ છે. ત્યારબાદ આવું જ બીજું એક મેડિકલ સેન્ટર બોપલ ખાતે શરૂ કરેલ છે અને નજદીકના ભવિષ્યમાં ચાંગોદર ખાતે ત્રીજું મેડિકલ સેન્ટર શરૂ કરવામાં આવનાર છે.

ઉપરોક્ત સેવાકીય ચાર્જિસ ઉપરાંત તે એક ડગલું આગળ વધેલ છે અને નિયત કરેલા ભાવપત્રકમાં પણ પોતાના સમાજના પરિવારોને ૭૫ ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવે છે કે જેથી મેડિકલ ક્ષેત્રે દરેક પરિવાર નિરાંત અનુભવી શકે.

ઉપરોક્ત મેડિકલ સેન્ટરનો લાભ અમદાવાદ સ્થિત દરેક કચ્છી ઘટક સમાજના પરિવારો જરૂરથી લઈ શકે છે કે જ્યારે દરેક ઘટક સમાજ આ બાબતે આગળ આવે અને કોઈ પણ જાતના મૂડીરોકાણ વગર આ યોજનાનો લાભ પોતાના પરિવારજનને આપી શકે.

***વિગતવાર માહિતી નીચેના કોઠા પરથી સમજાઈ શકશે.***

| ક્રમ | વિભાગ અથવા આઈટમ | પ્રાઇવેટમાં ભાવ રૂપિયામાં | શ્રી ક.જૈ.સેવા સમાજે કોઈપણ વ્યક્તિ માટે નિયત કરેલ ભાવ | શ્રી ક.જૈ.સેવા સમાજ દ્વારા પોતાના સભ્ય પરિવારને અપાતું ૭૫ ટકા ડિસ્કાઉન્ટ | સભ્યે ભરવાની કિંમત |
|---|---|---|---|---|---|
| ૧. | ઓ.પી.ડી. (સ્પેશિયાલિસ્ટ ડૉક્ટર) – નવો કેસ | ૫૦૦ | ૧૦૦ | ૭૫ | ૨૫ |
| ૨. | ઓ.પી.ડી. (સ્પેશિયાલિસ્ટ ડૉક્ટર) – જૂનો કેસ | ૩૦૦ | ૬૦ | ૪૫ | ૧૫ |
| ૩. | ઓ.પી.ડી. (સુપર સ્પેશિયાલિસ્ટ ડૉક્ટર) – નવો કેસ | ૧૦૦૦ – ૧૫૦૦ | ૨૦૦ | ૧૫૦ | ૫૦ |
| ૪. | ઓ.પી.ડી. (સુપર સ્પેશિયાલિસ્ટ ડૉક્ટર) – જૂનો કેસ | ૬૦૦ – ૮૦૦ | ૧૦૦ | ૭૫ | ૨૫ |
| ૫. | એક્સ-રે | ૫૦૦ – ૮૦૦ | ૨૫૦ | ૧૮૭.૫૦ | ૬૨.૫૦ |
| ૬. | સોનોગ્રાફી | ૧૨૦૦ – ૧૮૦૦ | ૬૦૦ – ૯૦૦ | ૪૫૦ – ૬૭૫ | ૧૫૦ – ૨૨૫ |
| ૭. | ડોપ્લર | ૧૮૦૦ – ૨૦૦૦ | ૧૦૦૦ | ૭૫૦ | ૨૫૦ |
| ૮. | ટુ-ડી ઈકો | ૨૦૦૦ | ૮૦૦ | ૬૦૦ | ૨૦૦ |
| ૯. | ટી.એમ.ટી. | ૧૮૦૦ – ૨૦૦૦ | ૮૦૦ | ૬૦૦ | ૨૦૦ |

*બધા જ ‘ઘા’ની દવા છે, પણ કટુવાણીના ‘ઘા’ની કોઈ દવા નથી.*

| ક્રમ | વિભાગ અથવા આઈટમ | પ્રાઇવેટમાં ભાવ રૂપિયામાં | શ્રી ક.જૈ.સેવા સમાજે કોઈપણ વ્યક્તિ માટે નિયત કરેલ ભાવ | શ્રી ક.જૈ.સેવા સમાજ દ્વારા પોતાના સભ્ય પરિવારને અપાતું ૭૫ ટકા ડિસ્કા. | સભ્યે ભરવાની કિંમત |
|---|---|---|---|---|---|
| ૧૦. | મેમોગ્રાફી | ૨૦૦૦ – ૨૫૦૦ | ૧૦૦૦ | ૭૫૦ | ૨૫૦ |
| ૧૧. | ઈ.સી.જી. | ૩૦૦ – ૫૦૦ | ૧૨૦ | ૯૦ | ૩૦ |
| ૧૨. | ઓડિયોગ્રામ | ૮૦૦ | ૪૦૦ | ૩૦૦ | ૧૦૦ |
| ૧૩. | પી.એફ.ટી. | ૧૦૦૦ – ૧૨૦૦ | ૫૦૦ | ૩૭૫ | ૧૨૫ |
| ૧૪. | આયુર્વેદ / હોમિયોપેથ કન્સલ્ટન્ટ | ૨૦૦ – ૪૦૦ | ૪૦ | ૩૦ | ૧૦ |
| ૧૫. | ફિઝિયોથેરાપી | ૨૫૦ – ૩૦૦ | ૮૦ | ૬૦ | ૨૦ |
| ૧૬. | મોતિયાના ઑપરેશન | ૨૫૦૦૦-૪૦૦૦૦ | ૭૦૦૦-૨૪૦૦૦ | ૫૨૫૦-૧૮૦૦૦ | ૧૭૫૦-૬૦૦૦ |
| ૧૭. | કમ્પ્લીટ બોડી ચેક-અપ | ૮૦૦૦-૧૦૦૦૦ | ૬૫૦-૨૬૦૦ | ૪૮૭.૫૦-૧૯૫૦ | ૧૬૨.૫૦-૬૫૦ |
| ૧૮. | એન્ડોસ્કોપી | ૮૦૦૦-૧૦૦૦૦ | ૨૫૦૦ | ૧૮૭૫ | ૬૨૫ |
| | **બ્લડ ટેસ્ટ** | | | | |
| ૧૯. | સી.બી.સી. | ૩૦૦ – ૩૫૦ | ૧૨૦ | ૯૦ | ૩૦ |
| ૨૦. | આર.બી.એસ. | ૧૦૦ | ૫૦ | ૩૭.૫૦ | ૧૨.૫૦ |
| ૨૧. | એસ. લિપિડ પ્રોફાઈલ | ૭૫૦ | ૩૦૦ | ૨૨૫ | ૭૫ |
| ૨૨. | T3 T4 ટી.એસ.એચ. | ૫૦૦ | ૨૫૦ | ૧૮૭.૫૦ | ૬૨.૫૦ |
| ૨૩. | Vit. B12 | ૧૦૦૦ | ૪૦૦ | ૩૦૦ | ૧૦૦ |
| ૨૪. | Vit. D3 | ૧૫૦૦ | ૭૦૦ | ૫૨૫ | ૧૭૫ |
| ૨૫. | PSA | ૭૫૦ | ૩૦૦ | ૨૨૫ | ૭૫ |
| ૨૬. | HbA1C | ૫૦૦ | ૩૦૦ | ૨૨૫ | ૭૫ |
| ૨૭. | ક્રિએટીનાઈન | ૨૫૦ | ૧૨૦ | ૯૦ | ૩૦ |
| ૨૮. | યુરીન આર.એમ. | ૧૫૦ | ૫૦ | ૩૭.૫૦ | ૧૨.૫૦ |
| ૨૯. | HbA-2 | ૧૦૦૦ | ૫૦૦ | ૩૭૫ | ૧૨૫ |
| ૩૦. | કેલ્શિયમ | ૫૦૦ | ૨૨૦ | ૧૬૫ | ૫૫ |
| ૩૧. | FBS | ૧૦૦ | ૫૦ | ૩૭.૫૦ | ૧૨.૫૦ |
| ૩૨. | PPBS | ૧૦૦ | ૫૦ | ૩૭.૫૦ | ૧૨.૫૦ |

ઉપરોક્ત કોઠા પરથી આપણે સરખામણી કરી શકીએ છીએ કે મેડિકલ કન્સલ્ટન્સી, તેના પરીક્ષણ અને બ્લડ ટેસ્ટ વગેરેના ભાવ પ્રાઈવેટમાં લેવામાં આવે છે તેના કરતાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મેડિકલ સેન્ટરમાં કોઈ પણ જાહેર જનતા માટે ખૂબ જ ઓછા લેવામાં આવે છે.

*સુપાત્રને દાન આપવું, એ ધનની પ્રતિષ્ઠા છે.*

તદુપરાંત આ કમી કરેલ ભાવમાં પણ સમાજના સભ્ય પરિવારને ૭૫ ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવે છે કે જેના કારણે સમાજના સભ્યે તો ખૂબ જ ઓછી રકમ ભરવાની થાય છે અને તેના કારણે સમાજના કોઈ પણ સભ્યને અમદાવાદ જેવા શહેરમાં પણ ખૂબ જ સસ્તા દરે મેડિકલની સેવા પ્રાપ્ત થઈ શકે છે.

આ લેખ દ્વારા અહીંથી અમદાવાદ - ગાંધીનગર સ્થિત કોઈ પણ કચ્છી ઘટક સમાજને અપીલ કરવામાં આવે છે કે તેઓ વહેલી તકે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મેડિકલ સેન્ટરમાં જોડાઈ, પોતાના સભ્યને કિફાયતી દરની સેવાઓ તો અપાવી શકે પરંતુ સાથે સાથે જે તે સમાજ પણ પોતાના પરિવાર માટે ૭૫ ટકા ડિસ્કાઉન્ટ જાહેર કરે તો તે સમાજના દરેક પરિવારને ખૂબ જ સસ્તા દરની મેડિકલ સેવા પ્રાપ્ત થઈ શકે.

અત્રે આપણે એ વાતની નોંધ લઈએ કે ૧૦૦૦ પરિવાર ધરાવતો શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, તેના સભ્યોને જે ૭૫ ટકા ડિસ્કાઉન્ટ આપે છે તેનો હિસાબ કરતાં વાર્ષિક ખર્ચ રૂા. ૨૫ લાખ આવે છે.

જે તે સમાજે પોતાના પરિવારની સંખ્યા ગણતરીમાં લઇ પોતે ૭૫ ટકા ડિસ્કાઉન્ટ આપે તો તેને વાર્ષિક કેટલા રૂપિયાનો ખર્ચ થઈ શકે તેની ગણના કરી, તે રકમ સમાજના સુખી સંપન્ન પરિવારો પાસેથી ડોનેશન્સ સ્વરૂપે મેળવવા વિચારણા આદરી શકે.

આશા રાખવામાં આવે છે કે અમદાવાદ સ્થિત વધુને વધુ કચ્છી ઘટક સમાજો આ યોજનામાં જોડાઈ પોતાના સભ્ય પરિવારનો મેડિકલ સાઇડનો ખર્ચ ઘટાડી, પોતાના પરિવારને ચિંતામુક્ત કરી શકશે. ■


## શ્રી કચ્છી સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર "કચ્છશ્રુતિ"માં આપશ્રીના વ્યવસાયની શુભેચ્છા જાહેરાત

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ સ્થિત દરેક કચ્છી વ્યવસાયકારને તથા અન્યોને શ્રી કચ્છી સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર ''કચ્છશ્રુતિ''માં પોતાના વ્યવસાયની શુભેચ્છા જાહેરાત આપી, સમાજની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા અપીલ કરવામાં આવે છે.

**'કચ્છશ્રુતિ'માં પ્રસારિત કરવામાં આવી રહેલ જાહેરાતના દર નીચે મુજબ છે.**

| ક્રમ | વિગત | કલર | આખુ પાનું રૂા. | અડધું પાનું રૂા. | ૧/૪ પાનું રૂા. | અંદર બોટમ પટ્ટી |
|---|---|---|---|---|---|---|
| ૧. | અંકની અંદરનું પાનું | મલ્ટી કલર | ૫,૦૦૦/- | ૩,૦૦૦/- | ૨,૦૦૦/- | — |
| ૨. | અંદરનું સાદુ પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | ૨,૦૦૦/- | ૧,૫૦૦/- | ૧,૦૦૦/- | — |
| ૩. | અંદર બોટમ પટ્ટી ૭'' x ૧'' | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૫૦૦/- |

(૧) એક સાથે **૧૨** મહિનાની જાહેરાત આપનારને **૧૦ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.
(૨) એક સાથે **૦૬** મહિનાની જાહેરાત આપનારને **૭.૫ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.
(૩) એક સાથે **૦૩** મહિનાની જાહેરાત આપનારને **૫ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

**વિઝિટિંગ કાર્ડ સાઈઝ જાહેરાતની વિગત** — **જાહેરાતની સાઈઝ** : ૯૦ mm x ૬૦ mm ● **કલર** : મલ્ટી કલર

■ કવર પેઈજ નં.-૪ : રૂા. ૨૦,૦૦૦/- (વિઝિટિંગ કાર્ડ સાઈઝ)
■ કવર પેઈજ નં.-૩ : રૂા. ૧૫,૦૦૦/- (વિઝિટિંગ કાર્ડ સાઈઝ)
■ કવર પેઈજ નં.-૨ : રૂા. ૧૫,૦૦૦/- (વિઝિટિંગ કાર્ડ સાઈઝ)
■ અંદરનું પાનું : રૂા. ૧૦,૦૦૦/- (વિઝિટિંગ કાર્ડ સાઈઝ)

*ઉપરોક્ત જાહેરાતોમાંથી આપશ્રીને અનુકૂળ કોઈ પણ એક જાહેરાત બાર મહિના માટે મોકલી આપવા આપશ્રીને અપીલ કરવામાં આવે છે.*

**આપશ્રીના સહકારની અપેક્ષા સહ,**

**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદનું સભ્યપદ

*આથી અમદાવાદ સ્થિત દરેક કચ્છી પરિવારને શ્રી કચ્છી સમાજ - અમદાવાદનું સભ્યપદ મેળવી લેવા અપીલ કરવામાં આવે છે.*

***શ્રી કચ્છી સમાજ - અમદાવાદના વિવિધ પ્રકારના સભ્યપદના દર નીચે મુજબ છે :***

- *સામાન્ય સભ્ય : રૂા. ૨૫૦/-*
- *આજીવન સભ્ય : રૂા. ૧૦૦૦/-*
- *માનદ્ સભ્ય : રૂા. ૧૦,૦૦૦/-*
- *દાતા સભ્ય : રૂા. ૧,૦૦,૦૦૦/-*
- *પેટ્રન સભ્ય : રૂા. ૫,૦૦,૦૦૦/-*

*નોંધ : દરેક પ્રકારના સભ્ય જીવન પર્યંતના સભ્ય રહેશે. પરંતુ બંધારણ અનુસાર સામાન્ય સભ્યને અન્ય સભ્ય જેટલા હક્ક આપવામાં આવેલ નથી.*

*અમદાવાદ સ્થિત દરેક કચ્છી પરિવારને વહેલી તકે શ્રી કચ્છી સમાજ - અમદાવાદના સભ્ય બની જવા અપીલ કરવામાં આવે છે.*

**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

---

# "કચ્છશ્રુતિ"ના લવાજમ બાબતે

વિનંતી સાથે જણાવવાનું કે જે સભ્યોના 'કચ્છશ્રુતિ'ના લવાજમ પૂરા થઈ ગયેલ છે તેઓને ફોન દ્વારા તેમના લવાજમ ભરી જવા વિનંતી કરવામાં આવેલ હતી. પરંતુ હજુ સુધી કેટલાક સભ્યોએ પોતાના લવાજમ ભરેલ ની.

આથી આ માનવંતા સભ્યોને ફરી વિનંતી કરવામાં આવે છે કે તેઓ શક્ય ત્વરાએ પોતાના લવાજમની રકમ સંસ્થાના કાર્યાલય પર મોકલી આપે.

કચ્છશ્રુતિના લવાજમના દર નીચે મુજબ રાખવામાં આવેલ છે.

- *૨ વર્ષનું લવાજમ : રૂા. ૫૦૦/-*
- *૫ વર્ષનું લવાજમ : રૂા. ૧,૦૦૦/-*
- *૧૫ વર્ષનું લવાજમ : રૂા. ૧,૫૦૦/-*

ચેક - ડ્રાફ્ટ "શ્રી કચ્છી સમાજ - અમદાવાદ"ના નામનો મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

આપશ્રી ડાયરેક્ટ બેંકમાં પણ લવાજમની રકમ ભરાવી શકો છો. લવાજમ ભર્યાની રસીદ વોટ્સએપ દ્વારા અથવા પોસ્ટથી મોકલી આપવામાં આવશે તો તેઓના ખાતામાં તે રકમ જમા થઇ ગયાની પહોંચ ત્વરીતપણે મોકલી આપવામાં આવશે.

*શ્રી કચ્છી સમાજ - અમદાવાદના બેંક એકાઉન્ટની વિગત નીચે મુજબ છે :*

- **નામ / Name : શ્રી કચ્છી સમાજ – અમદાવાદ / Shri Kacchhi Samaj – Ahmedabad.**
- બેંક : ભારતીય સ્ટેટ બેંક, પાલડી, અમદાવાદ (૦૫૩૦૬).
- **Bank : State Bank of India, Paldi, Ahmedabad (05306).**
- **A/C No. : 10011315039 • IFS Code : SBIN0005306 SWIFT**

***આ સમાચાર વંચાણે લીધેથી તરતમાં લવાજમની રકમ મોકલી આપવા આપશ્રીને અપીલ કરવામાં આવે છે.***

**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

### અવસાન નોંધ

- **મંગળવાર, તા. ૧૦-૦૧-૨૦૨૩**
  **પરમાનંદ ભગવાનદાસ ભાટિયા** (ઉં.વ. ૮૦) (અમદાવાદ – માંડવી)નું આજ રોજ દુઃખદ અવસાન થયેલ છે.
- **ગુરુવાર, તા. ૧૨-૦૧-૨૦૨૩**
  **ખુશ શૈલેષભાઈ નાગડા** (ઉં.વ. ૨૯) (અમદાવાદ – નલિયા)નું આજ રોજ દુઃખદ અવસાન થયેલ છે.
- **શુક્રવાર, તા. ૧૩-૦૧-૨૦૨૩**
  **મગનલાલ મોતીચંદ સંઘવી** (ઉં.વ. ૯૩) (અમદાવાદ – મુંદ્રા)નું આજ રોજ દુઃખદ અવસાન થયેલ છે.
- **શનિવાર, તા. ૧૪-૦૧-૨૦૨૩**
  **ચંદ્રકાંતભાઈ કાલીદાસ આસર** (ઉં.વ. ૮૯) (અમદાવાદ – માંડવી)નું આજ રોજ દુઃખદ અવસાન થયેલ છે.
- **સોમવાર, તા. ૧૬-૦૧-૨૦૨૩**
  **મહેન્દ્ર ચતુરભુજ મર્ચન્ટ** (ઉં.વ. ૮૦) (અમદાવાદ – માંડવી)નું આજ રોજ દુઃખદ અવસાન થયેલ છે.
- **સોમવાર, તા. ૧૬-૦૧-૨૦૨૩**
  **ડૉ. હિંમતગીરી વીરગીરી ગોસ્વામી** (ઉં.વ. ૧૦૦) (અમદાવાદ – કોટડા ચકાર)નું આજ રોજ દુઃખદ અવસાન થયેલ છે.
- **મંગળવા, તા. ૧૭-૦૧-૨૦૨૩**
  **અ.સૌ. લક્ષ્મીબેન મૂલચંદભાઈ મોમાયા** (ઉં.વ. ૫૬) (અમદાવાદ – સાંયરા)નું આજ રોજ દુઃખદ અવસાન થયેલ છે.
- **મંગળવાર, તા. ૨૪-૦૧-૨૦૨૩**
  **માવજીભાઈ ખેતાભાઈ પટેલ** (અમદાવાદ – નેત્રા)નું આજ રોજ દુઃખદ અવસાન થયેલ છે.
- **શુક્રવાર, તા. ૨૭-૦૧-૨૦૨૩**
  **સંદીપ તલકશી ગોગરી** (ઉં.વ. ૫૬) (અમદાવાદ – કોડાય)નું આજ રોજ દુઃખદ અવસાન થયેલ છે.

*સદ્‌ગતશ્રીઓના આત્માને પ્રભુ શાંતિ અર્પે તેવી પ્રાર્થના.*

*માણસને ઓળખવો હોય તો ખાલી એટલું કહી દો કે હું તકલીફમાં છું.*


## ગુજરાતી આલ્ફાબેટમાં જીવનનો કક્કો

- **ક** ..... દી રીસાવું નહીં.
- **ખ** ..... રાબ લગાવવું નહીં.
- **ગ** ..... રમ મિજાજ રાખવો નહીં.
- **ઘ** ..... રને મંદિર બનાવી રાખવું.
- **ચ** ..... તુરાઈ બધે ના દાખવવી.
- **છ** ..... લ ક્યારે ન કરવું.
- **જ** ..... નમ સફળ કરવો.
- **ઝ** ..... ખના સારી વસ્તુની રાખવી.
- **ટ**...... કાટક રહેવું.
- **ઠ** ..... પકો મોટાનો સાંભળી લેવો.
- **ડ**...... ર ભગવાનનો રાખવો.
- **ઢ**...... ગલાબંધ કામમાં કંટાળો ના કરવો.
- **ત** ..... રફદારી સાચાની કરવી.
- **થ** ..... કાવટ મહસુસ ના કરો.
- **દ**...... રદને નજર અંદાજ કરો.
- **ધ** ..... રમમાં રૂચિ ધરાવો.
- **ન** ..... ફફટાઈ ક્યારેય ના કરવી.
- **પ**...... ક્ષપાત ના કરવો.
- **ફ** ..... સાવવું નહીં કોઈને.
- **બ** ..... મણું આપતા શીખો.
- **ભ**..... ગવાનનો પાડ માનો.
- **મ** ..... રજી મુજબ ના વર્તવું.
- **ય** ..... શ માટે ના જીવવું.
- **ર**...... સ્તા ખોટાં ના અપનાવવા.
- **લ** ..... ક્ષ્ય પાક્કું રાખવું.
- **વ** ..... ગર પૂછે જવાબ ના આપવો.
- **શ** ..... રમનું ઘરેણું પહેરી રાખવું.
- **સ** ..... રસ વાણી બોલવી.
- **ષ** ..... ડયંત્ર ના રચવું.
- **હ** ..... સતું મુખ રાખવું.
- **ળ**..... ફળ ની અપેક્ષા ન રાખવી.
- **ક્ષ**..... મા વીરસ્ય ભૂષણમ્.
- **જ્ઞ**..... જ્ઞાન વહેંચવાથી વધે.

*દૂરદર્શિતા, કુલીનતા, ઈન્દ્રિયનિગ્રહ, સ્વાધ્યાય, પરાક્રમ, મિતભાષણ, દાન અને કૃતજ્ઞતા – આ આઠ ગુણો મનુષ્યોને યશસ્વી બનાવે છે.*

# પ્રેરણાત્મક વિચારયાત્રા

## મણકો-૧૪ : બીજા સાથે હૃદયથી કામ લો



પ્રવીણચંદ્ર ઠક્કર

સફળતા એટલે માત્ર ધન, વૈભવ, શક્તિ કે અધિકાર નહીં. પણ વાસ્તવિક સફળતા એ છે કે તમે કેટલાનાં દિલ જીતી લીધાં. કેટલાનાં હૃદય ઉપર મનુષ્યત્વની અમીટ છાપ પાડી, કેટલાનો વિશ્વાસ જીતી લીધો. એટલે તમારી સાથે કામ કરનારા નાના કે મોટા માણસોને હૃદયથી ચાહો. તમારું મિથ્યાભિમાન છોડીને લાગણીશીલ બનો. બીજા પાસે તમે જેવા વર્તનની અપેક્ષા રાખો છો, તેવું વર્તન તમે બીજા માટે કરો. તમારા સાથીદારોના ઉત્તમ અને નાના મોટા ગુણોની પ્રશંસા કરો. તેમને પ્રેમ આપો. પ્રેમના વળતર રૂપે કંઈ માંગશો નહીં. તે કોઈ માનસિક ચેષ્ટા નથી. તે તો તમારી સમગ્રતાની ગતિ છે. સૌ માટે જો પ્રેમભાવ રાખશો તો તમે ટીમ વર્ક સરસ રીતે કરી શકશો. દરેકનાં દૃષ્ટિબિંદુ, શક્તિ - સામર્થ્યનો સરવાળો થતાં કામની ગુણવત્તા વધશે. ઇંગ્લેન્ડના મહાન લેખક એચ.જી. વેલ્સ બાળપણમાં ભણતાં ભણતાં એક સ્ટોરમાં ઝાડુ વાળતા, ૧૪ કલાક કારકૂનગીરી કરતા. આ નીરસ કામથી તેમને આપઘાત કરવાનો વિચાર આવ્યો. તેમના શિક્ષકને તેમણે પત્ર લખ્યો. શિક્ષકે તેમનામાં રહેલી અસાધારણ બુદ્ધિમત્તાની પ્રશંસા કરીને આગળ વધવા કહ્યું. પરિણામે વિશ્વને વેલ્સ મળ્યા.

તમારા વર્તુળની વ્યક્તિનાં નામ યાદ રાખો. લોકોની શુભેચ્છા મેળવવાનો સૌથી સહેલો અને છતાંય કિંમતી રસ્તો નામ યાદ રાખવાનો છે. યાદ રાખો કે દરેક માણસને પોતાના નામનો ઉચ્ચાર શબ્દકોશના બધા શબ્દો કરતાં વધારે મીઠો લાગે છે. લોકો સામે સ્મિત કરો, હસો. કહેવત છે : 'સ્મિત વિનાના વેપારીએ કદી દુકાન ખોલવી નહીં' કે 'હાસ્ય ગરીબ બનાવ્યા વિના આપનાર અને લેનારને શ્રીમંત બનાવે છે.' હાસ્ય શરીરમાંથી એન્ડ્રોફિન્સ નામનું રસાયણ છૂટું પાડે છે, જે તાજગીને જન્મ આપે છે. 'સેટરડે રીવ્યુ'ના તંત્રી નોર્મન કઝીન્સના મગજના ચેતાતંત્રમાં ભયજનક અસર થયેલી, પણ હળવા અને હાસ્યપ્રધાન સાહિત્યના વાંચનને કારણે તેઓ બીજાં પંદર વર્ષ સારી રીતે જીવી શક્યા. હાસ્ય છાતી અને પેટને જુદા પાડતા સ્નાયુઓમાંથી ઉદ્ભવે છે. તેથી હાસ્ય યકૃત (લીવર), આમાશય (જઠર) અને શરીરના બીજા અવયવોને તીવ્ર ગતિથી આંદોલિત કરે છે. ડૉ. ગ્રીનના મતે આમાશય ગતિશીલ બનવાથી પાચનક્રિયા ઝડપી થાય છે, આંખમાં ચમક આવે છે. હાસ્ય એક લોહચુંબક છે. તેનાથી તમારું સંબંધવર્તુળ વિસ્તરે છે. યાદ રાખો કે ગણતરીપૂર્વક ક્યારેય ન હસો. મજાક માટે કે બીજાના અહંને તોડવા ન હસો. **નાનું બાળક દિવસમાં ત્રણસો વખત હસે છે, જ્યારે પુખ્ત વ્યક્તિ સત્તર વખત.** આનંદ અને આરોગ્ય માટે હસીએ અને બીજાંને હસાવીએ. લિંકન પોતાના ટેબલના ખાનામાં હાસ્યનાં કેટલાંક પુસ્તકો રાખતા અને રાત્રે નિયમિત વાંચતા.

મિત્રોને, સંબંધીઓને કોઈ કારણ વગર, સ્વાર્થ વિના ક્યારેક ક્યારેક ફોન કરતા રહીએ. ફોન ઉપર 'હલો' એવી રીતે બોલીએ કે સામી વ્યક્તિને વાત કરવામાં આનંદ આવે. સાથીદારોને એક નાનકડો પોસ્ટકાર્ડ લખતા રહો. આવા ઉપક્રમો દ્વારા ભાવસ્પંદનોનું સર્જન થાય છે. ભાવનગરની એક્સેલ ઇન્ડસ્ટ્રીઝમાં દરેક કર્મચારીનો જન્મદિવસ હોય ત્યારે પ્રવેશદ્વાર પાસેના બ્લેકબોર્ડમાં તેનું નામ લખીને અભિનંદન અપાય છે. મેનેજર તે દિવસે કર્મચારીને પોતાની કેબિનમાં બોલાવીને શુભેચ્છા આપે છે, નાનકડી ભેટ આપે છે. આવા સામાન્ય છતાં કિંમતી ઉપક્રમના કારણે કર્મચારીને કંપની પોતાની લાગે છે. ૧૯૨૬માં ગાંધીજી પંજાબથી ગુજરાત જતા હતાં ત્યારે દિલ્હીના રેલવે પ્લેટફોર્મ ઉપર શ્રી ઘનશ્યામદાસ બિરલા ગાંધીજીને કહે છે, 'એક બાઈ મૃત્યુશય્યા પર બેઠી બેઠી આપને યાદ કરે છે તો તેને મળવા આવશો?' ગાંધીજી તેમનો કાર્યક્રમ રદ કરીને ખુલ્લી ફોર્ડ ગાડીમાં જઇને બાઈને મળે છે અને સાંત્વના આપે છે. આ જગતમાંથી વ્યક્તિએ એક જ વાર પસાર થવાનું છે, તો આપણે પ્રેમનું પ્રસરણ આજે જ શા માટે ન કરીએ?

અવકાશમાં રોકેટ છોડીને ભારતને વિશ્વના નકશામાં મૂકવા માટે થુમ્બા રોકેટ લોન્ચિંગ સ્ટેશનમાં વૈજ્ઞાનિકો રાત દિવસ પરિશ્રમ કરી રહ્યા હતા. દરરોજ સૌ પંદર કલાક કામ કરતા. એક દિવસ એક વૈજ્ઞાનિકે તેમના વડા વૈજ્ઞાનિકને વિનંતી કરી, 'આજે મારાં બાળકોને શહેરમાં આયોજિત ભવ્ય વિજ્ઞાન પ્રદર્શન જોવા લઇ જવાં છે. તે માટે સાંજે સાડા પાંચ વાગે હું જઈ શકું?' વડાએ સંમતિ આપી. ઘડિયાળમાં સાંજના સાડા પાંચ વાગી ગયા પણ પેલા વૈજ્ઞાનિક તો કામમાં મશગૂલ હતા. રાત્રે આઠ વાગ્યા ત્યારે તેમને યાદ આવ્યું કે મારે તો મારાં બાળકોને લઇને પ્રદર્શનમાં જવાનું હતું. તે ઝડપથી પ્રયોગશાળાની બહાર આવ્યા, ગાડી લઇને ઘેર પહોંચ્યા. ઘેર તેમનાં પત્ની એકલાં બેઠા હતા. તેમણે પૂછ્યું, 'પહેલા કૉફી પીશો કે પછી જમી લેશો?' વૈજ્ઞાનિક કહે, 'પણ આપણાં બાળકો ક્યાં છે?' પત્નીએ જવાબ આપ્યો, 'તેમને તો સાંજે સાડા પાંચ વાગે તમારા સાહેબ પ્રદર્શન જોવા માટે લઈ ગયા છે!' આ સાહેબ, તે આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ. રાષ્ટ્રના કામમાં ખલેલ પાડવાની નથી અને તેમ છતાં બાળકોને ન્યાય આપવાનો છે. ■

# ભારતના ક્રાંતિકારીઓની ક્રાંતિ કથા

## ચરણ-૧૫ : રામસિંહ કુકા – રાષ્ટ્રભક્ત ધર્મગુરુ



પારસ દવે - નડિયાદ

દેશનો કોઈ ખૂણો આઝાદીની સફર માટે બલિદાન કરવા પાછળ પડ્યો નથી. દેશને અંગ્રેજોના સકંજામાંથી મુક્ત કરવાનો એકમાત્ર સંકલ્પ લઈને શહીદીને વરનારા અનામી જવાં મરદો વિશે જાણ્યા બાદ ભારતવાસી હોવાના ગૌરવથી મસ્તક ઉન્નત થઈ જાય છે. પંજાબ, એ ક્રાંતિકારીઓની ભૂમિ છે. જેમાં અનેક રાષ્ટ્રવીરો થઈ ગયા. એમાંના એક રામસિંહ કુકા વિશે આજે આપણે વાત કરીશું.

૩ ફેબ્રુઆરી ૧૮૧૬ની વાત છે. વસંત પંચમીનો પવિત્ર તહેવાર હતો. લુધિયાણા જિલ્લામાં ભયની નામનો એક નાનકડું ગામ છે. આ ગામમાં જસ્સાસિંહ નામના સજ્જન રહેતા હતા. તે અતિ પ્રસન્ન હતા કેમકે વસંત પંચમીના શુભ દિને તેમને ત્યાં પુત્ર રત્નનો જન્મ થયો હતો. મા સદન કૌર પોતાના પુત્રને જોઈને ભાવવિભોર થઈ ગઈ હતી. કોઈને ખબર નહોતી કે આ પુત્ર રામસિંહ કુકાના નામે દેશ કાજે પોતાનું સર્વસ્વ અર્પણ કરશે. જસ્સાસિંહ હંમેશાં બીજાની મદદ કરવા તૈયાર રહેતા હતા. માતા સદન કૌર ધાર્મિક વૃત્તિવાળા હતા. ઈશ્વરમાં તેમને અપાર શ્રદ્ધા હતી. પોતાના પુત્રમાં પણ ધાર્મિક ગુણો ઉતરે એવું ઈચ્છતા હતા. તે પોતાના પુત્રને ઈતિહાસના અમર થઈ ગયેલા પાત્રો વિશે વાર્તાઓ કહેતા. તે વાર્તાઓ રામસિંહ એકાગ્ર ચિત્તે સાંભળતા અને માતા એ જોઈને રાજી થતા. રામસિંહ નવ વર્ષના થયા ત્યારે તેમનામાં બાળસહજ વિસ્મય તો હતું જ, સાથે સમજદારીની લાગણી પણ વણાયેલી હતી. રામસિંહનો નાનો ભાઈ બુધાસિંહ હતો. તે રામસિંહ કરતા ચાર વર્ષ નાનો હતો. જેની સંભાળ રામસિંહ ખૂબ સારી રીતે લેતા.

રામસિંહનું વ્યક્તિત્વ એટલું આકર્ષક હતું કે બાલ ગોપાલ સૌ તેને ચાહતા હતા. તેની સાથે વાતો કરવાની દરેકને મજા પડતી. તેની પ્રતિભા દિન પ્રતિદિન વધી રહી હતી. તે જ્ઞાની છે તેની જાણ ગામલોકોને થઈ ગઈ હતી.

તેની પ્રતિભા જોઈને માતા-પિતાને પણ ખ્યાલ આવી ગયો હતો કે રામસિંહ એ સહજ વ્યક્તિત્વ નથી પરંતુ દિવ્ય કામોના અર્થે આવેલ મહાપુરુષ છે. એવામાં એમના મામા કાબુલસિંહ પધાર્યા. કાબુલસિંહે મહારાજા રણજીતસિંહની સેનામાં જોડાવાનો પ્રસ્તાવ મૂક્યો, જે રામસિંહે સહજ સ્વીકાર્યો. રાજા રણજીતસિંહ ખૂબ તેજસ્વી અને લોકોના હૃદયમાં સ્થાન ધરાવનારા હતા. પરંતુ ૧૮૩૯ના અરસામાં મહારાજા રણજીતસિંહનું નિધન થયું. મહારાજાની વિદાય સાથે બેશર્મીનો પ્રવેશ થયો. રણજીતસિંહના પુત્રો અને કેટલાક મંત્રીઓ વચ્ચે ઝઘડાઓ થયા. વિશ્વાસઘાતી લોકોને અંગ્રેજોએ વિશ્વાસમાં લીધા. આ બધું જ ષડયંત્ર વ્યવસ્થિત રીતે ગોઠવાતું હતું. રણજીતસિંહના રાજ્ય ઉપર કબજો મેળવવા અંગ્રેજો તલપાપડ થઈ રહ્યા હતા. ૧૮૪૫નો સમય હતો અને અંગ્રેજોએ લાહોર પર હુમલો કરી કબજે કરી લીધું.

અંગ્રેજોનો કુપ્રભાવ સતત વધી રહ્યો હતો. અંગ્રેજો કેવળ સામ્રાજ્ય વિસ્તારની પ્રવૃત્તિ નહોતા કરતા પણ પોતાના ધર્મનો ધર્મ પ્રચારકો દ્વારા વિસ્તાર પણ કરાવી રહ્યા હતા. આ લોકો અવારનવાર જેલોમાં જઈને ધર્મની દીક્ષા આપતા હતા. અંગ્રેજોની જીવનશૈલીથી કેટલાક લોકો પ્રભાવિત થયા હતા. તેમનો ગોરો વાન, રંગબેરંગી વસ્ત્રો, મોજીલું જીવન, તેમની ખાનપાનની પદ્ધતિ અને અંગ્રેજી ભાષાના પ્રભાવમાં આવવાની લોકોની શરૂઆત થઈ ગઈ હતી. અંગ્રેજો દેશનું ભલું કરવા આવ્યા છે તેવી ગ્રંથિમાં કેટલાક નાદાન લોકો કેદ થઈ ગયા હતા. રૂઢીચુસ્ત હિંદુઓમાં ઘણાને લાગવા માંડ્યું હતું કે અંગ્રેજો દેશને બરબાદ કરી નાખશે અને ઘરે ઘરે માંસાહારની બદી પ્રસરી જશે. પણ આવું માનનારામાંથી કેટલાક છૂપી રીતે માંસ ખાવા મંડ્યા હતા અને અંગ્રેજી ભાષા શીખનારા પણ વધવા માંડ્યા હતા. રામસિંહની જાણમાં આ બધું આવતાં તેમનું હૃદય ધ્રુજી ગયું હતું. એમનામાં કંઈક નવું કરવાની હિલચાલનો આરંભ થઈ ચૂક્યો હતો. હંમેશાં શ્વેત વસ્ત્રોમાં જ જોવા મળતા રામસિંહ જનતા માટે સદ્‌ગુરુ રામસિંહ બની ગયા હતા. આવા પોતાના અનુયાયીઓને વિશ્વાસમાં લઈને રામસિંહે સંપ્રદાયની સ્થાપના કરી દીધી. જે 'કૂકા સંપ્રદાય' તરીકે ઓળખાવા લાગ્યો. તેને નામધારી સંપ્રદાય પણ કહે છે.

રામસિંહે મહારાષ્ટ્રના સંત રામદાસ સાથે મુલાકાત કરી. એમણે રામસિંહને દેશની રાજકીય પરિસ્થિતિમાં બદલાવ લાવવાની પોતાની લાગણી વ્યક્ત કરી. તેમજ રામસિંહનો પ્રભાવ જોઈને રામદાસજીએ કહેલું કે આપ ચોક્કસ એ કરી શકશો. રામસિંહે પણ આ વાતને ગંભીરતાથી લીધી અને કેટલાક યુવાનોનું જૂથ બનાવ્યું કે જેમનામાં વતન માટે અને માતૃભૂમિ

માટે બેસુમાર પ્રેમ હોય, જાન આપવાને તત્પર હોય એવા જુસ્સાવાન યુવાનો લેવામાં આવ્યા. આ જુથમાં જોડાનાર ખૂબ ચારિત્રવાન હોય એ પહેલી શરત હતી. રામસિંહની ચળવળ ચોક્કસ ધ્યેય તરફ આગેકદમ કરી રહી હતી. દેશની આઝાદીનું મહત્ત્વ નાના બાળકો પણ સમજી ચૂક્યા હતા.

રામસિંહ કુકાએ અંગ્રેજો વિરુદ્ધ સભાઓ અને ભાષણો કરવા માંડ્યા. અંગ્રેજોએ રામસિંહના પ્રવાસો ઉપર રોક મૂકી. તેથી રામસિંહે અંગ્રેજોની વસ્તુઓ અને રેલવે સુધીની વપરાશ ઉપર મર્યાદા લાવવાની વાત કરી. વધુમાં આ કુકા સંપ્રદાયના અનુયાયીઓ આ બાબતને ધ્યાનમાં રાખીને કાશ્મીર અને નેપાળની મુલાકાત પણ કરી આવ્યા. ત્યાં પણ એમને હકારાત્મક સહકાર પ્રાપ્ત થયો. આટલેથી ન અટકતા રામસિંહના અનુયાયીઓ છેક રશિયા સુધી પહોંચ્યા કેમકે રામસિંહ જાણતા હતા કે રશિયામાં ભારત માટે પ્રેમની લાગણી છે. આમ, ધીરે ધીરે રામસિંહનું નામ દેશની બહાર પણ ગુંજવા લાગ્યું. આઝાદીના હેતુ માટે વિદેશ જનાર આ પ્રથમ સંસ્થા હતી. વિદેશની સંસ્થાઓ સાથે પત્રવ્યવહારના આજે પણ પુરાવા ઉપલબ્ધ છે. સંપ્રદાયના અનુયાયીઓ કૂદકે ને ભૂસકે વધી રહ્યા હતા. ૧૮૭૧માં ૪,૩૦,૦૦૦ અનુયાયીઓ કામ કરી રહ્યા હતા, જે અંગ્રેજોને ભય પમાડનાર આંકડો હતો.

ગુરુ રામસિંહ ગાય સંરક્ષણ, સ્વદેશી, સ્ત્રી મુક્તિ, આંતરજ્ઞાતિય લગ્ન, સમૂહ લગ્ન વગેરે પર ઘણો ભાર મૂકતા હતા. તેમણે સૌપ્રથમ બ્રિટીશ શાસનનો બહિષ્કાર કરીને તેમની સ્વતંત્ર ટપાલ અને વહીવટી વ્યવસ્થા શરૂ કરી. ભાણી ગામમાં દર વર્ષે મકર સંક્રાંતિના દિવસે મેળો ભરાય છે. ૧૮૭૨માં આ મેળામાં ગૌહત્યા બાબતે કોમી એખલાસ ડહોળાયું. નામધારી કે કુકા સંપ્રદાયના કેટલાક વ્યક્તિઓને માર મરાયો અને ગાયની કતલ કરી એમના મોંમાં ગૌમાંસ ભરી દીધું. આ સાંભળીને ગુરુ રામસિંહના શિષ્યો ગુસ્સે થઈ ગયા. તેઓએ તે ગામ પર હુમલો કર્યો, પરંતુ અંગ્રેજ સૈન્ય બીજી બાજુથી આવ્યું. આથી યુદ્ધનો દોર વધ્યો.

આ સંઘર્ષમાં ઘણા કુકા નાયકો શહીદ થયા અને ૬૮ પકડાયા. જેમાંથી ૫૦ને ૧૭ જાન્યુઆરી, ૧૮૭૨ના રોજ માલેરકોટલા ખાતે તોપની સામે ઉભા રાખીને ઉડાવી દેવામાં આવ્યા હતા. બાકીના ૧૮ને બીજા દિવસે ફાંસી આપવામાં આવી હતી. બે દિવસ પછી ગુરુ રામસિંહ પણ પકડાઈ ગયા અને બર્માની માંડલે જેલમાં મોકલવામાં આવ્યા.

સતગુરુ રામસિંહ એક મહાન સુધારક અને નેતા હતા. જેમણે સમાજમાં પુરુષો અને સ્ત્રીઓની સંપૂર્ણ એકતાનો ઉપદેશ આપ્યો હતો અને તેમના પ્રચારમાં સફળ પણ રહ્યા હતા. કારણકે ૧૯મી સદીમાં, છોકરીઓના જન્મની સાથે જ તેમની હત્યા કરવામાં આવતી હતી, વેચવામાં આવતી હતી અને શિક્ષિત કરવામાં આવતી હતી. વંચિત રાખવા જેવા સામાજિક દૂષણો પ્રચલિત હતા. રામસિંહ અંગ્રેજોના શાસનનો સખત વિરોધ કરતા હતા અને તેમણે તેમની સામે અસહકારની તીવ્ર ચળવળ શરૂ કરી હતી. તેમની આગેવાની હેઠળ લોકોએ અંગ્રેજી શિક્ષણ, મિલ દ્વારા બનાવેલા કાપડ અને અન્ય આયાતી માલનો બહિષ્કાર કર્યો. કુકા અથવા નામધારી ચળવળે સમય સાથે વેગ પકડ્યો અને અંગ્રેજોએ હિંસક પ્રતિક્રિયા આપી. ઘણા કુકા સ્વાતંત્ર્ય સેનાનીઓને મારી નાખ્યા. રામસિંહને તરત રંગૂન મોકલી દેવામાં આવ્યા. બાદમાં તેમને આજીવન કેદ હેઠળ આંદામાન મોકલવામાં આવ્યા હતા. ૨૯ નવેમ્બર, ૧૮૮૫ના રોજ તેમનું અવસાન થયું. ■

---

## રેડિયો નવી રીતે લોકોને જોડે છે

**(અનુસંધાન : પાના નં. – ૨૭ ઉપરથી ચાલુ)**

ગુણવત્તા સાથે ભારતમાં પણ સંભળાય છે. ૭

૭૦ના દશકમાં ટેલિવિઝન આવવાથી રેડિયો ક્યાંક ખોવાઈ ગયો. પણ પછીથી રેડિયો વધુ આધુનિક અને શ્રેષ્ઠ થઈને ફરીથી બધાની સામે આવી ગયો. રેડિયોના શ્રોતા વર્ગમાં ઘટાડો થવાને બદલે લોકો વધુને વધુ જોડાતા ગયા. આની વચ્ચે જ એ.એમ. ચેનલ આવી અને બહુ પ્રભાવિત કરી શકી નહીં. પછી ૨૩ જુલાઈ ૧૯૭૭માં ચેન્નાઈમાં એફ.એમ. ચેનલ આવી અને તેના અવાજની ઉચ્ચ ગુણવત્તા અને કાર્યક્રમની વિવિધતા લોકોને ખૂબ પસંદ આવી.

આમ, સમય બદલાતાની સાથે લોકો પણ બદલાયા છે, રેડિયો પણ બદલાયા છે. પહેલા લોકો ગોળ બટન ફેરવીને રેડિયો સાંભળતા હતા. પણ હવે લોકો સવારે ઉઠીને મોબાઈલમાં એફ.એમ. ચાલુ કરે છે. અમીન સયાનીએ રેડિયો વિવિધ ભારતીને 'બીનાકા ગીતમાલા' દ્વારા લોકપ્રિય બનાવ્યું હતું. ભુજ કચ્છનું એફ.એમ. અને આકાશવાણી - ભુજ પ્રખ્યાત છે. ભુજના ધરતીકંપ વખતે અને દરેક યુધ્ધ વખતે રેડિયોએ સારી અને લોકપ્રિય કામગીરી કરી હતી, જે કદી પણ ભૂલાય તેમ નથી. આથી આજે ખાસ રેડિયો સાંભળજો અને સંભળાવજો તેવી એક રેડિયોપ્રેમી તરીકેની મારી અપીલ છે.

*સંદર્ભ : વીકિપીડિયા અને વિવિધ અખબારી અહેવાલો.*

***"પરમેશ્વરી", પ્લોટ નં.-૧૬૫,***
***વિજયનગર એરીયા, હોસ્પિટલ રોડ,***
***ખાવડા મેસુક ઘરની સામે, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.***
***મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫***

# ગાંધીજીની સ્મૃતિ સાચવતાં કચ્છનાં સ્થાનકો – (૨)



સંજય પી. ઠાકર

*રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ ૧૯૨૫માં કચ્છનો વ્યાપક પ્રવાસ કર્યો હતો. તે પછી કચ્છી પ્રજાકીય પરિષદની સ્થાપના થઈ હતી. કચ્છમાં ગાંધીજીની સ્મૃતિ સાચવતાં સ્થાનોમાં ગાંધીધામ શહેર અને તાલુકો, 'કચ્છનો રાજઘાટ' કહેવાતી આદિપુર ખાતેની ગાંધી સમાધિ, કોટડી મહાદેવપુરી મધ્યે અનોખું ગાંધી મંદિર, ગાંધીજીની યાદમાં સ્થપાયેલા ગાંધીગ્રામ (માંડવી) અને ગાંધીનું ગામ (ભુજ) નામના ગામ, વંદે માતરમ મેમોરીયલ (ભુજોડી)ની ગાંધી ગેલેરી અને ઉત્તુંગ પ્રતિમા, ભુજ, ગાંધીધામ અને અંજાર શહેરની ગાંધી પ્રતિમાઓ તથા ગાંધીજીના નામ સાથે જોડાયેલી અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ રાષ્ટ્રનાયકનું પુણ્ય સ્મરણ કરાવે છે!*

કચ્છ જિલ્લામાં મહાત્મા ગાંધીજીની પુણ્ય સ્મૃતિ સાચવતાં અનેક સ્થાનકો આવેલા છે જે ગાંધીજીના અમર સ્મારકો બની રહ્યા છે તેમ, કચ્છ માટે તે અણમોલ વિરાસત તરીકે પણ ગણાયા છે. આપણે ગત અંકમાં ગાંધીજીના કચ્છ પ્રવાસ, ગાંધીધામ શહેર અને તાલુકા અને ગાંધી સમાધિ વિશે વાત કરી ગયા છીએ. એ વિષયમાં આગળ વધતાં બીજા લેખાંકમાં કચ્છ સાથે સંકળાયેલા, રાષ્ટ્રપિતા ગાંધીજીની પુનિત યાદ સમા વધુ કેટલાક સ્થાનકો વિશે આલેખન કર્યું છે. ટુરિઝમની ગાંધી સર્કિટમાં સમાવિષ્ટ થઈ શકે એવું મહત્ત્વ આ સ્થાનકો - સ્મારકો ધરાવે છે.



ગાંધી મંદિર – કોટડી (મહાદેવપુરી)

- **ગાંધી મંદિર – કોટડી (મહાદેવપુરી)**

ગાંધીજીનો જન્મ પોરબંદરમાં થયો હતો તે જાણીતી બાબત છે. તેમના જન્મ સ્થળને કીર્તિમંદિર તરીકે સ્મારકમાં ફેરવાયું છે અને તે ગાંધી સ્મૃતિ સાંકળતું મહત્ત્વનું સ્થાનક છે. એવું જ અનોખું ગાંધી મંદિર કચ્છના માંડવી તાલુકાના કોટડી મહાદેવપુરી ગામે આવેલું છે! કોટડી મહાદેવપુરી ગામના ગોવિંદજી માવજી ઠક્કર નામના લોહાણા ગૃહસ્થ ગાંધીબાપુના ચુસ્ત અનુયાયી હતા. તેઓ ગાંધીજીની રચનાત્મક પ્રવૃત્તિઓમાં જોડાયેલા હતા. ગોવિંદજીભાઈ અને એમના ધર્મપત્ની ન માત્ર ખાદીધારી બન્યા હતા પણ એમના વિચારનો પ્રસાર - પ્રચાર પણ કર્યો હતો. ૩૦મી જાન્યુઆરી ૧૯૪૮ના ઢળતી સાંજે જ્યારે એમને ગાંધીજીની હત્યાના સમાચાર મળ્યા. તેથી તેઓ શોકમાં ગરકાવ થઈ ગયા હતા. એમણે તે વખતે જ પોતાના ગામમાં ગાંધીજીનું મંદિર બનાવી કાયમી સ્મૃતિ જાળવવા સંકલ્પ કર્યો હતો. ગામના મુસ્લિમ કડિયા ઓસમાણભાઈએ ગાંધીમૂર્તિ બનાવી આપી અને આકાર પામ્યું દેશનું અદ્વિતીય ગાંધીમંદિર! કોટડીનું ગાંધી મંદિર છે તો દેરી જેવડું નાનું પણ તેનું મહાત્મ્ય અનેરું છે. ઊંચા પડથાર પર પૂર્ણ કદની ગાંધીજીની મૂર્તિ સ્થાપિત કરાઈ છે. મંદિરના ઘુમ્મટ પર બે બાજુ ત્રિરંગા ધ્વજ, ત્રિમૂર્તિ સિંહાકૃતિવાળી રાષ્ટ્રમુદ્રા અને રેંટિયાને કંડારવામાં આવેલ છે. આ સ્થળ ગાંધીવાદીઓ માટે પવિત્ર સ્થાન અને શ્રદ્ધાકેન્દ્ર બની રહ્યું છે.

- **ગાંધીગ્રામ, તા. માંડવી**

ગાંધી સ્મૃતિ સાચવતું માંડવી તાલુકાનું ગાંધીગ્રામ ભુજથી ૬૫ કિ.મી. અને માંડવીથી ૨૫ કિ.મી.ના અંતરે આવેલું

રળિયામણું ગામ છે (ગાંધીગ્રામ નામે એક નગર અમદાવાદ જિલ્લામાં છે. રાજકોટમાં તે નામે એક વિસ્તાર છે અને તામિલનાડુ રાજ્યના ડિન્ડીગુલ જિલ્લામાં પણ એક નગર આવેલું છે.) ગામનો આછેરો ઇતિહાસ જોઈએ તો, આ ગામના મોટાભાગના લોકો રત્નાપરથી આવેલાં છે. રત્નાપરમાં કનડગતથી ત્રાસીને અહીં ખૈયાખાડ રખાલ તરીકે ઓળખાતા વિસ્તારમાં આવેલા ૨૮ પરિવારોએ રાજડા ટેકરીના મહંતશ્રી મિસરીનાથ બાપુના હસ્તે ગામનું તોરણ બંધાવ્યું. ૨૮ પરિવારો પૈકી ૨૬ સનાતન પાટીદાર સમાજના કુટુંબ હતા. આઝાદી પહેલાંની વાત છે કે જ્યારે ગામનું તોરણ બંધાયું ત્યારે મિસરીનાથજીએ રવેચી માતાજીના નામ પરથી ગામને નામ આપ્યું રવાપર. દેશની આઝાદી પછી રાષ્ટ્ર ઉપર મહાત્મા ગાંધીજીનો પ્રભાવ હતો. તે વખતના કલેક્ટર તુલસીદાસ મૂળજી (ટી.એમ.) શેઠ અને અગ્રણી લોકસેવક ઝુમખલાલ મહેતાનો આ ગામને સહયોગ સાંપડ્યો અને તેમણે ગામનું નૂતન નામકરણ કર્યું ગાંધીગ્રામ! ગાંધીગ્રામનું નવસ્થાપન થયું ૧લી ડિસેમ્બર, ૧૯૫૪ના. ૧૯૫૯માં ગ્રામ પંચાયતની રચના કરવામાં આવી હતી. પ્રથમ સરપંચ બનવાનું માન પ્રેમજી વિશ્રામ ચૌધરીને મળ્યું હતું. દુષ્કાળ પરિસ્થિતિને લીધે ગાંધીગ્રામમાં પરિવારોની આવન-જાવન ચાલુ રહેવા પામેલ હતી. રાજડા ડેમ છે તે ગાંધીગ્રામની સીમમાં આવેલો છે. નવરાત્રિ વખતે નાટકો ભજવાતા તે ઘણાં વડીલોને યાદ છે. વોટર સપ્લાય યોજના ૧૯૮૦, વીજ સુવિધા ૧૯૮૧, સમાજવાડી ૧૯૮૬માં થઈ. શ્રી લક્ષ્મીનારાયણ મંદિરની પ્રાણપ્રતિષ્ઠા ૩૦મી ઓગસ્ટ, ૧૯૯૧ના થઇ છે. ભગવતી સાગર ડેમ ૧૯૯૩માં અને લોકશક્તિ ડેમ ૧૯૯૯માં બંધાયો. પ્રાથમિક શાળાની સુવિધા ૧૯૫૯માં નસીબ થઈ. ૨૦૦૧ના ભૂકંપ પછી શાળા સંકુલનું નિર્માણ બીએપીએસ સંસ્થાએ કરી આપ્યું છે. માંડવી તાલુકામાં પ્રથમ ડ્રીપ ઈરીગેશન ગાંધીગ્રામમાં વી.આર.ટી.આઈ.ના સહયોગથી ૧૯૯૨માં સાકાર થઈ. અહીંના પાટીદાર કુટુંબો ધંધાર્થે મુંબઈ, પૂના, નાસિક, સુરત, મોરબી, ગાંધીધામ, મુંદ્રા વસવાટ કરે છે. ૨૦૧૧ની વસતી ગણતરી મુજબ અહીં ૭૯ પરિવારોમાં ૪૨૦ની જનસંખઅયા છે. સાક્ષરતા દર ૮૧.૦૨ ટકા નોંધાયો છે.



ગાંધી પ્રતિમા - અંજાર

- **ગાંધીનું ગામ : લુડિયા**

ભુજ તાલુકાના સરહદી ગામ ખાવડા પાસે લુડિયા નજીક 'ગાંધીનું ગામ' નોંધપાત્ર છે. તે ભુજથી ૭૧ કિ.મી. દૂર અને ટેન્ટ સિટી ધોરડોથી ૨૭ કિ.મી.ના અંતરે આવેલું છે. ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના ભીષણ ભૂકંપ પછી લુડિયા ગામવાસીઓનું પુનઃવસન કરવામાં આવ્યું. આ પુનઃનિર્માણ માનવ સાધના, ગાંધી આશ્રમ, અમદાવાદના સહયોગથી થયું છે અને ૪થી જૂન ૨૦૦૧ના તત્કાલીન વડાપ્રધાન અટલબિહારી વાજપેયીના વરદ્ હસ્તે તેનું ઉદ્‌ઘાટન સંપન્ન થયું છે. વિનાશક ધરતીકંપ પછી પુનઃનિર્માણની પ્રક્રિયા સમગ્ર કચ્છમાં શરૂ થઈ તેમાં સરકારી સંસ્થાઓ, સ્વૈચ્છિક સંગઠનો, સ્થાનિક સમુદાયો સહિત વિવિધ હિસ્સેદારોએ કચ્છના ગામોના પુનઃવસન માટે સહિયારું કામ કર્યું. આ રીતે સામૂહિક પ્રયાસો અને દઢતાએ લુડિયાના નવસંસ્કરણ સમા ગાંધીનું ગામ નામના વર્તમાન આદર્શ ગામને જન્મ આપ્યો. હવે ગામમાં ૪૫૫ રહેણાંક એકમો, એક શાળા અને અન્ય તમામ મહત્ત્વપૂર્ણ સુવિધાઓ છે. ગાંધીનું ગામ પરંપરાગત કસબ - હસ્તકલા માટે પંકાયેલું છે. ચિત્તાકર્ષક હસ્તકલા અને કરાંગુલીઓના કસબથી સર્જાયેલા રંગબેરંગી કલાસૃષ્ટિને અભિવ્યક્ત કરતા ગાંધીના ગામ પછવાડે વિનાશની કરુણ કથા અને પુનરૂત્થાનની પ્રેરણાદાયી વાર્તા સંકળાયેલી છે. આ ગામના મહિલા કારીગર ખેતાબેન દેસર ધુઆને ૧૯૯૭માં ભારતીય ટપાલ ટિકિટ પર પણ સ્થાન મળ્યું છે. આજે ગાંધીનું ગામ કલા સંસ્કૃતિનું ધામ અને પ્રવાસનનું મથક બની ચૂક્યું છે.

- **વંદે માતરમ સ્મારક : ભુજોડી**

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના સંઘર્ષને હૂબહૂ પેશ કરતું દેશનું સર્વપ્રથમ ફોર ડાયમેન્શનલ મેમોરિયલ 'વંદે માતરમ' અનન્ય રાષ્ટ્રીય સ્મારક બનવા સાથે કચ્છના પ્રવાસનનું અદ્‌ભુત નજરામણું બની ચૂક્યું છે. વંદે માતરમ સ્મારક, એ કચ્છમાં ખનિજ ઉદ્યોગ

ક્ષેત્રે પ્રવૃત્ત આશાપુરા ગ્રુપ તરફથી રાષ્ટ્રને સમર્પિત એક મહત્ત્વાકાંક્ષી દેન છે. આ સ્મારક બિન-નફાકારક સંસ્થા સ્વરૂપનું છે, જે મુખ્યત્વે ૧૮૫૭ના બળવાથી લઈને દેશની આઝાદી ૧૯૪૭ સુધીના ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામની સૌથી યાદગાર કડીઓને અમર કરે છે. આ સ્મારક - સંગ્રહાલય સંકુલ ભુજથી ૯.૫ કિ.મી. દૂર ભુજોડી ગામ પાસે આવેલું છે. ૧૨ એકર ભૂમિ પર પથરાયેલા આ મેમોરિયલનું સંસદ ભવન જેવું પ્રાથમિક માળખું લગભગ એક લાખ ચો.ફૂટથી વધુ પર નિર્માણ કરાયું છે અને ચાર વર્ષ ચાલેલા બાંધકામ દરમિયાન સુપ્રસિદ્ધ ઇતિહાસકારો, શિલ્પીઓ અને કલાકારો સાથે પરામર્શ કરીને સામગ્રીની ગોઠવણી કરાઈ છે. એક ગૌણ માળખું દિલ્હીના લાલ કિલ્લાના માળખા પર આધારિત છે તે પચાસ હજાર ચો.ફૂટ પર ઊભું છે. તેમાં ગુજરાતના સ્વાધીનતા સેનાનીઓની વિશેષ ગેલેરી, ઓડિટોરિયમ, લાઇબ્રેરી અને ફૂડ કોર્ટનો સમાવેશ થાય છે. વિશ્વમાં આ પ્રકારનું એકમાત્ર સ્મારક છે. આ મેમોરિયલ અને હીરાલક્ષ્મી પાર્કનું પ્રવેશદ્વાર ઇન્ડિયા ગેટ (નવી દિલ્હી) જેવું બનાવાયું છે. અંદાજે રૂપિયા ૬૦ કરોડના જંગી ખર્ચે આ સ્મારક તૈયાર થયું છે.

૨૦૧૨માં નિર્માણકાર્ય શરૂ કરતા પહેલાં ૧૨ જણની ટીમે દિલ્હીના સંસદ ભવનમાં જઇને બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું. અદ્યતન ટેકનોલોજીવાળા વિશ્વના સ્મારકોની મુલાકાત લેવાઈ હતી. નહેરુ સેન્ટર ઓડિટોરિયમ - વરલી (મુંબઈ)માં ૪થી જાન્યુઆરી ૨૦૧૭ના તેનું પ્રિ-લોન્ચિંગ કરવા સાથે તેનું નિદર્શન કરાયું હતું. ૨૦મી ફેબ્રુઆરી ૨૦૧૭ના પ્રભાદેવી (મુંબઈ)ના રવીન્દ્ર નાટ્યમંદિર ખાતે યોજિત કાર્યક્રમમાં સ્મારકની ઝલક - ઝાંખી દર્શાવાઈ હતી. ટેકનોલોજી અને આર્કિટેક્ટની એક અજાયબી સમું આ સ્મારક આપણા રાષ્ટ્રગૌરવ અને દેશબંધુઓના બલિદાનનો જીવંત અનુભવ કરાવે છે. તેમાં મહાત્મા ગાંધી કેન્દ્ર સ્થાને હોય તે સ્વાભાવિક છે. તેથી જ ૧૬ એપિસોડ દ્વારા સ્વાતંત્ર્યનો તાદશ ચિતાર રજૂ થાય છે. તેમાં પણ ગાંધીજીના જીવન પ્રસંગો અગત્યનું સ્થાન ધરાવે છે.

લાલ કિલ્લાની તર્જ પર રચાયેલા યલો ફોર્ટમાં ગુજરાતના સ્વાતંત્ર્યવીરોની દીર્ઘા સાથે ગાંધી આશ્રમની ઝાંખી છે. તો તેના બહારી ભાગમાં મોટા ચરખા સાથેની રાષ્ટ્રપિતા ગાંધીજીની ૨૦ ફૂટ ઊંચી ઉત્તુંગ પ્રતિમા સેલ્ફી પોઇન્ટ તરીકે પણ સ્થાન ધરાવે છે. ઉદ્યાનમાં દાંડી માર્ચનું ચિત્તાકર્ષક શિલ્પ સૌનું ધ્યાન ખેંચે છે. પરિસરની એક દીવાલ પર ઊભા આકારના ઉદ્યાનમાં ત્રિરંગા ધ્વજની પશ્ચાદભૂમાં શાંતિના પ્રતીક સમા પક્ષીઓ ઉડી રહ્યા છે. તો વિન્ટેજ કારમાં બેઠેલા ગાંધી સાથે તમે તસવીર પણ પડાવી શકો છો.

- **ગાંધીજીની પૂર્ણ કદની પ્રતિમા - ભુજ :**

ભુજમાં કચ્છ મ્યુઝિયમ સામે હમીરસર તળાવના કાંઠે મહાત્મા ગાંધીની સંગેમરમરની ઊભી પૂર્ણ કદની પ્રતિમા સ્થાપિત કરાઈ છે. અંજાર બસ સ્ટેશન પાસેના ચકરાવા પાસે કાળા ગ્રેનાઇટની ગાંધીજીની અર્ધપ્રતિમા મૂકાઈ છે. માધાપર, તા. ભુજ ખાતે છતેડી બનાવી આસનસ્થ પ્રતિમાને સ્થાન અપાયું છે. એમ તો ગાંધી વિદ્યાલય (પત્રી) અને ગાંધી સેવાશ્રમ કચ્છ ટ્રસ્ટ (દિનારા) જેવી સ્વૈચ્છિક સંસ્થાઓ ગાંધીજીનું પુણ્ય સ્મરણ કરાવે છે. સુશીલ ટ્રસ્ટ - ભુજ દ્વારા અતીત, સાંપ્રત અને અનાગત સંદર્ભે સર્વથા પ્રસ્તુત ગાંધી જીવન દર્શનનું માસિક પત્ર 'અકાલ પુરુષ' (અગાઉનું 'શાશ્વત ગાંધી') આઠ વર્ષથી રમેસભાઈ સંઘવીના તંત્રીપદે પ્રગટ થઈ રહ્યું છે. એ ગુજરાતભરનું ગાંધીજીને સમર્પિત અનોખું સામયિક બની રહ્યું છે.

***(સંપૂર્ણ)***

***'ખિંકાર', પ્લોટ ૧૮૯-૧૯૦, આઈયા નગર, મુંદ્રા રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. ● મો. ૯૪૨૮૮ ૧૯૪૫૩***

## 'ટ્રાફિક સિગ્નલ'ની શોધ કેવી રીતે થઈ?

**(અનુસંધાન : પાના નં. – ૨૯ ઉપરથી ચાલુ)**

લગાવવાનો મુખ્ય હેતુ ટ્રાફિક પ્રવાહ પર નિયંત્રણ મેળવવાનો, યોગ્ય સ્થાનોએ આંતરવિભાગો બેસાડવાનો અને વાહન ચાલકોની સુરક્ષાનો હતો.

પ્રાથમિક સ્વરૂપની ટ્રાફિક લાઇટ્સ પ્રથમ ઇંગ્લેન્ડમાં ઉદ્‌ભવી હતી. તેના લગભગ છ દાયકા પછી અદ્યતન સ્વરૂપની વ્યવસ્થા તેને સાંપડી હતી. ઇંગ્લેન્ડમાં પ્રથમ 'ઓટોમેટીક એક્સપેરિમેન્ટલ ટ્રાફિક લાઇટ્સ' ૧૯૨૭માં વૂલ્વર હેમ્પ્ટન (સ્ટેફર્ડશાયર)માં મૂકવામાં આવી હતી. બે સંશોધકોએ સાથે મળી બનાવેલા આ સિગ્નલોની ખાસિયત એ હતી કે જે રસ્તેથી વધુ સંખ્યામાં વાહનો આવતાં હોય ત્યાંની ગ્રીન લાઈટ વધારે સમય સુધી રહેતી.

તે પછી તો ટ્રાફિક લાઇટ્સમાં ઘણા ફેરફારો થતા રહ્યા અને આજે આપણા રસ્તાઓ પર ત્રિરંગી ઇલેક્ટ્રોનિક સિગ્નલ્સ, ડિજિટલ ટ્રાફિક લાઇટ્સ અને સમયદર્શક ઘડિયાળો પણ જોવા મળે છે. આ લેખમાં 'રોડ ટ્રાફિક સિગ્નલ' પૂરતી વાત મર્યાદિત રાખી છે. આ સિવાય રેલવે સિગ્નલ, વિમાનો માટેનાં સિગ્નલ, વાવાઝોડાંના ભયસૂચક બંદરીય સિગ્નલ, દરિયાની દીવાદાંડી વગેરે જેવા અન્ય પ્રકારો પણ છે અને તે દરેકની પોતાની રોચક કથાઓ છે.

***'શિવમ્', ૪૦, વૃંદાવન નગર-૧, ખડિયા તળાવ સામે, વૈશાલી સિનેમા રોડ, અંજાર, જિ. કચ્છ-૩૭૦ ૧૧૦. ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯ ● મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦***

***નશાબાજ, પાગલ, કામી, લોભી, અભિમાની, ક્રોધી, ઉતાવળિયો, બીકણ, આળસુ અને બહુ બોલનારનો ક્યારેય સંગ ના કરવો.***

સ્મરણાંજલિ

# તપસ્વિની કસ્તુરબા ગાંધી

**પુણ્યતિથિ : ૨૨ ફેબ્રુઆરી**



કિશોર કે. જોબનપુત્રા

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના ધર્મપત્ની કસ્તુરબા ગાંધીનું અવસાન ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૪૪ના આગાખાન પેલેસ, પૂના ખાતે થયું હતું. ૧૧મી એપ્રિલ, ૧૮૬૯ના પોરબંદર ખાતે જન્મેલા કસ્તુરબાના લગ્ન માત્ર ૧૩ વરસની વયે પોતાનાથી છ મહિના નાના મોહનદાસ ગાંધી સાથે થયા હતા. ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં તેઓ હંમેશાં ગાંધીજીના પડછાયાની જેમ સાથે રહ્યા અને ગાંધીજીને 'મહાત્મા' બનાવવામાં અમૂલ્ય યોગદાન આપ્યું. તેમના સહયોગ વિના ગાંધીજી આટલી ઊંચાઈ હાંસલ કરી શક્યા ન હોત.

'દરેક સફળ પુરુષની પાછળ એક સ્ત્રીનો હાથ હોય છે' – એ કહેવત ગાંધીજીની સફળતાની બાબતમાં યોગ્ય રીતે જ લાગુ પડે છે. કસ્તુરબાએ પોતાનું જીવન અને વ્યક્તિત્વ ગાંધીજીની જિંદગીમાં સમાવિષ્ટ કરી દીધું હતું. પોતાની છબીના બદલે ગાંધીજીના પગલે ચાલવામાં અને તેમને સહયોગ આપવામાં તેઓ ધન્યતા અનુભવતા. ગાંધીજીએ તેમની પાસે જે કોઈ ત્યાગની માંગણી કરી, તે તેમણે હસતા મોંએ સ્વિકારી હતી. આમ છતાં તેમના યોગદાનની યોગ્ય કદર થઈ નથી એ વાસ્તવિક્તા છે. જેમ વડના ઘટાદાર અને વિશાળ વૃક્ષ નીચે બીજું ઝાડ પાંગરી ન શકે તેમ ગાંધીજીના ઘટાદાર વ્યક્તિત્વ સામે કસ્તુરબાના પ્રદાનની યોગ્ય નોંધ લેવાઈ નથી. આજે ગાંધીજી વિશે અઢળક સાહિત્ય અને જાણકારી મળે છે, પણ કસ્તુરબા વિશે ઓછું જાણવા અને સાંભળવા મળે છે.

પતિના દરેક નિર્ણયનો તેઓ હસતા મોઢે સ્વીકાર કરતા. ગાંધીજીએ કોઈ પણ ચર્ચા વગર ૧૯૦૬માં પૂર્ણ બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લઈ લીધી. આમ છતાં કસ્તુરબાએ કોઈ દલીલ વગર એ વાત સ્વિકારી લીધી. તેઓ ક્યારેય સ્કૂલે ગયા ન હતા છતાં વડીલો અને વાલીઓ પાસેથી તેઓ જિંદગીના પાઠ સારી રીતે શીખ્યા હતા. સરોજીની નાયડુએ તેમને ભારતના સ્ત્રીત્વનું જીવંત ઉદાહરણ ગણાવ્યા હતા. આજે જે સ્ત્રી સશક્તિકરણની વાતો કરવામાં આવે છે તે કસ્તુરબાએ ખરા અર્થમાં સાર્થક કરી હતી. તેઓ નીડર, નિર્ભય અને કોઈ પણ પ્રકારની જોહુકમી સહન ન કરનાર સન્નારી હતા. ગાંધીજી સાથે તેમણે પણ અનેક વખત જેલવાસ વેઠેલો. તેઓ બાપુના માત્ર પત્ની જ ન હતા પણ પત્નીથી પણ ક્યાંય વધુ હતા.

અનેક જાતની જવાબદારીઓ વચ્ચે તેઓ પોતાનું સ્વાસ્થ્ય બરાબર સાચવી શકતા ન હતા અને અવારનવાર બીમાર પડી જતા. આખરે પૂનાના આગાખાન પેલેસમાં તેઓ ગાંધીજી સાથે નજરકેદ હતા ત્યારે ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૪૪ના તેઓ અવસાન પામ્યા. ત્યાં જ તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા.

૧૯૩૯ના વર્ષમાં ફેબ્રુઆરી - માર્ચમાં તેમને રાજકોટ પાસે ત્રંબા ગામમાં નજરકેદમાં રાખવામાં આવ્યા હતા. નવ ઓરડાળા આ મકાનને 'કસ્તુરબા આશ્રમ' તરીકે વિકસાવવામાં આવેલ. એક સમયે ત્યાં સ્ત્રી સશક્તિકરણના ઘણા રચનાત્મક કાર્યો થતાં. ત્યાં નાની ટી.બી. હોસ્પિટલ પણ હતી. સાથે ખાદીકામ અને ચરખા કેન્દ્ર પણ હતું. આજે યોગ્ય જાળવણી અને પ્રવૃત્તિઓના અભાવે આ આશ્રમ ખંડેર જેવું બની ગયું છે. દીવાલો જર્જરીત થઈ ગઈ છે અને છતમાંથી પાણી આવે છે. ખાસ તો ગાંધીયુગના અમૂલ્ય પુસ્તકો નવ કબાટમાં સચવાયેલા છે, તેની જાળવણી થતી નથી અને ઉંદરો આ અમૂલ્ય પુસ્તકો કાતરી રહ્યા છે. આશ્રમ પાસે પગાર ચૂકવવાના પૈસા પણ નથી. સરકાર રહેમ નજર કરે અને આશ્રમનું સમારકામ થાય, સાથે ફરીથી સેવાકીય પ્રવૃત્તિઓ શરૂ થાય તો કસ્તુરબાને ન્યાય મળ્યો ગણાશે. આના માટે નાણાંની ફાળવણી કરવી એ સરકાર માટે જરા પણ મુશ્કેલ કામ નથી. જરૂર છે માત્ર ઇચ્છા શક્તિની...!

ગાંધીજીના જન્મ સ્થાન 'કીર્તિ મંદિર'ની પોરબંદર મુલાકાતે આવતા નેતાઓ તેની બિલકુલ નજીક આવેલા કસ્તુરબાના ઘરની મુલાકાત લેવાનું ચૂકી જાય છે, એ કડવી વાસ્તવિક્તા છે. કસ્તુરબાનું આ ઘર પણ મરંમત માંગે છે. સરકારે એની મુલાકાતે પ્રવાસીઓ આવે તે માટે પ્રચાર - પ્રસાર કરવાની જરૂર છે.

*'કૃષ્ણ ભુવન', ૯, ઘનશ્યામ નગર,*
*પી.પી.સી. ક્લબ સામે, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૮૨૫૮ ૩૩૭૫૫*

# આપણી આસપાસ કોઈ 'જિનિયસ' છે?



ડૉ. કાંતિ ગોર 'કારણ'

આપણા દેશના અનેક પ્રતિભાવાન યુવાનો પરદેશમાં જઇને કોઈ મોટી સિદ્ધિ મેળવે છે ત્યારે આપણે હરખાઈએ છીએ, ગૌરવ અનુભવીએ છીએ. પણ એ બધા દેશ શા માટે છોડી જાય છે તે વિચારીને એના ઉપાય કરવાનો વિચાર કોઈને આવતો નથી. અકસ્માતોની આપણી પાસે અતૂટ પરંપરા છે. એમાં પણ આપણે આપણા દેશની તેજસ્વી પ્રતિભાઓને ગુમાવીએ છીએ. એક અકસ્માતમાં એક તેજસ્વી યુવતીનું અવસાન થયું અને વિચાર મંથનમાં આ પ્રતિભા (જિનિયસ) શબ્દ મનમાં ઉભરાયો, જે આ લેખનું નિમિત્ત બન્યો છે. ભણીગણીને તૈયાર થયેલ યુવાનો દેશ છોડી જાય અને એ ઓછું હોય તો આવા તેજસ્વી તારલાઓ અકસ્માતે મોતને ભેટે એ આપણી કમનસીબી છે. ભારતમાં દરરોજ સરેરાશ ૪૦૦થી વધારે મૃત્યુ રોડ અકસ્માતમાં થાય છે. જેમાં આપણી અનેક તેજસ્વી પ્રતિભાઓ આપણી પાસેથી ઝુંટવાઈ જાય છે.

આ પ્રતિભા શું છે? 'પ્રતિભા' શબ્દ અનેક અર્થમાં પ્રયોજાય છે. કોઈ એક ક્ષેત્રમાં નિપુણ, પ્રવીણ, વિશેષ યોગ્યતા ધરાવનાક વ્યક્તિ, ઉત્તમ ગુણો ધરાવનાર, તીવ્ર બુદ્ધિ ધરાવનાર, કોઈ એક ક્ષેત્રમાં કે એકથી વધારે ક્ષેત્રમાં અનોખું પ્રદાન કરી શકે તેવી વ્યક્તિ, અતિ વિશેષ કૌશલ્ય ધરાવતી વ્યક્તિ – આવી વ્યક્તિઓ સ્વાભાવિક રીતે ધૂની હોય, ખાવું, પીવું, ભૂખ-તરસ, થાકની પરવા કર્યા વિના પોતાનું કાર્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી જંપે નહીં. એણે નક્કી કરેલું કાર્ય અન્યોને અશક્ય લાગે, પણ 'જિનિયસ' એની પરવા ન કરે, અશક્યને શક્ય કરી બતાવે. પ્રતિભાવાન માત્ર તેજસ્વી ન હોય પણ એ એના સપનાઓને સાર્થક કરવા માટે તનતોડ મહેનત પણ કરે.

અદ્‌ભુત એવું સાહિત્યસર્જન પણ પ્રતિભા વિના નથી થતું. પ્રતિભા એટલે જન્મજાત વિશિષ્ટ શક્તિ, કાવ્ય વિશેષજ્ઞ મમ્મટ કવિતાની કલા માટે કહે છે કે કવિતાકલા માટે ત્રણ આધાર છે : (૧) શક્તિ, (૨) નિપુણતા, (૩) શિક્ષણ કે અભ્યાસ. મમ્મટે કહેલી આ જન્મજાત શક્તિ એ જ પ્રતિભા.

સંસ્કૃતના મહાન વિવેચક અને આલંકારિક અભિનવગુપ્તે પ્રતિભાને સરસ રીતે વ્યાખ્યાયિત કરી છે :

*પ્રતિભા અપૂર્વવસ્તુનિર્માણક્ષમા પ્રજ્ઞા ।*

અપૂર્વ વસ્તુના નિર્માણમાં સમર્થ પ્રજ્ઞાને પ્રતિભા કહી છે.

પ્રતિભાવાન વ્યક્તિ શાંતિથી બેસી જ ન શકે. એ કંઈક નવું નવું કર્યા જ કરે. એને કોઈ રોકી ન શકે. એને અત્યારે મળતું શિક્ષણ ક્યારેક અવરોધરૂપ પણ લાગે. આ પ્રતિભા કોઈ પણ ક્ષેત્રમાં હોઈ શકે. મહાન અભિનેતા સંજીવકુમાર (હરિ જરીવાલા)ને ભણવાનો કંટાળો હતો. કેટલાય એવા 'જિનિયસ' છે જેમણે શાળા મૂકી દીધી હોય અને કોઈ ક્ષેત્રમાં ઝળકી ઉઠ્યા હોય.

એવું બને કે બહુ જ કઠિનાઇમાં આવા લોકોનો ઉછેર થયો હોય પણ કોઈ અડચણો એમને અવરોધી શકતી નથી. કવિવર દિનકરજી પ્રતિભાઓ અંગે આવી નોંધ કરે છે :

"પ્રતિભાએં સાધારણતયા ગાંવોંમેં જનમ લેતી હૈ. મહાનગરોમેં આ કર વિકાસ પાતી હૈં, ઔર એક પિઢી કે બાદ ફિર નષ્ટ હો જાતી હૈં. ક્યોંકિ જાતિ કી અસલી ઉર્જા કા નિવાસ મહાનગરોમેં નહીં હોતા. મહાનગર વહ સ્થાન હૈ જહાં શક્તિ ઔર પ્રતિભા કી દુકાન લગાઈ જાતી હૈ. યે શક્તિયાં વહાં પૈદા નહીં હોતી." (આધુનિક બોધ, પૃષ્ઠ-૧૦૭)

પ્રતિભા અને માનસિક શક્તિઓ અંગે પ્રાચીનકાળથી વિચારાયું છે.

*અક્ષણ્વન્તઃ કર્ણવન્તઃ સખાયો*
*મહ્રોજવેષ્વ સમા બભૂવુ ।*
*આદધ્નાસ ઉપકક્ષાસ ઉત્વે*
*હ્રદા ઈવ સ્નાત્વા ઉ ત્વે દદશ્રે ॥*

*(ઋગ્વેદ, ૧૦, ૭૧, ૭)*

આંખ, કાન વગેરે બાહ્ય ઈન્દ્રિયોમાં સમાન લાગતા પણ માનસિક પ્રતિભાની રીતે એક સરખા નથી હોતા. કેટલાક મોઢા સુધીના ઊંડા પાણીવાળા તો કેટલાક કમર સુધીના ઊંડા પાણીવાળા જળાશય જેવા હોય છે. તો કેટલાક સ્નાન કરવાને બધી જ રીતે અનુકૂળ ગંભીર ઝરણા જેવા હોય છે.

પ્રાચીન કાળના મહર્ષિઓના એવાં નિરીક્ષણ છે જ કે

માણસની જોવાની, સાંભળવાની શક્તિઓ સમાન હોય પણ બધાની માનસિક શક્તિઓ એકસમાન હોતી નથી.

આપણા શિક્ષણની મોટી સમસ્યા એ છે કે અલગ અલગ માનસિક ક્ષમતાઓ અને અભિયોગ્યતા ધરાવતા બાળકોને વર્ગખંડમાં કોઈ વ્યક્તિગત તફાવતો ધ્યાનમાં લીધા વિના બીબાંઢાળ રીતે શીખવવામાં આવે છે. શિક્ષક બોલ્યા કરે છે અને અલગ અલગ અભિરૂચિવાળા બાળકો એમને સાંભળ્યા કરે છે. શિક્ષક સજ્જતાના અનેક કાર્યક્રમો થાય છે પણ એના પરિણામો દેખાતા નથી. કારણકે શિક્ષકોને માત્ર માર્કશીટને આધારે પસંદ કરવામાં આવે છે. જેનાથી માત્ર લખવાની ઝડપ અને ગોખણપટ્ટીનું મૂલ્યાંકન થયું હોય છે. જે પણ પૂર્ણ આધારભૂત હોતું નથી. શિક્ષકોને માટે જરૂરી અનેક બાબતો જેવી કે રજૂઆતની કલા, ઉદાહરણસક્તિ, વર્ગ સંચાલન, પ્રશ્ન કૌશલ્ય, શિક્ષકને યોગ્ય વ્યવહાર વગેરે બાબતેની તાલીમ આપવા છતાં એના માટેની મુળભૂત અભિયોગ્યતાઓ શરૂઆતથી જ ચકાસવામાં આવતી ન હોવાથી સંપૂર્ણ સજ્જ શિક્ષકો મળતા નથી અને બેકારીના સમયમાં ક્યાંય ન ચાલે તે શિક્ષકમાં ચાલે એવી સ્થિતિ છે. દેશના સદ્ભાગ્યે થોડાક ગુણવત્તાપૂર્ણ શિક્ષકો મળી જાય છે તે આપણું સદ્ભાગ્ય છે. આવી સ્થિતિમાં મુળભૂત પ્રતિભાસંપન્ન બાળકોને એવું વાતાવરણ જ નથી મળતું. તેથી ઘણા 'જિનિયસ' નાનપણમાં જ વેડફાઈ જાય છે.

પ્રતિભાશીલ વ્યક્તિ સ્વાર્થી હોય, સમાજથી અતડો હોય તો એ બહુ આગળ આવી શકતો નથી અને વેડફાઈ જાય છે. પ્રતિભાશીલ માણસની એક વિશેષતા કવિવર ટાગોર આ રીતે નિરુપે છે : 'અન્યની ભીતર પ્રવેશ કરવાની શક્તિ અને અન્યને સંપૂર્ણ રીતે પોતાના બનાવી લેવાનો જાદુ જ પ્રતિભાનું સર્વસ્વ અને પ્રતિભાની વિશેષતા છે.'

અત્યંત બુદ્ધિશાળી, કોઈ એક ક્ષેત્રમાં વિશિષ્ટ શક્તિઓ ધરાવનાર માણસ પણ બીજાઓને ન સમજી શકે તો એની પ્રતિભા વેડફાઈ જાય. તેથી બીજાને સંપૂર્ણ રીતે સમજી શકે તેને ટાગોર પ્રતિભાનું એક લક્ષણ માને છે.

આવા 'જિનિયસ'નું જીવન સરળ નથી હોતું. એને કંઈક થવું હોય છે અને નાસમજ દુનિયા એમાં અનેક અવરોધ પેદા કરે છે.

રામધારીસિંહ દિનકરજી લખે છે : "દુઃખ દર્દ, સાથ આપનારનો અભાવ અને એકલવાયાપણું જિનિયસના ભાગ્યમાં હોય છે. કારણકે તે સમયથી વિરુદ્ધ વિચારે છે. જિનિયસ માને છે કે રાજમત અને લોકમત બંને ત્રાસદાયી હોઈ શકે છે."

અતિ પ્રતિભાવાન માણસ સમયથી આગળ હોય છે અને એ એનો જમાનો ન સ્વીકારે કે ન પચાવી શકે એવી વિચારસરણી ધરાવે છે. એની પાસે તર્ક અને વિજ્ઞાનનો આધાર હોય છે. પૃથ્વી સપાટ છે એ વાતનો વિરોધ કરનાર ગેલેલિયોને પોતે શોધેલા સત્યને માટે જીવ આપવો પડેલો. સોક્રેટીસે સત્યનો ઉપદેશ આપવા માટે હસતાં હસતાં ઝેર પી લીધેલું.

પ્રતિભાવાન વ્યક્તિનું એક લક્ષણ એ છે કે એને પોતાના પર વિશ્વાસ હોય, પોતાના વિચારો પર પણ વિશ્વાસ હોય અને એ જે માને તે ધ્યેયને સિધ્ધ કર્યા વિના જંપે નહીં. પછી દુનિયા ભલે એને પાગલ માને. મેધાવી વ્યક્તિની એકાગ્રતા એવી હોય છે કે ગમે તેવો ભયંકર અવાજ પણ એને ધ્યાનભંગ ન કરી શકે.

આપણા દેશમાં અનેક પ્રતિભાશાળી વ્યક્તિઓ એમ ને એમ કરમાઈ જાય છે. આપણે એવા ખેડૂતો વિશે, એવા વિદ્યાર્થીઓ વિશે પણ વાંચીએ છીએ કે એણે કોઈ જોરદાર યંત્રની શોધ કરી હોય, પણ એને કંઈ પ્રોત્સાહક પ્રતિભાવ ન મળતાં એ પ્રતિભા એમ જ વેડફાઈ ગઈ હોય. સમૃદ્ધ પ્રયોગશાળાઓ, વિશાળ ગ્રંથાલયો અને વિદ્યાર્થીમાં રહેલ પ્રતિભાને પારખીને એને પ્રકાશમાં લાવનાર શિક્ષકોની આપણો દેશ અને એના તેજસ્વી વિદ્યાર્થીઓ રાહ જુએ છે. કોઈ નાનકડા ગામમાં છાપુ વેચતા ભવિષ્યના અનેક એ.પી.જે. કલામ રાહ જોઈ રહ્યા છે. બન્ની અને ખડીરના તાકાતવર યુવાનો ઓલિમ્પિક સુધી પહોંચે એની અપેક્ષા છે. કાળ અનંત છે અને પૃથ્વી વિશાળ છે. ક્યારેક એવું બનશે એવી આશા સાથે વિરમીએ. ■


## શ્રી કચ્છી સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે

| | |
|---|---|
| **નામ** / Name | : **શ્રી કચ્છી સમાજ – અમદાવાદ / Shri Kacchhi Samaj – Ahmedabad.** |
| **બેંક** | : **ભારતીય સ્ટેટ બેંક, પાલડી, અમદાવાદ.** |
| **Bank** | : **State Bank of India, Paldi, Ahmedabad (05306)** |
| **A/C No. :** | : **10011315039 • IFS Code : SBIN0005306 SWIFT** |

**સમાજ કાર્યાલય વોટ્સઅપ નંબર : ૯૮૭૯૦ ૬૩૧૦૦**

# સંરક્ષણ ક્ષેત્રે ભારતની એરક્રાફ્ટ કેરિયરની હારમાળા



પ્રા. સૂર્યકાંત ભટ્ટ

એરક્રાફ્ટ કેરિયર શક્તિશાળી હોય છે. તેમાંથી ઉડાન ભરી શકે તેવી એરક્રાફ્ટ શક્તિએ સમુદ્રી ક્ષેત્રની સંરક્ષણતા વિકસાવી છે. ઈ.સ. ૧૯૬૦થી ભારતીય નૌસેના એરક્રાફ્ટ લોન્ચ કરી સામુદ્રિક ક્ષેત્રે પ્રગતિ કરી રહેલ છે. ભારતનું પ્રથમ એરક્રાફ્ટ કેરિયર આઈ.એન.એસ. વિક્રાંત (ઈ-૧૧) હરક્યુલસ તરીકે ૨૨ સપ્ટેમ્બર, ૧૯૪૫માં લોન્ચ થયેલ હતું.

પાંચમી માર્ચ ઈ.સ. ૧૯૬૧ના સમુદ્રી અજમાયશો હાથ ધરવા માટે વિક્રાંતે બેલફાસ્ટથી પોર્ટસમાઉથ અને પોર્ટલેન્ડથી સફર કરી હતી. ૬ ઓક્ટોબર ઈ.સ. ૧૯૬૧ના વિક્રાંતે ભારતની સફર કરી હતી. ૩ નવેમ્બર ૧૯૬૧ના મુંબઈમાં પ્રવેશ કર્યો હતો.

૧૯,૫૦૦ ટન વજન ધરાવતું કેરિયર INS વિક્રાંત એશિયન દેશો માટે સૌથી પ્રથમ કેરિયર હતું. ઈ.સ. ૧૯૭૧ના યુધ્ધમાં અગત્યની ભૂમિકા કેરિયરે ભજવી હતી. ૩૬ વર્ષ લગી સેવામાં રહ્યા બાદ ૩૧મી જાન્યુઆરી, ઈ.સ. ૧૯૯૭ના રોજ તેને સક્રિય સેવાઓમાંથી મુક્તિ આપવામાં આવી હતી. ૧૮ નવેમ્બર, ઈ.સ. ૧૯૫૯ના રોજ INS વિરાટ-૩૦ બ્રિટીશ નેવી દ્વારા HMS હમીસે ત્રણ સ્વરૂપોમાં સેવાઓ આપી હતી. ૧૯૫૯-૬૦માં સ્ટ્રાઇક કેરિયર તરીકે, ૧૯૭૦-૮૦ દરમિયાન એન્ટી સબમરીન યુદ્ધ વાહક કેરિયર તરીકે અને ૧૯૮૦ બાદ V/STOL કેરિયર હતું.

ભારતીય નૌસેનાને બીજા એરક્રાફ્ટ કેરિયરની જરૂર પડતાં ૧૨ મે, ૧૯૮૭ના રોજ HMS હમીસ નૌસેનામાં દાખલ કરાયું. સંખ્યાબંધ પરીક્ષણો કરાયા. ૨૩ જુલાઈ ૧૯૮૭ના પ્લાય માઉથથી ભારતીય જળસીમામાં તે પ્રવેશ્યું હતું. તે ૨૨૭ મીટર લાંબું, ૪૯ મીટર પહોળું તથા ૨૮,૭૦૦ ટનનો ભાર વિસ્થાપિત કરતું હતું.

IAC-1 INS વિક્રાંત આત્મ નિર્ભરતાનો પુનર્જન્મ સમાન કહી શકાય. જે ૨૬૨ મીટર લાંબુ કેરિયર ૪૫,૦૦૦ ટનની વિસ્થાપન ક્ષમતા ધરાવે છે. આ જહાજ કુલ ૮૮ મેગા વોટની ક્ષમતા ધરાવતા ચાર ગેસ ટર્બાઇનથી સંચાલિત થાય છે. ૨૮ નોટીકલ માઈલની ઝડપવાળું જહાજ છે. રૂા. ૨૦,૦૦૦ કરોડના ખર્ચે નિર્માણ પામેલ છે. સ્વયં સંચાલિત પ્રણાલીઓ સાથે શિપ નિર્માણ પામ્યું છે.

ભારતીય નૌસેનાનું સૌથી મોટું જહાજ રશિયાના નવીનીકરણ કરાયેલા ૧૬ નવેમ્બર, ૨૦૧૩ના રોજ INS વિક્રમાદિત્ય તરીકે ભારતીય નૌસેનામાં દાખલ કરાયું. જે એક આધુનિક જહાજ છે. જે મિગ ૨૯ ફાઈટર, AFW હેલિકોપ્ટર્સ આદિ બહુવિધ ભૂમિકા ધરાવે છે. આ જહાજ ૨૮૫ મીટર લાંબું, ૬૦ મીટર પહોળું છે. જહાજ પર ૧૬૦૦થી વધુ કર્મચારીઓ છે. આમ, તેને તરતું શહેર પણ કહેવાયું છે.

INS વિક્રાંતનો ત્રીજા તબક્કાનો પ્રોજેક્ટ હવે વિકાસ પામી રહ્યો છે. તેમાં સમગ્ર રીતે જોતાં ૭૬% સ્વદેશી સામગ્રી વપરાઈ ચૂકી છે. તેનું મશીનરી ઑપરેશન શિપ નેવિગેશન એન્ડ સર્વાઇબિલિટી માટે ખૂબ જ ઉચ્ચ પ્રમાણમાં સ્વયં સંચાલિત પ્રણાલીઓ સાથે થઈ રહેતાં સંરક્ષણ ક્ષેત્રે ઉચ્ચ ભાવિ પ્રદાન કરશે.

ભારતીય નૌસેનાનું આ શ્રેષ્ઠ જહાજ એન્ટી શિપ મિસાઈલ્સ, બિયોન્ડ વિઝ્યુઅલ રેન્જ એર ટુ એર, ગાઈડેડ બોમ્બ અને રોકેટ સહિત સંખ્યાબંધ શસ્ત્રોથી સજ્જ છે. સમુદ્ર ક્ષેત્રની આપણી સીમાઓ સાચવવા આપણે સક્ષમ છીએ.

*૬/એ, સહજાનંદ, લીમડા લેન, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. • મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*


***With Best Compliments From....***

**V. R. GOPANI**

1, Sugam Enclave, Opp. Ramada Hotel, Prahladnagar, Ahmedabad-380 015. **Mobile : 94263 03628**

*અધર્મથી હજુ સુધી કોઈને સિદ્ધિ મળ્યાનું સાંભળ્યું નથી.*

# ૨૧મી સદીના બદલાવને અપનાવીને રેડિયો નવી રીતે લોકોને જોડે છે



ડૉ. મિહિર એમ. વોરા

મિત્રો, ૧૩ ફેબ્રુઆરીને 'વિશ્વ રેડિયો ડે' તરીકે ઉજવાય છે. યુનેસ્કોએ ૧૩ ફેબ્રુઆરીને 'વર્લ્ડ રેડિયો ડે' તરીકે જાહેર કર્યો હતો. રેડિયો વિશ્વમાં સૌથી વધુ વ્યાપ ધરાવતું માધ્યમ છે અને તે શક્તિશાળી અને સસ્તું પણ છે. અને તેથી જ તો રેડિયોનો અવાજ કરોડો લોકો સુધી પહોંચે છે.

વર્ષ ૧૮૯૪માં ગુંગ્લીએલમો માર્કોની નામની ઇટાલિયન વ્યક્તિ દ્વારા પ્રથમ રેડિયો ટ્રાન્સમિશન આધારીત વાયરલેસ ટેલિગ્રાફ સેવા શોધવામાં આવી અને ત્યારથી રેડિયો પ્રસારણ મોટા પાયે વિશ્વભરમાં થાય છે. વર્ષ ૧૯૨૦માં પ્રથમ અમેરિકી લાઇસન્સ ધરાવતા રેડિયો સ્ટેશન પીટ્સબર્ગ, પેન્સિલ્વેનિયા ખાતે શરૂ થયા હતા, અમેરિકી રાષ્ટ્રપતિની ચૂંટણીના પરિણામો અંગે માહિતી આપતા કાર્યક્રમ સાથે.

૧૯૩૮માં રેડિયોના પ્રભાવનો અનુભવ થયો હતો. ૩૦ ઓક્ટોબર ૧૯૩૮ના રેડિયોની ક્ષમતા પ્રદર્શિત કરવામાં આવી હતી. જ્યારે અમેરિકી અભિનેતા અને ફિલ્મમેકર ઓર્સન વેલ્લેસે હર્બર્ટ જ્યોર્જ વેલ્સની નોવેલ ધ વૉર ઓફ ધ વર્લ્ડને શ્રોતાજનો માટે રૂપાંતરીત કરી રજૂ કરી હતી.

વર્ષ ૧૯૩૩માં એફ.એમ. પ્રસારણની શોધ અમેરિકન એન્જિનિયર એડવિન આર્મસ્ટ્રોંગે કરી હતી અને આજ સુધી વિશ્વભરમાં એફ.એમ. રેડિયો લોકપ્રિય છે.

પાછલા કેટલાક વર્ષોથી રેડિયો સેવાઓ ઓનલાઈન, લાઈવ સ્ટ્રીમિંગ, પોડકાસ્ટ, એપ્સ અને વિવિધ મોબાઈલ ઉપકરણો પર મોજૂદ છે. વર્લ્ડ રેડિયો દિવસની અધિકૃત વેબસાઈટ પ્રમાણે રેડિયો આજે પણ સૌથી ગતિશીલ, પ્રતિક્રિયાશીલ અને લોકોને આકર્ષિત કરતું માધ્યમ છે.

૨૧મી સદીના બદલાવને અપનાવીને રેડિયો નવી રીતે લોકોને જોડે છે. રેડિયો સમુદાયને જોડે છે અને સકારાત્મક વાતચીત માટે પ્રોત્સાહિત કરે છે. શ્રોતાજનોની જરૂરત અને પ્રતિક્રિયાને ધ્યાનમાં રાખીને રેડિયો પર વિવિધ પ્રકારના કાર્યક્રમો બનાવાય છે અને રજૂ થાય છે.

સંયુક્ત રાષ્ટ્ર સંઘના ૬૭મા સત્ર દરમિયાન ૧૩મી ફેબ્રુઆરીને વિશ્વ રેડિયો દિવસ તરીકે ઘોષિત કરવામાં આવ્યો. આ દિવસે વર્ષ ૧૯૪૬માં સંયુક્ત રાષ્ટ્ર સંઘ વડે આંતરરાષ્ટ્રીય પ્રસારણ સેવાની શરૂઆત કરવામાં આવી હતી. રેડિયો એક પ્રભાવશાળી માધ્યમ છે. શહેર અને ગ્રામીણ અને દૂરના વિસ્તારોમાં માહિતી, મનોરંજન, શિક્ષણ અને કૃષિ, હવામાન અને કુદરતી આફત અને વિવિધ સરકારી સેવાના વ્યાપ માટે રેડિયો જરૂરી માધ્યમ અને હાથવગું સાધન છે. હવે મોબાઇલ રેડિયો પણ ઉપલબ્ધ છે.

આપણા દેશમાં રેડિયો પ્રસારણની શરૂઆત એટલી બધી સફળ રહી ન હતી. અમુક ઉત્સાહી ઓપરેટરોએ ૧૯૨૧ના દિવસે અનધિકૃત રૂપથી મુંબઇ, કલકત્તા, મદ્રાસ અને લાહોરમાં રેડિયોનું પ્રસારણ શરૂ કર્યું. પણ આ વાત ત્રણ વર્ષ પછી અટકી ગઈ. ૧૯૨૭માં સ્થાપિત રેડિયો ક્લબ બોમ્બે પણ ૧૯૩૦માં બંધ થઈ ગયું. ૧૯૩૬માં ઇમ્પીરિયલ રેડિયો ઓફ ઇન્ડિયાની શરૂઆત થઇ, જે આઝાદી પછી ઓલ ઇન્ડિયા રેડિયોના નામે પ્રખ્યાત થઇ. ૧૯૫૭માં ઓલ ઇન્ડિયા રેડિયોનું નામ બદલીને આકાશવાણી રાખવામાં આવ્યું હતું. ૨૭ ભાષાઓમાં શૈક્ષણિક, સાંસ્કૃતિક, સાહિત્યિક, સામાજિક, ખેલકૂદ, યુવા, બાળકો અને મહિલાઓ સાથે કૃષિ સંબંધિત પ્રસ્તુતિ તેમાં કરવામાં આવતી હતી. આમ, આકાશવાણીએ સંપૂર્ણ દેશને એકસૂત્રે બાંધવાની તૈયારી કરી.


વિવિધ ભારતીએ ૧૯૬૭માં વ્યવસાયીક રેડિયોની શરૂઆત કરી હતી. **આઝાદીના સમયમાં રેડિયોના ફક્ત ૬ સ્ટેશન હતા અને તેમની પહોંચ ૧૧ ટકા સુધી જ હતી. પણ આજે આપણા દેશમાં ૨૫૦થી વધુ રેડિયો સ્ટેશન છે અને દેશની લગભગ ૯૯ ટકા વસ્તી સુધી આ રેડિયો આજે પહોંચે છે.** રેડિયો સ્ટેશન અલગ અલગ તરંગ આવૃત્તિઓ પર પોતાના કાર્યક્રમનું પ્રસારણ કરે છે. જેને શ્રોતાઓ મીડિયમ વેવ, શોર્ટ વેવના રૂપમાં જાણે છે. મોટી ઇમારતો અને પહાડોના અવરોધથી મુક્ત થઇ સંભળાતા વેવને દેશી પ્રસારણ કહેવાય છે, જે આપણા દેશ સિવાય બીજા પાડોશી દેશમાં પણ સંભળાય છે. શોર્ટ વેવ પર આંતરરાષ્ટ્રીય સ્તર પર ફેલાયેલ ધ્વનિ ઉચ્ચ

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૧૯ ઉપર)**

*સત્યથી ધર્મનું, સતત અભ્યાસથી વિદ્યાનું, સાદગી અને સુઘડતાથી સૌંદર્યનું અને સદ્‌ગુણોથી કુળનું રક્ષણ થાય છે.*

૨૮મી ફેબ્રુઆરી : 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ'

# 'ટ્રાફિક સિગ્નલ'ની શોધ કેવી રીતે થઈ?



ભરત'કુમાર' પ્રા. ઠાકર

*આધુનિક ટ્રાફિક નિયમન પ્રણાલીના ક્રમિક વિકાસની તવારીખ*

આધુનિક વિજ્ઞાન જગતની કેટલીક શોધો એવી છે, જેનો શ્રેય કોઈ એક દેશ કે વૈજ્ઞાનિકને આપી શકાતો નથી. એકાધિક સંશોધકોની મહેનતનું તે પરિણામ હોય છે. વાહન વ્યવહારનું નિયમન કરતી અદ્યતન પ્રકાશસંજ્ઞા પ્રણાલી પણ એક આવું ઉદાહરણ છે. તેની પ્રારંભિક શોધ ઇંગ્લેન્ડમાં થઇ અને આધુનિક વિકાસ અમેરિકામાં થયો છે. તેની પાછળ આઠેક સંશોધકોનો ફાળો રહેલો છે.

- **કારથી પહેલા ટ્રાફિક લાઇટ્સ!**

વાહન વ્યવહાર નિયમન સાથે સંબંધિત બધી શોધોમાં 'ટ્રાફિક લાઇટ્સ' કદાચ સૌથી વધુ જાણીતી શોધ છે. તે ટ્રાફિક લાઇટ, ટ્રાફિક સિગ્નલ કે સ્ટોપ લાઇટના નામે પણ ઓળખાય છે. તેની વ્યાખ્યા આમ કરાઈ છે : 'થોભવા માટે લાલ, જવા માટે લીલો અને સાવધાનીથી આગળ વધવા માટે પીળો – એમ રંગીન દીવાઓની મદદથી વાહનોના આવાગમનને દિશાનિર્દેશ આપવા માટેનો માર્ગ-સંકેત.'

એ નવાઇભર્યું છે કે ૧૮૯૦માં મોટરકાર રસ્તા પર દોડતી થઈ તેના ઘણા સમય પહેલાં (૧૮૬૮માં) પ્રાથમિક સ્વરૂપની ટ્રાફિક લાઇટ્સ શેરીઓમાં આવી ગઈ હતી! અલબત્ત, ત્યારે શહેરોમાં પદચાલકો, સાઇકલો, ઘોડેસવારો, ઘોડાગાડીઓ, ચાર પૈડાવાળાં ગાડાં વગેરેનો ટ્રાફિક રહેતો. વળી, આધુનિક વાહન વ્યવહારના આરંભ પૂર્વે ભીડથી માર્ગ વ્યવહાર રૂંધાવા (ટ્રાફિક જામ)ની સમસ્યા પણ શરૂ થઈ હતી.

'ટ્રાફિક' બાબતે ઇતિહાસમાં નજર દોડાવીએ તો રોમ (ઇટાલી)ના સેનાપતિ જુલિયસ સીઝરે (ઇ.પૂ. ૧૦૦ – ૪૪) પહેલી વખત રસ્તા પરની ભીડ ઓછી કરવા આદેશ આપ્યો હતો. તે પછી ટ્રાફિક ઓછો કરવા ચોવાટે ઊભાડવામાં આવેલા માણસો હાથના ઈશારાથી વાહન નિયંત્રણ કરતા. વખત જતાં તેમને હાથથી દેખાડાતી બેટરી જેવી લાઇટ્સ આપવામાં આવી. ગિરદીવાળા માર્ગોના ચોભેટે માણસો અને વાહનોની અવરજવરનું નિયમન કરવા ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં ફાનસ લાઇટ અને ૨૦મી સદીના બીજા દાયકામાં સ્વયં સંચાલિત ટ્રાફિક લાઇટ્સ મૂકવાની શરૂઆત થયેલી.

- **વિશ્વનું પ્રથમ સિગ્નલ ઝબુક્યું :**

ઇંગ્લેન્ડમાં ઘોડા અને બગીના સમયમાં પણ મોટા શહેરોમાં વારંવાર ભારે ટ્રાફિક રહેતો હતો. વ્યસ્ત વિસ્તારોમાં ટ્રાફિક નિયમન માટે પોલીસ અધિકારીઓને પૂરા સમય માટે મોકલવા પડતા. સ્ટેફર્ડના કળાકસબી અને બ્રિટીશ રેલરોડ કંપનીના સિગ્નલ મેનેજર જોહ્ન પીક નાઈટે (૧૮૨૮-૧૮૮૬) વિશ્વની પ્રથમ ટ્રાફિક લાઇટ્સ શોધી હતી. તે પ્રથમ વખત ૧૦મી ડિસેમ્બર, ૧૮૬૮ના લંડનના સંસદગૃહ (આમસભા)ની સામે જ્યોર્જ સ્ટ્રીટ અને બ્રિજ સ્ટ્રીટના ખૂણે લગાડવામાં આવી હતી.

તે સમયના રેલવે સિગ્નલો જેવી આ લાઈટો હતી. તેમાં રાતે લાલ-લીલી બત્તીવાળા ગોળ ફરતા ફાનસનો ઉપયોગ થતો. તેમાં લાલનો અર્થ 'સ્ટોપ' (થોભો) અને લીલાનો અર્થ 'કૉશન' (સાવધાન) થતો. ગેસથી પ્રકાશિત ફાનસ તેના પાયામાં રહેલા લીવરની મદદથી ફરતું, જેથી ટ્રાફિક સામે યોગ્ય પ્રકાશ રહી શકે. જો કે એક મહિનાની અંદર ૨જી જાન્યુઆરી, ૧૮૬૯ના અ પ્રારંભિક સ્વરૂપની ટ્રાફિક લાઇટમાં વિસ્ફોટ પણ સર્જાયો હતો.

તે પછી ટ્રાફિક સિગ્નલના સંશોધનનો સમગ્ર તબક્કો અમેરિકામાં આરંભાય છે. અમેરિકી વ્યવસાયી વિલિયમ ફેલ્પ્સ ઇનો (૧૮૫૮-૧૯૪૫)એ સૌપ્રથમ વાહન-વ્યવહારના નિયમોનો વિકાસ (૧૯૦૩) કર્યો. જેને ન્યુયોર્ક, લંડન અને પેરિસમાં લાગુ કરવામાં આવેલા. જો કે તેઓ ખુદ વાહન ચલાવવાનું જાણતા ન હતા. એમણે જ 'સ્ટોપ' (થોભો)નું સંજ્ઞાનિશાન તૈયાર કરેલું.

- **નિયંત્રણ પ્રણાલીના વિવિધ પ્રયોગો :**

૧૮૯૦માં અમેરિકામાં કારનું આગમન થયું અને ટ્રાફિક

*જેને કકડીને ભૂખ લાગે છે, તેને રોટલો પણ મિષ્ટાન્ન છે. પરંતુ જેને ભૂખ જ નથી લાગતી, તેના માટે મિષ્ટાન્ન પણ વ્યર્થ છે.*

લાઇટ્સની જરૂરિયાત અનુભવાઈ. સંભવતઃ પ્રથમ 'ઓટોમેટીક સ્ટ્રીટ ટ્રાફિક સિસ્ટમ'ની શોધ ૧૯૧૦માં શિકાગો (ઇલિનોઇસ)ના અર્નેસ્ટ ઇ. સિરિને કરી હતી. તેમાં બિનપ્રકાશિત શબ્દો 'સ્ટોપ' અને 'પ્રોસીડ' લખેલા દર્શાવાતા. આજની આધુનિક 'વિદ્યુતચાલિત ટ્રાફિક લાઇટ્સ' એક અમેરિકી શોધનું પરિણામ છે. અર્થાત્ 'સ્થિર ટ્રાફિક લાઇટ્સ'નો પ્રથમ પ્રયોગ અમેરિકામાં થયો હતો. ૧૯૧૨માં સોલ્ટ લેક સિટી (ઉટાહ) પોલીસદળના ગુપ્તચર લેસ્ટર ફર્ન્સવર્થ વાયરે (૧૮૮૭-૧૯૫૮) પ્રથમ લાલ-લીલી દ્વીરંગી ઇલેક્ટ્રીક લાઇટ્સ શોધી હતી.

તે પછી ૧૯૧૩માં જેમ્સ બી. હોગ દ્વારા માનવ સંચાલિત અને વિદ્યુત સંચારિત ટ્રાફિક લાઇટ્સ વિકસાવાઈ. આ પદ્ધતિમાં પણ લાલ-લીલા બે રંગો, રંગ બદલવાની ચેતવણી આપતી ઘંટડી અને પ્રકાશિત શબ્દો 'સ્ટોપ' અને 'મૂવ' મૂકવામાં આવેલા. એક વર્ષ પછી હોગની આ ડિઝાઈન અમેરિકન ટ્રાફિક સિગ્નલ કંપની દ્વારા ૫મી ઓગસ્ટ, ૧૯૧૪ના ક્લીવલેન્ડ (ઓહિયો)માં સ્થપાઈ હતી.

ત્યારબાદ ૧૯૧૭માં સાનફ્રાન્સિસ્કો (કેલિફોર્નિયા)ના વિલિયમ ઘિગ્લિયરીએ સંભવતઃ પ્રથમ 'ઓટોમેટીક ટ્રાફિક સિગ્નલ'ની સનદ મેળવી હતી. લાલ-લીલા પ્રકાશનો ઉપયોગ કરતા આ સિગ્નલને હાથેથી કે આપમેળે ચલાવવાના વિકલ્પ હતા. જ્યારે લેસ્ટરની રચના આધારિત પ્રથમ 'ઇન્ટર કનેક્ટેડ ટ્રાફિક સિગ્નલ સિસ્ટમ' ૧૯૧૭માં સોલ્ટ લેક સિટી (ઉટાહ) અને ૧૯૧૮માં ન્યુયોર્કના રસ્તા પર બેસાડવામાં આવી હતી. તેમાં જોડાયેલા છ આંતરવિભાગોનું મેન્યુઅલ સ્વિચ દ્વારા નિયંત્રણ થતું. ૧૯૧૯માં ડેટ્રોઇટ (મિશિગન)ના ઓસ્કાર એ. અર્ડમાને પણ ટ્રાફિક લાઇટ્સમાં સંશોધન બદલ પેટન્ટ મેળવી હતી.

- **પ્રથમ ચતુર્દિશ અને ત્રિરંગી લાઇટ્સ :**

વિશ્વની પ્રથમ ચારમાર્ગી અને ત્રણરંગી ટ્રાફિક લાઇટ્સ ૧૯૨૦માં ડેટ્રોઇટમાં દાખલ કરવામાં આવી હતી. તેના સિગ્નલ સ્વયં સંચાલિત, વિદ્યુત સંચારિત અને થાંભલા પર લટકતી સ્થિતિમાં મૂકાયા હતા. પ્રથમવાર તેમાં પીળા રંગનો પણ ઉપયોગ થયેલો. તેના શોધક ડેટ્રોઇટ (મિશિગન)ના પોલીસ અધિકારી વિલિયમ એલ. પોટ્સ (૧૮૮૩-૧૯૪૭) હતા. સરકારી કર્મચારી હોવાથી તેઓ પોતાની શોધની હકસુરક્ષા કરાવી શક્યા નહોતા. આ ક્ષેત્રની તે પ્રથમ વ્યવહારુ અને આધુનિક નમૂનારૂપ શોધ હતી. આજે વિશ્વભરમાં પ્રચલિત ટ્રાફિક સિગ્નલના પાયામાં આ શોધનો મહત્ત્વનો ફાળો રહેલો છે.

માર્ગો પર મોટર ગાડીઓની સતત વધતી સંખ્યાના પગલે સર્જાયેલી ટ્રાફિક સમસ્યા માટે કંઈક કરવાનું વિલિયમે નક્કી કર્યું. રેલવે સિગ્નલોને રસ્તાના વપરાશ માટે અપનાવી તેનો ઉકેલ લાવવાનું તેના મનમાં હતું. દુનિયાની પ્રથમ અદયતન ટ્રાફિક લાઇટ્સ તૈયાર કરવા પોટ્સે રેલવે સિગ્નલોમાં વપરાતી લાલ, પીળી, લીલી બત્તીનો તથા આશરે સાડત્રીસ ડોલરની કિંમતના વાયર અને વીજ સાધનોનો ઉપયોગ કરેલો! ૧૯૨૦માં તે ડેટ્રોઇટના વુડવર્ડ અને મિશિગન માર્ગોના ખૂણે ગોઠવવામાં આવી હતી. એક વર્ષમાં તો ત્યાં કુલ પંદર નવી ઓટોમેટીક લાઇટો બેસાડવામાં આવી હતી.

- **મોર્ગનની પણ સમાંતર શોધ :**

લગભગ આ જ સમયમાં પ્રતિભાશાળી શોધક અને ક્લીવલેન્ડ (ઓહિયો)માં મોટરકાર ધરાવનાર પ્રથમ આફ્રિકી અમેરિકન ગણાયેલા ગેરેટ ઓગસ્ટસ મોર્ગન (૧૮૭૭-૧૯૬૩)ને પણ ટ્રાફિક પ્રવાહનું નિયમન કરવાની જરૂરિયાત સમજાઈ હતી. તેમનું નામ ટ્રાફિક લાઇટ્સ ઉપરાંત માથું - ગરદન ઢાંકે તેવી સુરક્ષા ટોપી (સેફ્ટી હુડ) અને આજે 'ગેસ માસ્ક' તરીકે ઓળખાતા ધૂમાડા રક્ષક (સ્મોક પ્રોટેક્ટર)ની શોધો સાથે પણ સંકળાયેલું છે.


મોર્ગને વિકસાવેલી સ્વચાલિત વિદ્યુત ટ્રાફિક લાઇટ્સનો દેખાવ આજે ટ્રેન ક્રોસિંગ પાસે જોવા મળતાં સેમાફોર સિગ્નલ્સ (દીવા કે ઝંડીથી સંકેતો બતાવનાર યંત્ર) જેવો વધુ હતો. ટ્રાફિક સિગ્નલો માટે છેક ૧૯૧૩થી શરૂ કરીને ઘણા શોધકોએ પેટન્ટો મેળવી હતી. મોર્ગનને બિનખર્ચાળ ટ્રાફિક સિગ્નલ બનાવવા માટે ૧૯૨૩માં સનદ મળેલી. તેના અધિકારો જનરલ ઇલેક્ટ્રીક કોર્પોરેશને ખરીદી લીધા અને ટ્રાફિક લાઇટ ઉત્પાદનમાં ઇજારાશાહી રોકવા રક્ષણ પૂરું પાડ્યું હતું.

મોર્ગન ટ્રાફિક સિગ્નલ એક T – આકારનું સ્તંભ ઘટક (પોલ યુનિટ) હતું, જે ત્રણ સ્થિતિ બતાવતું : થોભો, જાઓ અને ચારે દિશામાં થોભવાનો નિર્દેશ. બધી તરફનો ટ્રાફિક રોકતી આ 'ત્રીજી સ્થિતિ' પદચાલકોને વધુ સલામત રીતે રસ્તો ઓળંગવા દેતી હતી. તેની ટ્રાફિક વ્યવસ્થા યોજના સમગ્ર ઉત્તર અમેરિકામાં વપરાતી હતી અને તેમાં ત્રિરંગી સંકેતો ઉમેરાયા પછી વિશ્વભરમાં ચલણી બની. આ શોધ બદલ એમને અમેરિકી સરકાર દ્વારા પ્રશસ્તિપત્ર પણ એનાયત થયેલ.

- **ટ્રાફિક લાઇટ્સના મુખ્ય ઉદ્દેશ :**

અમેરિકામાં ૧૯૨૬માં રચાયેલી એક સમિતિએ 'સર્વમાન્ય ટ્રાફિક સંચાલન વ્યવસ્થા' ઘડી કાઢી. તે હેઠળ ટ્રાફિક લાઇટ્સ

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૨૨ ઉપર)**



# શિક્ષણમાં માતૃભાષાનું મહત્ત્વ

ડૉ. મિહિર એમ. વોરા

૨૧ ફેબ્રુઆરીના 'માતૃભાષા દિવસ' છે અને આપણા ગુજરાતમાં જ ૧૦ અને ૧૨મા ધોરણમાં ગુજરાતી વિષયમાં પરિણામ નબળું આવે છે, જે એક ચિંતાનો વિષય છે.

આજના યુવાનો અને બાળકો મોબાઈલના યુગમાં પોતાની માતૃભાષાથી ભાન ભૂલ્યા છે. એટલે જ આ દિવસો ઉજવવા પડે છે, જે એક ચિંતાનો વિષય છે.

માતૃભાષાની મહત્તા માટે જાણીતા સાહિત્યકાર શ્રી ગુણવંતભાઈ શાહે ખૂબ જ સાચું તેમજ મજાનું સ્લોગન આપ્યું છે : 'માતાના ધાવણ પછીના ક્રમે માતૃભાષા આવે છે.'

માતૃભાષામાં બાળક જ્ઞાનને ઝડપથી ઝીલે છે. જાણીતા સાહિત્યકાર શ્રી હેમશેખર શાહ જણાવે છે કે, જે ભાષામાં બાળક ઉછર્યું હોય તે જ ભાષામાં ગ્રહણશક્તિ, સમજશક્તિ અને વિચારશક્તિ ખીલે છે.

મગજ એક કોમ્પ્યુટર છે. આ કમ્પ્યુટરની સહુથી વધુ બંધ બેસે તેવી ભાષા માતૃભાષા છે. ઘરમાં બોલાતી ભાષા એ જ શિક્ષણનું શ્રેષ્ઠ માધ્યમ બની શકે. મનોવૈજ્ઞાનિકો, બાલ માનસશાસ્ત્રીઓ અને બાલ રોગ ચિકિત્સકો પણ માને છે કે ઘર અને નિશાળની ભાષા જુદી પડે ત્યારે બાળક મૂંઝાય છે, મુરઝાય છે, લઘુતાગ્રંથિનો ભોગ બને છે. ક્યારેક તો ઘેરી માનસિક હતાશાનો ભોગ બને છે. તેનો બૌદ્ધિક વિકાસ પણ રૂંધાય છે. બાળક માના ખોળામાં જેટલું ખીલે એટલું આયાના ખોળામાં ન ખીલે, એ સીધી સરળ વાત આજે અચાનક અઘરી કેમ બની ગઈ હશે! અંગ્રેજી ગેસ્ટ ભાષા છે, માતૃભાષા બેસ્ટ ભાષા છે. મહેમાનની ઊંચી સરભરા ભલે કરો, પણ મમ્મી-પપ્પાને બહાર હાંકી કાઢીને મહેમાનને ઘરમાં સ્થાન ન જ અપાય.

મોરારિબાપુ કહે છે : 'અંગ્રેજી કામની ભાષા છે. તેથી તેની પાસેથી કામવાળીની જેમ કામ લેવાય, ગૃહિણીનું સ્થાન ન અપાય.' જાપાન અને જર્મનીમાં સર્વેક્ષણો થયા છે. તેના તારણોમાં જણાયું છે કે, માતૃભાષાના માધ્યમમાં ભણનારની સ્ટ્રેસ કેપેસિટી વધારે હોય છે, જે તેને જિંદગીના બધા પડકારો ઝીલવા માટે સક્ષમ બનાવે છે. અંગ્રેજી ભાષાનો વધુને વધુ પ્રચાર કરવા માટે ચીનનું ઉદાહરણ આપવામાં આવે છે કે આજે ચીનમાં પણ લોકો અંગ્રેજી બોલતા શીખી રહ્યા છે. પણ ચીનમાં સમાન સ્કૂલ વ્યવસ્થા રચાઈ છે તેનો ઉલ્લેખ કરવામાં આવતો નથી. ચીન જે સફળતાએ પહોંચ્યો છે તેના પરથી આજે એ પણ માને છે કે શિક્ષણ માતૃભાષામાં દેવું જોઈએ. ઈઝરાયેલ કે જે આપણા દેશના દસમા ભાગમાં પણ નથી આવતો, તેવો આ દેશ વિજ્ઞાનના ક્ષેત્રમાં આપણાથી ઘણો આગળ છે. તેમજ આપણાથી દસ ગણા વધુ નોબેલ પુરસ્કારો પણ મેળવ્યા છે. તેનું કારણ માત્ર એ જ છે કે તે દેશના બાળકો માતૃભાષામાં શિક્ષણ મેળવે છે. તે જ રીતે રશિયા, ફ્રાંસ, ચીન, જર્મની જેવા દેશોમાં એમની જ માતૃભાષામાં શિક્ષણ આપવામાં આવે છે અને કોઈપણ દેશ પ્રગતિમાં પાછળ નથી રહ્યા.

ચંદ્રકાંત બક્ષીએ એક જગ્યાએ લખ્યું છે કે, 'જગતમાં કોઈ અક્કલવાળી પ્રજા બાળકને પહેલો કક્કો માતૃભાષા સિવાયનો શીખવતી નથી. વિચાર, સ્વપ્ન, લાગણી, રુદન અને ક્રોધ જેવા આવેગો જે ભાષામાં રજૂ થાય, તે શિક્ષણનું શ્રેષ્ઠ માધ્યમ ગણાય.'

શ્રી હેમશેખર શાહ જણાવે છે કે EFA Global Monitoring Report - 2005 The Quality Imperative માટે સ્વિડનની સ્ટોકહોમ યુનિવર્સિટીના ડૉ. કેરોલ બેન્સને પોતે હાથ ધરેલા એક વિસ્તૃત અભ્યાસનો અહેવાલ રજૂ કર્યો હતો. તેમના અભ્યાસનો વિષય હતો : "The importance of mother tongue - based schooling for educational quality" – તેમણે વિશ્વના વિવિધ ભાગોમાં ૧૯૭૦થી માંડીને થયેલા અનેક સર્વેક્ષણો અને અભ્યાસોને, સંદર્ભોને પોતાના શોધલેખમાં ટાંક્યા છે. આ શોધલેખમાં રજૂ થયેલી વિગતો અને તારણો ખૂબ રસપ્રદ છે. માતૃભાષામાં પ્રાથમિક શિક્ષણ એ માત્ર શક્ય કે સફળ જ નથી પરંતુ અંગ્રેજી માધ્યમના ભણતર કરતાં તેનાથી ખૂબ સારા પરિણામો દેખાયા છે. માતૃભાષામાં પ્રાથમિક શિક્ષણ લેનાર વિદ્યાર્થીઓની બીજી ભાષા અંગ્રેજી પણ ખૂબ સારી હોય છે. માતૃભાષાના સહારાથી તેમને તે બીજી ભાષામાં પણ ખૂબ સારી ફાવટ આવી જાય છે. બંને ભાષામાં તે વિદ્યાર્થી પાવરધો બને છે. વિદ્યાર્થી માતૃભાષામાં વર્ગની દરેક પ્રવૃત્તિમાં ખૂબ ઉત્સાહથી ભાગ લે છે. અભિવ્યક્તિ ખૂલે છે અને પ્રતિભા બહાર આવે છે. માતૃભાષાને કારણે બાળકો વિશેષ પ્રોત્સાહિત થાય છે. પોતાના જ્ઞાન અને અનુભવને નિ:સંકોચ રજૂ કરવાની બાળકને તક મળે છે. દરેક પ્રજાને

*ક્રોધને શાંતિથી, દુર્જનને સૌજન્યથી, કંજૂસને દાનથી, અસત્યને સત્યથી, મા-બાપને સેવાથી, પત્નીને પ્રેમથી અને પતિને સ્વાદિષ્ટ ભોજનથી જીતવા.*

પોતાની ભાષા અને સંસ્કૃતિ માટે સ્વાભાવિક લગાવ અને લાગણી હોય છે. માતૃભાષાના માધ્યમને કારણે શાળાના વર્ગમાં સાંસ્કૃતિક મૂલ્યોને સ્થાન મળવાથી બાળકના વાલીઓ ખૂબ સંતોષ પામે છે. માતૃભાષામાં શિક્ષણ આપવાને કારણે વાલીઓ શાળાની વિવિધ બાબતોમાં વિશેષ રસ લેતા થાય છે. પોતાની ભાષામાં વાત કરવાની છૂટ મળવાથી વાલીઓ શાળાના શિક્ષકો સાથે વિશેષ સંપર્કમાં આવે છે. વાલીઓના શિક્ષકો અને શાળા સાથે બંધાતો નાતો બાળકોના લાભ માટે થાય છે. પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં આપવાથી ભણવામાં બાળકોને રસ અને ઉત્સાહ ખૂબ વધે છે. અધવચ્ચે અભ્યાસ છોડી દેવાની ટકાવારીમાં ખૂબ ઘટાડો નોંધાયો છે. વર્ગમાં પ્રશ્નો પૂછવાની અને જવાબ આપવાની હિંમત બાળકમાં ખૂલે છે.

શ્રી પટ્ટનાયકના સર્વેક્ષણનો સંદર્ભ ટાંકીને ડૉ. કેરોલ બેન્સને ભારતની પણ વાત કરી છે. ભારતમાં ત્રણ ભાષા ભણાવવામાં આવે છે : પ્રાદેશિક ભાષા, રાષ્ટ્રભાષા - હિંદી અને આંતરરાષ્ટ્રીય ભાષા - અંગ્રેજી. જે વિદ્યાર્થીની પ્રાદેશિક ભાષા માતૃભાષા નથી તેવા વિદ્યાર્થીઓ ખૂબ તકલીફ અનુભવે છે. આપણા દેશની વિવિધ ક્ષેત્રની ઉચ્ચ પ્રતિભાસંપન્ન વ્યક્તિઓની જીવનકથા વાંચો. મોટેભાગે તે બધાએ પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં જ લીધું છે. 'ગીતાંજલિ' કાવ્ય સંગ્રહ માટે નોબેલ પ્રાઇઝ પ્રાપ્ત કરનાર રવીન્દ્રનાથ ટાગોર અને અર્થશાસ્ત્ર માટે નોબેલ પુરસ્કાર પ્રાપ્ત કરનાર અમર્ત્ય સેન માતૃભાષા બંગાળીમાં ભણ્યા હતા. અંગ્રેજી ભાષા સાથે જોડાવાથી પશ્ચિમી સંસ્કૃતિના આંધળા અનુકરણમાં ખૂબ વૃદ્ધિ થઈ શકે છે અને તેની સાથે જ આપણી મહાન સંસ્કૃતિ ક્ષતિ પામે છે. વિજ્ઞાનક્ષેત્રે નોબેલ પુરસ્કાર જીતનાર સી.વી. રામને પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં લીધું હતું. પ્રખ્યાત અણુવિજ્ઞાની અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ પોતાની માતૃભાષામાં ભણ્યા હતા. પદ્મશ્રી, પદ્મભૂષણ, મહારાષ્ટ્ર ભૂષણ વગેરે અનેક ખિતાબો, ઍવોર્ડ્સ પ્રાપ્ત કરનાર, સાયન્સ અને એન્જિનિયરીંગના વિષયમાં ૨૫ જેટલી યુનિવર્સિટીઓમાંથી તેમણે ડૉક્ટરેટ કરેલું છે.

જાણીતા સાહિત્યકાર વિનોબા ભાવે જણાવે છે કે શિક્ષણની બાબતમાં એક પ્રશ્ન ભારતમાં ભારે વિચિત્ર પૂછાય છે. મને લાગે છે કે આવો પ્રશ્ન દુનિયા આખીમાં બીજે ક્યાંય નહીં પૂછાતો હોય. આપણે ત્યાં હજીયે પૂછાય છે કે શિક્ષણનું માધ્યમ શું હોય? શિક્ષણ માતૃભાષા દ્વારા અપાય કે અંગ્રેજી માધ્યમ દ્વારા? આ સવાલ જ વિચિત્ર લાગે છે! આમાં વળી પૂછવાનું શું છે? આમાં બે મત હોય જ શી રીતે. ગધેડાના બચ્ચાને પૂછવામાં આવે કે તને ગધેડાની ભાષામાં જ્ઞાન આપવું જોઈએ કે સિંહની ભાષામાં. તો એ શું કહેશે? એ કહેશે કે સિંહની ભાષા ગમે તેટલી સારી હોય મને તો ગધેડાની ભાષા જ સમજાશે, સિંહની નહીં. એ તો દીવા જેવું સ્પષ્ટ છે કે મનુષ્યનું હૃદય ગ્રહણ કરી શકે એવી ભાષા માતૃભાષા જ છે અને તેના દ્વારા જ શિક્ષણ અપાય આમાં શંકાને કોઈ સ્થાન નથી. દુનિયામાં એવો બીજો કોઈ દેશ નથી કે જ્યાં શિક્ષણનું માધ્યમ માતૃભાષા નહીં અને બીજી કોઈ ભાષા હોય! જરા ફ્રાન્સમાં કે જર્મનીમાં કે રશિયામાં જઇને કહો તો ખરા કે તમને તમારી માતૃભાષા દ્વારા નહીં, અંગ્રેજી માધ્યમ દ્વારા શિક્ષણ અપાશે! તમને સાવ મૂર્ખ ગણીને તમારી વાતને હસી કાઢશે! ટૂંકમાં, સમજવું જોઈએ કે અંગ્રેજીનું સ્થાન ભલે દુનિયામાં મોટું હોય પરંતુ દુનિયા અંગ્રેજી કરતાંયે ઘણી મોટી છે. માટે આપણે શિક્ષણમાં અંગ્રેજીના ઉચિત સ્થાન વિશે સ્વસ્થતાથી વિવેકપૂર્વક વિચાર કરવો જોઈએ. અંગ્રેજીનું વધુ પડતું મહત્ત્વ આપી દઇને શિક્ષણના આપણા સમગ્ર આયોજનમાં ખલેલ પડવા દેવી જોઈએ નહીં. અંગ્રેજીને સ્થાન હોય, પણ તે પ્રમાણસરનું જ.

*સંદર્ભ : (૧) વિસરાતી જતી ગુજરાતી ભાષા અંગ્રેજી શિક્ષણની મર્યાદાઓ અને આડઅસરો પુસ્તક : હેમશેખર શાહ, (૨) શિક્ષણ-વિચાર પુસ્તક : વિનોબા ભાવે.*

***ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.***
***મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫***

**Mr. Prafulchandra Tank**
M. : +91 98250 53258
**Mr. Kishan P. Tank**
M. : +91 99258 11599

K C I
**KARMA**
**CHEMICAL INDUSTRIES**

**Manufacturer of : BASIC DYES**
**RHODAMINE B 540%**
Basic Violet 10 & Other Qualities
**BASIC RHODAMINE B BASE**
BASIC DYES FOR
**Paper, Textile Printing & Leather**

**• FACTORY •**
67/6, Phase-1, G.I.D.C. Vatva, Ahmedabad-382 445.
Ph. : (079) 25890110

**• RESIDENCE •**
21-22/D, Ramkrishna Society, Nr. Aavkar Hall,
Maninagar,Ahmedabad-380 008.
Ph.: (079) 25462812
E-mail : karmachemical@gmail.com
tankishan5115@gmail.com

# અદ્‌ભુત શાસ્ત્રીય સંગીતકાર ખય્યામની યાદ

યુસુફ મીર

સાંજના બોઝીલ વાતાવરણમાં અંતરીયાળ ગામડાંની એક ઓરડાની નિશાળની 'વસ્તી' કરી થાક્યો પાક્યો ઘેર આવેલો હું બારી ખોલી કાયમની મારી સાથીદાર આરામ ખુરશી માં પડ્યો પડ્યો બહારની દુનિયાને અનિમેષ નજરે જોતો હતો. સવારે આઢેલા ઢોર ધરવા ધરવ થઈ ખીલે બંધાવા અને ભાંભરડા નાખતા વાછરડા ધવરાવવા બને એટલી ઝડપથી ગમાણ ભણી દોડતા હતા. એમના પગની ખરીઓમાંથી ઉઠતી ગોધુલીને હું અમીટ નજરે પીતો હતો. ખુરશી નીચે પડી રહેલા મારા સદાયના સાથી રેડિયોમાંથી રેલાતી તલત મહેમૂદના થરથરાતા કંઠની મીઠાશ વાતાવરણને ઔર ગમગીન બનાવતી હતી કે :

*"શામે-ગમ કી કસમ*
*આજ ગમગીન હૈ હમ*
*આભી જા આભી જા*
*તુઝકો મેરી કસમ*
*શામે - ગમ કી કસમ."*

ફિલ્મ 'ફુટપાથ'નું આ અમરગીત દિલના બધા દર્દીઓએ ભેગા થઈ આપણી સમક્ષ મૂક્યું હતું. ગમના, વ્યથાના અદ્‌ભુત ગીત લખનાર સાહિર, શાસ્ત્રીય સંગીતના ખાં એવા ખય્યામ, થરથરાતા કંઠનો માલિક એવો તલત મહેમુદ અને આ બધાયને 'મીણ' ભણાવે એવો અદાનો શહેનશાહ દિલીપ! શ્રોતાઓના, પ્રેક્ષકોના ખર્ચેલા પૈસા વસૂલ! બાપ્પો બાપ્પો! હાલાજી તારા હાથ વખાણું, કે પટ્ટી તારા પગલા વખાણું?

જ્યારે બધા જ નીવડેલા કસબીઓ ભેગા થઇ કોઈ વિરલ રચનાનું સર્જન કરે ત્યારે તે અફલાતુન થવાની જ! શું કિયો છો?

તલત મહેમુદનો અવાજ અને અજોડ ગીતકાર સાહિરના કામણનું તો સમજ્યા મારા ભૈ, કિંતુ આ ગીતને પાછું ખય્યામનું દિલડોલ સંગીત મળ્યું હતું. એટલે જ આ ગીત 'સોને પે સુહાગા' જેવું કર્ણપ્રિય બન્યું હતું.

ભારતીય ચલચિત્ર સંગીતના ઇતિહાસમાં એક ખય્યામ જ એવા સંગીતકાર છે કે જેમના ભાગે 'સંધેડા ઉતાર' ગીતો જ આવ્યા છે. ચીલાચાલુ કે સીધાસાદા ગીતો બહુ ઓછા આવ્યા છે. મોહમ્મદ ઝહૂર હાશ્મી જેવું લાંબુલચક નામ ધરાવતા આ વિરલ સંગીતકારનો જન્મ પંજાબના રોહાન ગામ કે જે નવા શહેરની બાજુમાં આવેલું છે તેમાં ૧૮ ફેબ્રુઆરી, ૧૯૨૭ના રોજ થયો હતો. બાળપણનું નામ તો સાદાત હુસૈન હતું. નાનકડો ઝહુર બચપણથી જ ફિલ્મો અને સંગીતનો રસીયો. એટલે જેટલું ધ્યાન ભણવામાં ન રાખે તેનાથી વિશેષ સંગીત અને ફિલ્મોમાં રાખે. એટલે સત્તર વર્ષની ઉમરમાં તો લાહોરના પ્રખ્યાત સંગીતકાર બાબા ચિશ્તીના ઘરના ઉંબરા પૂજવાનું શરૂ કરી દીધું અને વધારાનું પદ્ધતિસરનું સંગીતનું જ્ઞાન પંડિત અમરનાથ પાસેથી મેળવ્યું.

પૂરતું જ્ઞાન મેળવ્યા પછી લાહોરમાં જ બાબા ચિશ્તીના સહાયક બન્યા. અને પહેલી જ ફિલ્મ ૧૯૪૮માં મળી. જેમાં રફી સાબનું ગાયેલ ગીત 'અકેલેમેં ગભરાતે હોંગે' ખૂબ જ સફળ થયું અને ખય્યામ સાહેબની નોંધ લેવાતી થઈ. તે પછીની ફિલ્મ મળી તે હતી ઝીયા સરહદીની 'ફુટપાથ.' જેમાં દિલીપ સાહેબનો લાજવાબ અભિનય, સાહિર લુધિયાનવીના અનુપમ શબ્દો અને ગાયક તલત મહેમુદનો થરથરાતો અદ્‌ભુત અવાજ, ભાઈ ભાઈ! ખય્યામનું આપેલું સંગીત સાર્થક થયું. ગીત અનુપમ લોકચાહના પામ્યું. એ પછી વિધાતાએ ખય્યામની ઝોળીમાં બીજું અનુપમ ચિત્ર નાખ્યું. તે હતું 'ઉસને કહા થા.' જેમાં પણ રાજ - માલા સિંહા રહેમાન હતા. એના ગીત પણ એટલા જ પ્રસિદ્ધ થયા. 'માના કી તેરે મેરે દિલકે અરમાનોં કી કિંમત કુછ ભી નહીં' તથા મૂકેશના કંઠે ગવાયેલું 'આસમાં પે હૈ ખુદા ઔર જમીં પે હમ' તથા 'ચીનો અરબ હમારા સારા જહાં હમારા' હર કોઈની જબાન પર રમતા થઈ ગયા હતા.

આવું જ એક બીજું અવિસ્મરણિય ચિત્ર ખય્યામના ભાગે આવ્યું હતું, જેનું નામ હતું 'શોલા ઔર શબનમ.' તેના ગીતોએ પણ તહલકો મચાવ્યો હતો. 'જાને ક્યા ઢુંઢતી રહેતી યે આંખે મુજમેં, રાખ કે ઢેર મેં શોલા હૈ ના ચિનગારી હૈ' તથા 'જીત હી લેંગે બાજી હમતુમ, ખેલ અધૂરા છૂટે ના' ના ગીતો અપાર લોકચાહના પામ્યા હતા. આ ગીતમાં ખય્યામે શ્રોતાઓની સાથોસાથ ગીતકાર કૈફી આઝમીને પણ સધિયારો આપ્યો હતો કે 'કૈફી સાબ લગે રહો - હમ તુમ્હારે સાથ હૈ'. શૌકત અને કૈફી એ સમયે એકબીજાના પ્રેમમાં 'ઊંધે કાંધ' પડ્યા હતા. કૈફી શિયા સંપ્રદાયના હતા જ્યારે શૌકત સુન્ની હતા. એટલે તો કૈફીને લખવું પડ્યું હતું કે, 'જીત હી લેંગે બાજી હમ તુમ' અને જીત્યા. પરિણામ સ્વરૂપ આપણને શબાના આઝમી જેવી સશક્ત અદાકારા મળી.

ચેતન આનંદ જેવા સિદ્ધહસ્ત ડાયરેક્ટરની નજરમાંથી ખય્યામ

*શુભ કાર્યો કરવાના સંકલ્પ સમયથી જ સંજોગો સુધરવાનું શરૂ થઈ જાય છે.*

કેવી રીતે છટકી શકે? પરિણામ સ્વરૂપ ફિલ્મ 'આખરી ખત'નું 'બહારો મેરા જીવન ભી સંવારો'નો અદ્ભુત અંતરો 'તુમ્હી સે દિલને શીખા હૈ તડપના તુમ્હી કો દોષ દૂંગી'માં સ્વર કિન્નરી લતાનો આલાપ જાણે અષાઢી માહોલમાં ગરમા ગરમ દાળવડાની જ્યાફત! બહુ ઓછા ગીતો આવા હશે જે દિલો દિમાગને તરબતર કરે! તથા આ જ ફિલ્મનું રફી લતાનું ડ્યુએટ 'મેરે મહેબુબ ન જા, આજ કી રાત ન જા...' મારા તમારાથી વિસરાશે ખરું?

ઘણા સંગીતકારો એવા હતા કે જે પોતાના સંગીત થકી આખી ફિલ્મ પોતાના ખભા ઉપર ઉંચકી તેને સફળ બનાવતા. જેમકે નૌશાદ, સી. રામચંદ્ર, રોશન, જયદેવ અને ખય્યામ. ખય્યામ જેટલા શાસ્ત્રીય ગીતોમાં જામ્યા છે, એટલા જ હલકા ફુલકા ગીતોમાં પણ નિખર્યા છે. 'લાલારૂખ'નું 'હૈ કલી કલી કે લબ પર તેરે હુશ્ન કા અફસાના' એનું જ્વલંત ઉદાહરણ છે.

ખય્યામ પાછા મુકદરના સિકંદર હતા. તેમને જીવન સંગીની મળી તે પણ બેનમૂન ગાયિકાના રૂપમાં મળી. તે હતા ગાયિકા જગજીત કૌર. આમ તો જગજીતે ઘણા ગીતો ગાયા છે પણ તેઓ જાણીતા છે, તેમની ગાયેલી અદ્ભુત ગઝલ "તુમ અપના રંજોગમ, અપની પરેશાની મુઝે દેદો" અને એવું એમણે ખય્યામના જીવનમાં પ્રવેશી, કરી બતાવ્યું હતું. એમણે ખય્યામને દરેક રીતે માલામાલ કરી દીધા હતા અને એમનું જીવન અભરે ભરી દીધું હતું અને ખય્યામે પણ સંતોષનો પડઘો પાડતા હોય તેમ આ સંગીતકારે પોતાની પત્નીને હૃદયાંજલી આપી હતી કે 'કભી કભી મેરે દિલમેં ખયાલ આતા હૈ કે જૈસે તુમકો બનાયા ગયા હૈ મેરે લીયે...' અને એટલે જ ખય્યામ પોતાની એક બીજી ફિલ્મમાં રફી-સુમનના યુગલ ગીતમાં પોતાની અભિલાષા વ્યક્ત કરે છે કે 'ઠહરિયે હોશમેં આયે તો ચલે જાઈયેગા.'

૧૯૬૦થી ૭૦નો દાયકો ખય્યામ માટે સુવર્ણયુગ હતો. તેમાં પણ યશ ચોપરાની 'કભી કભી'એ તો કમાલ કરી હતી. જેમાં ખય્યામને મૂકેશનો ભરપૂર સહયોગ મળ્યો હતો. આના પછી આવેલું એક ચિત્ર 'શંકર હુસેન'નું રફીએ ગાયેલું ગીત 'કહીં એક માસુમ સી નાજુક સી લડકી' અદ્ભુત લોકચાહના પામ્યું હતું.

ફિલ્મ 'ઉમરાવ જાન'ની વાત વગર ખય્યામની સાચી ઓળખ ના મળે. આશા દીદીનો અવાજ અને રેખાની આપવીતી અદાકારીને શાયર શહરયારે મખમલી શબ્દોને ખય્યામે જે ન્યાય આપ્યો છે તે નિહાળી આફરીન પોકારી જવાય છે. તેમાંય તેની ત્રણ ચાર બેનમૂન ગઝલોમાં આશાનો સૂરીલો અવાજ અને રેખાની અદાકારી આપણને તેમના જૂના પ્રીતિપાત્ર એ.બી. અને ઓ.પી.ની યાદ અપાવી જાય છે અને વિફળ 'અફેર'ની યાદ તાજી કરાવે છે. "જુસ્તજુ જીસકીથી ઉસકો તો ન પાયા હમને" ગાતી આશા ને રેખાની ભૂતકાળ યાદ તાજા કરાવતી હશે નહીં?

ખય્યામની યશકલગીનું બીજું ગુચ્છ એટલે ગોવિંદ નિહલાનીની 'બાઝાર.' આવી ક્લાસિક ફિલ્મ અમુક સમયે જ આવે છે. નસરુદ્દીન શાહ, ફારૂખ શેખ અને સુપ્રિયા પાઠક (જો કે અત્યારે અપ્રિયા લાગે!)ની અદાકારીથી શોભતું અને મીરતકીમીર અને મખ્દુમ મોહયુદ્દીનની અમર ગઝલોથી શોભતું આ અનુપમ ચિત્રરત્નને ખય્યામે ઉચિત ન્યાય આપ્યો છે.

ખય્યામની જીવન કથાની વાતો કરવા બેસીએ તો રાતોની રાતો જાય. ત્રણથી ચાર વાર ફિલ્મફેર ઍવોર્ડ વિજેતા, નાટક એકેડેમિ વિજેતા, પદ્મભૂષણથી સન્માનિત આ સંગીતકારે મિરઝા ગાલીબ, અલી સરદાર જાફરી, નક્શ લાયલપુરી, નિદા ફાજલી, એહમદ વાસી જેવા શાયરોની ગઝલોને પોતાના સંગીતથી સજાવી છે. પણ મારે 'રાત થોડી અને વેશ ઝાઝા' જેવું છે. ખય્યામની જેટલી સારી બાબતો ઉજાગર કરી, એનાથી ચાર ઘણી સામે આવે છે. એટલે પટ છોડતા પહેલાં ખય્યામના માનવીય અભિગમની માનવજાતની સેવા કરવાની સાફ દાનતની વાત ન કરું તો એમને અન્યાય થયેલો ગણાય. અને તે એ કે ખય્યામે "ખય્યામ - જગજીત ચેરીટેબલ ટ્રસ્ટ" બનાવ્યું હતું અને સંઘર્ષ કરતા હીરો હીરોઈનોને, સંગીતકારોને, ટેકનિશિયનોને અવારનવાર માતબર રકમની મદદ કરતા હતા અને તે પણ તેમના એકના એક પુત્ર પ્રદીપ, જે ભર જુવાનીમાં હાર્ટ એટેકથી મૃત્યુ પામ્યો હતો તેની યાદમાં તેમણે જરૂરિયાતવાળાને મદદ કરવા તેમની તમામ સંપત્તિ – દસ કરોડ દાનમાં આપી દીધી હતી અને મરતા પહેલા પુલવામામાં માર્યા ગયેલા માટે પણ કંઈક કરી છુટવાની તેમની મહેચ્છા હતી પણ નિષ્ઠુર કુદરતને તે મંજૂર નહોતું.

૨૮મી જુલાઈ, ૨૦૧૯માં ખય્યામને મુંબઈની સુજય હોસ્પિટલમાં દાખલ કર્યા. ફેફસાંની બીમારીથી પીડિત આ લિજેન્ડરી સંગીતકાર પચ્ચીસેક દિવસ હોસ્પિટલમાં રહ્યા અને ૧૯ ઓગસ્ટ, ૨૦૧૯માં આ ફાની દુનિયા છોડી ગયા. આપણે તો તેમની યાદમાં શ્રદ્ધાસુમન અર્પીને એટલું જ કહેવાનું કે :

*બડી વફા સે નિભાઈ તુમને*
*હમારી થોડી સી બેવફાઈ.*

ઠીક તંઈ જાવા દિયો, બાકી આપણને તો મોબત ખપે!

- **તબ્બરૂક :**

*તુમ્હારી યાદ કે જબ જખ્મ ભરને લગતે હૈં*
*કિસી બહાને તુમે યાદ કરને લગતે હૈં.*
*હર અજનબી હમેં મરહમ દિખાઈ દેતા હૈ,*
*જો અબ ભી તેરી ગલીસે જો ગુજરતે હૈં.*

***(ફૈઝ એહમદ ફૈઝ)***

***રહેમાની સોસાયટી, રોયલ અકબર ટાવરની પાછળ, જુહાપુરા, અમદાવાદ. મો. ૬૩૫૧૮૧૨૭૮૮***

# શરીર શાસ્ત્ર : માનવ શરીર

*વૈજ્ઞાનિકો માનવ શરીરને જાણી શા માટે અચરજ પામી રહ્યા છે...!*
*માનવ શરીર અદ્ભુત છે.*

★ **મજબૂત ફેફસાં :** આપણા ફેફસાં દરરોજ ૨૦ લાખ લીટર હવાને ફિલ્ટર કરે છે. આપણને એનો અંદેશો પણ નથી આવતો. જો ફેફસાંને ખેંચવામાં આવે, તો તે ટેનિસ કોર્ટના એક હિસ્સાને આવરી લેશે.

★ **આવી કોઈ ફેક્ટરી નથી :** આપણું શરીર દર સેકન્ડે ૨૫ કરોડ નવા સેલ બનાવે છે. વળી દરરોજ ૨૦૦ અબજથી વધુ રક્ત કોશિકાઓ ઉત્પન્ન થાય છે. દર વખતે શરીરમાં ૨૫૦૦ અબજ રક્ત કોષો હોય છે. લોહીના એક ટીપામાં ૨૫ કરોડ કોશિકાઓ છે.

★ **લાખો કિલોમીટર મુસાફરી :** માનવ રક્ત દરરોજ શરીરમાં ૧,૯૨,૦૦૦ કિ.મી. મુસાફરી કરે છે. આપણા શરીરમાં સરેરાશ ૫.૬ લીટર લોહી છે, જે દર ૨૦ સેકંડે એકવાર સમગ્ર શરીરમાં ફરી લે છે.

★ **ધબકારા :** તંદુરસ્ત વ્યક્તિનું હૃદય દરરોજ ૧,૦૦,૦૦૦ વખત ધબકે છે. તે વર્ષમાં ૩૦ કરોડ કરતાં વધુ વખત ધડકી ચૂક્યું હોય છે. હૃદયના પમ્પિંગનું દબાણ એટલું વધારે હોય છે કે તે લોહીને ૩૦ ફૂટ જેટલું ઉપર ઉછાળી શકે છે.

★ **બધા કેમેરા અને દૂરબીન નિષ્ફળ :** માનવ આંખ એક કરોડ રંગો વચ્ચેનો બારીકમાં બારીક તફાવત પારખી શકે છે. હાલમાં વિશ્વમાં એવું કોઈ મશીન નથી જે તેની સાથે સ્પર્ધા કરી શકે.

★ **નાકમાં એર કન્ડિશનર :** આપણા નાકમાં કુદરતી એર કન્ડિશનર છે. તે ઠંડી હવાને ગરમ અને ગરમ હવાને ઠંડી કરી ફેફસાંમાં જવા દે છે.

★ **કલાક દીઠ ૪૦૦ કિ.મી.ની ગતિ :** ચેતાતંત્ર શરીરના બાકી હિસ્સામાં કલાકના ૪૦૦ કિ.મી.ની ઝડપે જરૂરી સૂચનાઓનું પ્રસારણ કરે છે. માનવ મગજમાં ૧૦૦ અબજ કરતાં વધુ નર્વ સેલ્સ છે.

★ **જબરદસ્ત મિશ્રણ :** શરીરમાં ૭૦ ટકા પાણી છે. આ ઉપરાંત મોટા પ્રમાણમાં કાર્બન, જસત, કોબાલ્ટ, કેલ્શિયમ, મેગ્નેશિયમ, ફોસ્ફેટ, નિકલ અને સીલીકોન છે.

★ **અજબ છીંક :** છીંકતી વખતે બહાર ફેંકાતી હવાની ઝડપ પ્રતિ કલાક ૧૬૬થી ૩૦૦ કિ.મી. સુધી હોઈ શકે છે. ખુલ્લી આંખે છીંકવું અશક્ય છે.

★ **બેક્ટેરીયાનું ગોદામ :** માનવ શરીરનું ૧૦ ટકા વજન એમાં રહેલા બેક્ટેરીયાને કારણે છે. એક ચોરસ ઇંચ ત્વચામાં ૩.૨ કરોડ બેક્ટેરીયા હોય છે.

★ **ઇએનટીનું વિચિત્ર વિશ્વ :** આંખો બાળપણમાં જ પૂરેપૂરી વિકસી ચૂકે છે. બાદમાં તેમાં કોઈ વિકાસ થતો નથી. જ્યારે નાક અને કાનનો વિકાસ સમગ્ર જીવન પર્યંત ચાલુ રહે છે. કાન લાખો અવાજોમાં ભેદ પારખી શકે છે. કાન ૧૦૦૦થી ૫૦,૦૦૦ હર્ટ્ઝ વચ્ચેનાં અવાજના મોજા સાંભળી શકે છે.

★ **દાંતની કાળજી લો :** માનવ દાંત શિલા જેવા મજબૂત છે. પરંતુ શરીરના અન્ય ભાગો પોતાની કાળજી પોતે જ લે છે, જ્યારે દાંત બીમાર થયા પછી પોતાને સુધારવા માટે સક્ષમ નથી.

★ **મોંમાં ભીનાશ :** માનવ મોંમાં દરરોજ ૧.૭ લીટર લાળ બને છે. લાળ ખોરાકનું પાચન કરે છે. તે ઉપરાંત જીભમાં રહેલી ૧૦,૦૦૦ કરતાં વધુ સ્વાદ ગ્રંથિઓને ભેજવાળી રાખે છે.

★ **પલક ઝપકતાં :** વૈજ્ઞાનિકો માને છે કે પલક ઝપકવાથી આંખોનો પરસેવો બહાર નીકળે છે અને તેમાં ભીનાશ જળવાઈ રહે છે. પુરુષોની સરખામણીમાં સ્ત્રીઓ બમણી વાર પલક ઝપકાવે છે.

*દૂધ, ફળ, દવા, પાણી, કંદમૂળ, કોઈપણ દેવી કે દેવતાનો પ્રસાદ લેવાથી ઉપવાસ કે વ્રતભંગ થતો નથી.*

★ **નખની કમાલ :** અંગુઠાના નખ સૌથી ધીરે ધીરે વધે છે. જ્યારે મધ્યમ આંગળીના નખ સૌથી વધુ ઝડપે વિકસે છે.

★ **દાઢીના વાળ :** પુરુષોમાં દાઢીના વાળ સૌથી ઝડપી વધે છે. જો કોઈ વ્યક્તિ આખું જીવન દાઢી ના કરે તો એની દાઢી ૩૦ ફૂટ લાંબી હોઈ શકે છે.

★ **ખોરાકનું ગણિત :** વ્યક્તિ સામાન્ય રીતે ખાવા પાછળ પાંચ વર્ષની જિંદગી ખર્ચે છે. જીવનપર્યંત આપણે આપણા વજન કરતાં ૭,૦૦૦ ગણો વધારે ખોરાક ખાધો હોય છે.

★ **વાળ ખરવાની પરેશાની :** એક તંદુરસ્ત માણસના માથામાંથી દરરોજ ૮૦ વાળ ખરતા હોય છે.

★ **ડ્રીમ વર્લ્ડ :** બાળક દુનિયામાં આવે તે પહેલા પણ એટલે કે માતાના ગર્ભાશયમાં જ સ્વપ્ન જોવાનું શરૂ કરે છે. વસંતઋતુમાં બાળક ઝડપથી વિકાસ પામે છે.

★ **ઊંઘનું મહત્ત્વ :** ઊંઘ દરમિયાન માણસની ઉર્જા બળે છે. મગજ મહત્ત્વપૂર્ણ માહિતીનો સંગ્રહ કરે છે. શરીરને આરામ મળે છે અને સમારકામનું કામ પણ થાય છે. ઊંઘ દરમિયાન જ શારીરિક વિકાસ માટે જરૂરી હોર્મોન્સ મુક્ત થતા હોય છે.

***તેથી તમારા કિંમતી શરીરનું ઓછું મૂલ્યાંકન કરશો મા...***

***માટે ભગવાનને દિવસમાં ૩ વાર અચૂક યાદ કરશો. (આભાર પ્રગટ કરશો) – સવારે ઉઠીને, જમતી વખતે અને રાતે સુતી વખતે.***

## કોર્પોરેટ મેનેજમેન્ટ

હોંગકોંગની એક બેંકમાં લૂંટ દરમ્યાન, એક લૂંટારાએ બેંકમાં જઇને જોરથી બૂમ પાડી : 'હલનચલન કરશો નહીં. પૈસા સરકારના છે. તમારું જીવન તમારું પોતાનું છે. એ તમારા માટે બહુ કિંમતી છે.'

બેંકમાં બધા શાંતિથી જમીન સરસા થઈ ગયા.

(આને માનસિકતા પરિવર્તનનો સિદ્ધાંત – 'માઇન્ડ ચેન્જિંગ કોન્સેપ્ટ' કહેવામાં આવે છે. જે પરંપરાગત વિચારસરણીની રીત બદલી રહ્યો છે.)

જ્યારે કોઈ મહિલા ઉશ્કેરાટ દર્શાવતી ટેબલ પર સૂતી ત્યારે લૂંટારાએ તેના પર બૂમ પાડી : 'કૃપા કરીને સભ્યતા જાળવો. આ લૂંટ છે!'

(આને 'ધંધાદારી અભિગમ - બીઈંગ પ્રોફેશનલ' કહેવામાં આવે છે. તમે જે કામગીરી કરવા માટેની તાલીમ પામ્યા હશો તેના પર જ ધ્યાન કેન્દ્રિત કરો!)

જ્યારે બેંક લૂંટારાઓ ઘરે પરત ફર્યા ત્યારે નાના યુવા લૂંટારુ (એમ.બી.એ. થયેલા)એ વૃદ્ધ લૂંટારા (જેણે પ્રાથમિક શાળામાં માત્ર છ ધોરણનું શિક્ષણ લીધું છે) ને કહ્યું : 'મોટાભાઈ, ચાલો ગણતરી કરીએ કે આપણને કેટલું ધન મળ્યું!'

વૃદ્ધ લૂંટારાએ એ વાતનો વિરોધ કરતા કહ્યું : 'તમે ખૂબ જ મૂર્ખ છો. ઘણા બધા પૈસા છે અને તે ગણવામાં આપણો ખૂબ સમય બરબાદ થસે. આજે રાત્રે ટી.વી. સમાચારમાં આપણને જાણવા મળશે કે આપમે બેંકમાંથી કેટલું ધન લૂંટ્યું છે!'

(આને 'અનુભવ' કહેવામાં આવે છે. આજકાલ અનુભવ કાગળ ઉપરની લાયકાત કરતાં વધુ મહત્ત્વનો છે!)

લૂંટારુઓ નાસી ગયા પછી બેંક મેનેજરે બેંક સુપરવાઇઝરને કહ્યું કે પોલીસને ઝડપથી બોલાવો. પરંતુ સુપરવાઇઝરે તેને કહ્યું : 'રાહ જુઓ! આપણે બેંકમાંથી ૧૦ મિલિયન ડોલર આપણા માટે બહાર કાઢી લઈએ અને તેને ૭૦ મિલિયન ડોલરમાં ઉમેરીએ, જે આપણે અગાઉ બેંકમાંથી ગપચાવ્યા હતા.'

(તેને 'પવન પ્રમાણે પીઠ' કહેવામાં આવે છે. પ્રતિકૂળ પરિસ્થિતિને તમારા ફાયદામાં ફેરવી દો.)

સુપરવાઇઝર કહે છે : 'દર મહિને આવી લૂંટ થાય તો કેવું સારું.'

(તેને 'બદલતો અગ્રતા ક્રમ' કહેવામાં આવે છે. તમારી નોકરી કરતાં વ્યક્તિગત સુખ વધુ મહત્ત્વનું છે.)

બીજા દિવસે ટી.વી. ન્યુઝે અહેવાલ આપ્યો કે બેંકમાંથી ૧૦૦ મિલિયન ડોલર લૂંટી લેવામાં આવ્યા હતા. લૂંટારાઓ લૂંટના ડોલર ગણ્યા અને ફરીથી ગણ્યા અને ફરીથી ગણ્યા. પરંતુ તે માત્ર ૨૦ મિલિયન ડોલર જ હતા!

લૂંટારાઓ ખૂબ જ ગુસ્સે થયા અને ફરિયાદ કરતા હતા : 'અમે અમારા જીવને જોખમમાં મૂક્યો અને માત્ર ૨૦ મિલિયન ડોલર લીધા. બેંક મેનેજરે તેમની આંગળીઓના ટેરવે ૮૦ મિલિયન ડોલર મારી લીધા. એવું લાગે છે કે ચોર બનવા કરતાં શિક્ષિત થવું વધુ સારું છે!'

(આને કહેવાય છે, 'જ્ઞાન સોના જેટલું મૂલ્યવાન છે!)

***બોધ : આ અદ્‌ભુત કથા કોર્પોરેટ મેનેજમેન્ટ અંગેનો મસ્ત બોધપાઠ છે!!***

***જ્યારે મુશ્કેલીઓ આવી પડે ત્યારે સંકોચ વગર વડીલોનું માર્ગદર્શન મેળવો.***

# ખીચડી : જમો અને જમાડો

બાબુભાઈ ભવાનજી
Ex-Dy. Mayor - Mumbai

થોડાં વર્ષો પહેલાં પ્રાચીન ભારતની વિરાસતમાં રસ પડ્યો. પ્રકૃતિને ખૂબ નજીકથી જોવા અને સમજવા લાગ્યા. વિશ્વમાં જંકફૂડ અને ફાસ્ટફૂડનો વધેલો વ્યાપ અને તેના કારણે થતાં નુકસાનને લીધે દિલ દ્રવી ઉઠ્યું. ભારતીય ખાણીપીણી સંસ્કૃતિનો અભ્યાસ કર્યો. ખીચડી એક એવી વાનગી છે જે અનેક રીતે વિશિષ્ટ છે. નાના હતા ત્યારે ખીચડી ખાતા, પરંતુ ખીચડીમાં આટલી બધી શક્તિ છે એની કલ્પના નહોતી.

જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના પ્રોફેસર ગોલકિયા સાહેબે ખીચડી અંગે ખાંખાખોળા કર્યા. આગળ જતાં વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીએ પણ ખીચડી ઉપર સંશોધન કર્યું કે ખીચડી ગરીબ કે બિચારી નથી, એ તો મોટો વૈભવ છે.

૧૦ હજાર વર્ષ પહેલાં ખીચડી હતી. આયુર્વેદ, ઋષિ મુનિઓ પણ ખીચડીની હિમાયત કરતા.

મગ અને ચોખા બંને અત્યંત પવિત્ર અને શક્તિશાળી ધાન્ય છે. ખીચડી એ શુકનવંતો આહાર છે. ખીચડી માના દૂધ જેવી પવિત્ર છે. દેવ અને દેવીઓને પણ ખીચડી વહાલી છે. તેના અપાર અને અમાપ ગુણ છે. એ માત્ર ચાર કલાકમાં ડાઈજેસ્ટ થઈ જાય છે. ખીચડી ખાવાથી મન પણ નિર્મળ થાય છે. આપણે ત્યાં કહેવત છે કે, 'જેવું અન્ન, તેવું મન.'

મગ-ચોખાની બનેલી ખીચડીમાં ગાયનું ઘી ઉમેરીને ખાવાથી શરીર અને મનને મોટો ફાયદો થાય છે.

લોકોના તન અને મન સ્વસ્થ થાય, આત્મહત્યાઓ ઘટી જાય.

બ્રહ્મ ખીચડીમાં વિવિધ પ્રકારનાં શાકભાજી હોય છે. જે ખાનારને ભોજનના સંતોષની અનુભૂતિ કરાવે છે. બીજું, ફુદીના ખીચડી જે ઘણા રોગો મટાડે છે.

આપણી અનેક વાનગીઓ વિશિષ્ટ છે. દેશી હાંડવો ૫૦૦ વર્ષ જૂનો છે. અનેક ચટણીઓ ૧૦૦-૧૫૦ વર્ષ જૂની છે. આ બધા પોષક તત્ત્વોનો ભંડાર છે. તેમનું કહેવું છે કે ખીચડીમાં તો ૧૬ પ્રકારના પોષક તત્ત્વો હોય છે. તેમાં એનર્જી (૨૮૦ કેલેરી), પ્રોટીન (૭.૪૪ ગ્રામ), કાર્બોહાઈડ્રેટ (૩૨ ગ્રામ), ટોટલ ફેટ (૧૨.૬૪ ગ્રામ), ડાયેટરી ફાઈબર (૮ ગ્રામ), વિટામિન-એ (૯૯૪.૪ આઈયુ), વિટામિન-બી૬ (૦.૨૪ મિલિ ગ્રામ), વિટામિન-સી (૪૬.૩૨ મિલિ ગ્રામ), વિટામિન-ઈ (૦.૩૨ આઈયુ), કેલ્શિયમ (૭૦.૩૨ મિલિ ગ્રામ), આયર્ન (૨.૭૬ મિલિ ગ્રામ), સોડિયમ (૧૦૧૫.૪ મિલિ ગ્રામ), પોટેશિયમ (૭૫૩.૬૪ મિલિ ગ્રામ), મેગ્નેશિયમ (૭૧.૧૨ મિલિ ગ્રામ), ફોસ્ફરસ (૧૩૮.૩૨ મિલિ ગ્રામ) અને ઝીંક (૧.૧૨ મિલિ ગ્રામ) હોય છે.

ખીચડી માટીના વાસણમાં બનાવવામાં આવે તો તેની ગુણવત્તા અને સ્વાદ વધી જાય છે તેવું કહેવાય છે. જૂના કાળમાં લોકો માટીના વાસણમાં જ ખીચડી બનાવતા હતા.

'તૈતરીય ઉપનિષદ'ના એક શ્લોકનો હવાલો કહે છે કે, 'અન્ન બ્રહ્મ છે કારણકે અન્નથી જ દરેક પ્રાણી ઉત્પન્ન થાય છે. ઉત્પન્ન થયા પછી અન્નથી જ તે જીવિત રહે છે અને છેલ્લે મરણ પશ્ચાતમ પણ અન્નમાં જ પ્રવેશ કરી જાય છે.'

ભગવદ્ ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે કે, મનુષ્યના શરીરમાં હું જઠરાગ્નિ સ્વરૂપે વસું છું. તેમણે એમ પણ કહ્યું છે કે, આયુષ્ય, બળ, આરોગ્ય, સુખ અને પ્રીતિ વધારનાર, સડો ન થાય અને સ્થિર રહે તેવો, હૃદયને વલોપાત ન કરાવે તેવો, રસાવાળો, ચીકાશવાળો હોય તેવા આહારના પદાર્થો સાત્ત્વિક મનુષ્યોને પ્રિય હોય છે. આપણી ખીચડીમાં આ બધા ગુણો સામેલ છે.

એ સમય ખૂબ ઝડપથી આવશે કે લોકો સનાતન સત્યને સમજીને પાછા ભારતીય ખાણીપીણી તરફ પાછા વળશે. ખીચડી તેમાં સર્વોત્તમ છે. એટલે લોકો ચોક્કસ ખીચડીમય બનશે. અને એ વખતે લોકોનું સ્વાસ્થ્ય સુધરશે. ભલે અત્યારે આપણે ખીચડીને ભૂલી ગયા છીએ પણ દેશ-વિદેશના અનેક વ્યંજનો કરતાં આપણી આ ખીચડી હજારો ગણી ચડિયાતી છે.

એક બાજુ કરોડો યુવાનો રોજ ફાસ્ટફૂડ ખાઈને પોતાનું આરોગ્ય બગાડી રહ્યા છે અને બીજી બાજુ તેઓ ખીચડી જેવા પરમ ખોરાકથી દૂર રહીને મોટું નુકસાન પણ વેઠી રહ્યા છે.

આજથી જ ચાલુ કરો.... ખીચડી. ■

*જે ભાગ્યમાં લખેલું છે, તે ક્યારેય મિથ્યા થતું નથી.*

# ઘઉંની રોટલી હવે ગાયબ થશે, તમારા ભાણામાંથી

એક ખૂબ જાણીતા હાર્ટ સ્પેશિયાલિસ્ટ સમજાવે છે કે તમારે તમારી તંદુરસ્તીને સુધારવા માટે તમારા ભોજનમાં ઘઉંનો ત્યાગ કરો.

વિલિયમ ડેવિસ (MD - Cardiologist) પોતાની કારકિર્દીની શરૂઆતમાં એન્જિયોપ્લાસ્ટી અને બાયપાસ સર્જરી કરતા હતા. કારણકે તેમને એ જ કરવા માટેનું શિક્ષણ (ટ્રેનિંગ) મળી હતી. પણ ૧૯૯૫માં જ્યારે મારી મમ્મીને સારામાં સારી ટ્રીટમેન્ટ મળ્યા પછી પણ એનું મૃત્યુ થયું, ત્યારે મને મારા શિક્ષણમાં શું શું ખામી છે, એ શોધવા માટે મેં પ્રયત્ન શરૂ કર્યા.

હું કોઈપણ દર્દીના હૃદયનું ઑપરેશન કરીને તેને સાજો કરતો. એ દર્દી થોડા સમય પછી મારી પાસે એ જ હૃદયની બીમારી લઈને પાછો મારી પાસે આવતો. ત્યારે મને સમજાયું કે હું ફક્ત પાટાપિંડી જેવી સારવાર કરું છું. એ બીમારીનું ખરેખર કારણ શું છે, એ જાણવાનો પ્રયત્ન કરતો નથી. એટલે એ ડોક્ટરે એના પછી સતત ૧૫ વર્ષ સુધી આ બાબત (હૃદયની આ બીમારી) માટે ખૂબ સંશોધન કર્યું. અને આ સંશોધન પછી "Wheat Belly" (New York Times Best Selling Book) બહાર પાડી. જેમાં એણે ખૂબ જ વિસ્તારથી લખ્યું છે કે, હૃદય વિકાર, ડાયાબિટીસવાળા અને જાડા (વધારે વજનવાળા) લોકો તેમની ઘઉં ખાવાની આદતથી આ બીમારીનો ભોગ બને છે.

ભોજનમાંથી જો ઘઉંની વાનગીઓને બાકાત કરશો તો તમે તમારી તંદુરસ્તી સુધારવામાં ખૂબ મદદગાર થઈ શકશો.

***આ પુસ્તક 'Wheat Belly"માં શું જણાવ્યું છે?***

ઘઉં તમારા શરીરના લોહીમાં સાકરનો ઝડપથી વધારો કરે છે. માત્ર બે રોટલી, એક મીઠાઈના ટુકડાથી પમ વધારે સાકરનું પ્રમાણ લોહીમાં વધારે છે.

જ્યારે મારી સલાહથી દર્દીઓએ ઘઉંની બનાવટનું ભોજન ખાવાનું છોડી દીધું ત્યારે એમનું વજન ખૂબ ઝડપથી ઓછું થયું અને એમના પહેલા મહિનામાં પેટ અને કમરની સાઈઝમાં સારો એવો ઘટાડો થયો અને હવે મેં વધારે વજન, મેદસ્વીપણું, એની સાથે ઘઉંનો શું સંબંધ છે, એની સરખામણી કરવાનું શરૂ કર્યું.

મારા ૮૦ ટકા દર્દીઓ ડાયાબિટીસમાં શરૂઆતના કે બીજા સ્ટેજમાં હતા. મારી સલાહથી જ્યારે તેમણે તેમના ભોજનમાંથી ઘઉંનો ત્યાગ કર્યો, ત્યારે માત્ર ૩ થી ૪ મહિનામાં એમનામાં બ્લડ સુગરનો ખાસ્સો એવો ઘટાડો નોંધાયો. પણ એની સાથે બીજું ઘણું બદલાયું.

એક દર્દીએ જ્યારે ઘઉં બંધ કર્યા ત્યારે તેના વજનમાં ૪ મહિનામાં ૧૫-૧૬ કિલોનો ઘટાડો થયો. એને શ્વાસની તકલીફ (અસ્થમા) એટલી હદે દૂર થઈ કે એણે ઇન્હેલર (Inhaler) લેવાનું છોડી દીધું. એને છેલ્લા ૨૦ વર્ષથી માઈગ્રેન (સખત માથાનો દુઃખાવો)ની બીમારી હતી, એ દૂર થઈ ગઈ. એની મરડાની, તેમજ અલ્સર, ઘુંટણનો દુઃખાવો, નિંદર નહીં આવે, વગેરે પ્રકારની ઘણી બધી બીમારીઓ દૂર થઈ ગઈ.

હવે તમે ઘઉંનું રાસાયણિક વિશ્લેષણ કરશો તો એમાં 'એમાયલોપેક્ટીન' નામનું તત્ત્વ હોય છે. જેનાથી આપના લોહીમાં "LDL" નામના કોલેસ્ટેરોલનો વધારો થાય છે. જેના લીધે હૃદયના રોગ થાય છે. જ્યારે તમે તમારા ભોજનમાંથી ઘઉંનો ત્યાગ કરો છો ત્યારે આ કોલેસ્ટેરોલનું પ્રમાણ એકદમ (૮૦-૯૦%) ઘટી જાય છે.

બીજું, ઘઉંમાં (Gliadin) ગલાયદીન નામનું તત્ત્વ હોય છે. જેથી તમને ભૂખ વધારે લાગે છે. તેથી તમારો રોજનો ૪૦૦ કેલેરી જેટલો વધારે ખોરાક ખવાઈ જાય છે. આ તત્ત્વ તમને વધારે ખાવાની આદત પાડે છે.

શું ઘઉંના ત્યાગથી આપણે ગ્લુટેન ફ્રી ભોજન ખાઈએ છીએ?

'ગ્લુટેન' એ તો ઘઉંનું માત્ર એક તત્ત્વ છે. જો તમે ઘઉંમાંથી ગ્લુટેન બાદ કરો, પછી પણ ઘઉં આપણા માટે નુકસાનકારક છે કારણકે હજુ એમાં ગલાયદીન અને અમયલોપેક ટીન જેવા તત્ત્વ જેનાથી લોહીમાં સુગર ખૂબ વધી જાય છે તે રહેલા હોય જ છે.

હું લોકોને સલાહ આપીશ કે તેઓ તેમના ભોજનમાં ફળ, શાકભાજી, ડ્રાય ફ્રુટ (બદામ, કાજુ, અખરોટ), કઠોળ (મગ, ચણા), દાળ ભાત અને જુવાર, બાજરી જેવા પદાર્થો વધારે ખાવાની ટેવ પાડે.


ઘઉંમાં ૧૯૭૦-૮૦થી વધારે પાક લેવાની તેમજ હાઈબ્રિડ જાત લેવાની ટેકનિકથી એમાં ગ્લુટેન અને ગલાયડીનનું પ્રમાણ ખૂબ વધી ગયું છે.

જો આપ ઘઉંની રોટલી, બ્રેડ, પાસ્તા રોજ ખાવાનું બંધ કરીને બાજરી, જુવારના રોટલા અને દાળ - ભાત - શાક શરૂ કરશો તો આપનું વજન ઘટશે અને તમારું બ્લડ સુગર ઓછું થશે. તમારા ભોજનનું પ્રમાણ ઓછું થશે. તમારું હૃદય, શરીર વધારે તંદુરસ્ત બનશે. ■

*માણસને જે વહાલું હોય છે, તેના અવગુણ દેખાતા નથી અને જે અળખામણું હોય છે, તેના સદ્‌ગુણો દેખાતા નથી.*

# માનસિક બીમારીઓ અંગે પ્રવર્તતી ગેરસમજ અને વૈજ્ઞાનિક સત્ય : ભાગ-૨

**(Mental Illness : Misunderstanding and Scientific Facts : Part-2)**





ડૉ. મણિલાલ ગડા
(મનોચિકિત્સક)

ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

ગયા લેખમાં આપણે માનસિક બીમારીઓ વિશે વૈજ્ઞાનિક સત્ય વિશે જાણકારી મેળવી.

- **વૈજ્ઞાનિક સત્ય-૧ :** ***માનસિક બીમારીઓ ખરેખર બીમારીઓ છે.***
- **વૈજ્ઞાનિક સત્ય-૨ :** ***માનસિક બીમારીઓમાં બ્રેઈનમાં આવેલા અવયવોમાં શારીરિક ફેરફારો થાય છે.***

આપણે જાણ્યું કે નેશનલ મેન્ટલ હેલ્થ સર્વે (ભારત)ના સર્વેક્ષણ મુજબ ભારતમાં વસ્તીના ૧૪% લોકો માનસિક બીમારીઓથી પીડાય છે. એટલે કે સામાન્ય વસ્તીમાં દર ૭ વ્યક્તિએ એક વ્યક્તિ માનસિક બીમારીની શિકાર બનેલ છે.

વિશ્વ આરોગ્ય સંસ્થાએ બીમારીઓનું (શારીરિક તથા માનસિક) ઊંડાણમાં વર્ણન કરતું પુસ્તક "આંતરરાષ્ટ્રીય વૈદ્યકીય વર્ગીકરણ પુસ્તક" (International Classification of Diseases – ICD) બહાર પાડેલ છે. આ પુસ્તકમાં દરેક બીમારીઓનું નિદાન કરવા માટેના લક્ષણો વિશે ઊંડાણમાં વર્ણન કર્યું છે. આ પુસ્તકની ૧૧મી આવૃત્તિ તાજેતરમાં બહાર પડેલ છે.

છેલ્લા પાંચ દાયકામાં થયેલા સંશોધનોએ પુરવાર કર્યું છે કે માનસિક બીમારીઓમાં મગજના જ્ઞાનતંતુઓ - ન્યુરોનમાં કદ, રચના, રસાયણો (ન્યુરોટ્રાન્સમિટર્સ)માં નકારાત્મક ફેરફારો થાય છે. જેને લીધે આ અવયવોના કાર્યોમાં ખલેલ પહોંચે છે. આની અસર મનના કાર્યો જેવા કે વિચારો, વર્તણૂંક, લાગણી, કાર્યો, એકાગ્રતા, ગ્રહણ શક્તિ, યાદશક્તિ વગેરે પર નકારાત્મક અસર થાય છે. જે જુદા જુદા લક્ષણો તરીકે દર્દીમાં દેખાય છે.

આ લેખમાં અન્ય ગેરસમજ તથા વૈજ્ઞાનિક સત્ય વિશે જાણકારી મેળવીએ.

## ગેરસમજ-૩

***"વ્યક્તિ વિચારો કર્યા કરે છે. કેટલું સમજાવ્યા છતાં પોતાના વિચારો બદલતો નથી, વિચારો છોડતો નથી."***

- **વૈજ્ઞાનિક સત્ય :**

માનસિક બીમારીના લક્ષણોમાં વ્યક્તિને વિચારો આવે છે, વધારે વિચારો આવે છે, નકારાત્મક વિચારો આવે છે. આ વિચારો તથા વિચાર કરવાની શક્તિ પર વ્યક્તિનો કાબૂ રહેતો નથી. "વિચારો વ્યક્તિનો કાબૂ લઈ લે છે." નીચે વર્ણવેલા કેસ સ્ટડી પરથી સમજાશે.

## કેસ સ્ટડી-૧

૪૫ વર્ષના ઓફિસર નવીનને (નામ બદલ્યું છે) છેલ્લા છએક મહિનાથી વિચારો આવતા હતા. શરૂઆતમાં સાંજે ઘરે વિચારો આવતા હતા. નવીન વિચારોમાં ખોવાઈ જતો હતો. ધીમે ધીમે ઘરની બીજી વ્યક્તિઓ જોડેની વાતચીત ઓછી થઈ ગઈ હતી. નવીને પત્નીને વિચારો વિશે જણાવ્યું. પત્નીએ સલાહ આપી, 'વિચારો કરવાનું છોડી દો' બધું બરોબર થઇ જશે. પરંતુ વિચારો વધતા ગયા.

પછીથી કામ પર પણ વિચારો આવવા લાગ્યા. આથી કામ પર નકારાત્મક અસર થવા લાગી. કામમાં એકાગ્રતા ઓછી થવા લાગી. કામમાં ભૂલો થવા લાગી (જે પહેલા થતી ન હતી). છેલ્લા એકાદ મહિનાથી તો નવીન કામ પર અનિયમિત જતો હતો. નિરાશા, હતાશાના વિચારો આવતા હતા. 'ભવિષ્ય સારું નથી, બધું ખરાબ થશે' એવા વિચારો વારંવાર આવતા હતા. 'મેં પાપ કર્યું છે, હું પાપી છું, કુટુંબ માટે બોજારૂપ છું. આના કરતાં મરી જવું વધારે સારું.' 'મારા લીધે કુટુંબીજનો દુઃખી છે. હું મરી જઈશ તો કુટુંબીજનો છૂટી જશે.' આવા વિચારો વારંવાર આવતા હતા. કામ પર સહકર્મચારીઓએ ખૂબ સમજાવ્યો કે 'તું વિચારો કરવાનું છોડી દે, કામમાં મન લગાડ. એટલે બધું સારું થઈ જશે.'

સગાવહાલા, કુટુંબીજનો, હિતેચ્છુઓ બધા જ નવીનને સલાહ આપ્યા કરતા હતા. છેવટે 'નવીન કંઈ સમજતો નથી. અમારું માનતો નથી' એમ કહી છોડી દેતા હતા.

પરંતુ કોઈપણ સમજતું ન હતું કે આ વિચારો માનસિક

*દિવસે એવું ને એટલું કામ કરવું કે રાત્રે તુરંત જ ઊંઘ આવી જાય.*

બીમારીનું લક્ષણ છે. વણમાંગી સલાહ આપવાને બદલે મનોચિકિત્સક પાસે નિદાન કરાવી સારવાર કરાવવી અગત્યનું છે.

સદ્‌ભાગ્યે એક હિતેચ્છુએ મનોચિકિત્સકને કન્સલ્ટ કરવાની સલાહ આપી. આ હિતેચ્છુના નજીકના કુટુંબીજન નવીન જેવી પરિસ્થિતિમાંથી પસાર થયેલ અને મનોચિકિત્સકની સારવારથી નોર્મલ થયેલ.

લેખકે નવીનની ઊંડાણમાં તપાસ કરી માનસિક બીમારી (હતાશાની બીમારી – Depressive Disease)નું નિદાન કર્યું. સારવાર શરૂ કરી. સારવારથી થોડા જ સમયમાં ફરક પડવા માંડ્યો. નવીન પૂર્વવત કામ પર જવા લાગ્યો. નવીને કાઉન્સેલિંગના એક સેશનમાં પત્નીની હાજરીમાં કહ્યું કે, 'વિચારો ન કરવા જોઈએ એ તો મને સમજાતું હતું પરંતુ વિચારોએ મારા પર કાબૂ મેળવ્યો હતો. હમણાંની જેમ એ તબક્કે મારો કાબૂ વિચારો પર ન હતો.' વિચારો પર કાબૂ રાખવાની સલાહ આપવાને બદલે મનોચિકિત્સકને કન્સલ્ટ કરી સારવાર કરવાની જરૂરત હતી.

સંશોધન દ્વારા પુરવાર થયેલ છે કે માનસિક બીમારીઓમાં બ્રેઇનમાં આવેલા અવયવોના જ્ઞાનતંતુ - ન્યુરોનમાં શારીરિક ફેરફારો થાય છે. ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રામાં વધઘટ થાય છે. જેને લીધે મનના કાર્યો પર નકારાત્મક અસર થાય છે અને વ્યક્તિને વધારે વિચારો આવે છે, નકારાત્મક વિચારો આવે છે. ઘણી વખત શંકાઓ આવે છે. આ વિચારો પર દર્દીનો કાબૂ હોતો નથી. એટલે એને સમજાવવાનો કે સલાહ આપવી એ પથ્થર પર પાણી રેડવા બરોબર છે અને પછી કહેવું, પથ્થર પીગળતું નથી.

જેવી રીતે ટાઈફોઇડના તાવથી પીડાતી વ્યક્તિને કહેવું કે, 'તમારા તાવને ભગાડી દો એટલે તમે સારા થઈ જશો.' કે કમળો થનાર વ્યક્તિને સલાહ આપવી કે, 'આત્મવિશ્વાસ કેળવો એટલે કમળો મટી જશે' એ નિરર્થક છે. એવી જ રીતે વધારે વિચારો આવનાર વ્યક્તિને કહેવું, વિચારો પર કંટ્રોલ કરો એ નિરર્થક છે.

- **સારાંશ :**

વધારે વિચારો આવવા, નકારાત્મક વિચારો આવવા, નિરર્થક શંકાઓ આવવી, વિચારો પરનો કાબૂ ગુમાવવો વગેરે માનસિક બીમારીના લક્ષણો છે. મનોચિકિત્સકને કન્સલ્ટ કરવાની જરૂરત છે, નહીં કે સલાહ આપવાની.

***(ક્રમશઃ)***

***જીવનમાં આપણે આપણી જાતને સિધ્ધ કરવાની છે, પ્રસિદ્ધિ તો લોકો જ કરશે.***

## ૮૪ લાખ યોનિઓ કઈ-કઈ...??

*જરાયુજ* : (પાણી સાથે જન્મ) મનુષ્ય, પશુ આદિ ૨૧ લાખ.

*સ્વેદજ* : (પરસેવાથી જન્મ) માંકડ, વિંછી આદિ ૨૧ લાખ.

*અંડજ* : (ઇંડામાંથી જન્મ) પક્ષી, સર્પ આદિ ૨૧ લાખ.

*ઉદ્‌બીજ* : (બીજમાંથી જન્મ) વૃક્ષ, વનસ્પતિ આદિ ૨૧ લાખ.

- ૮૪ લાખ યોનિઓમાં મનુષ્ય જન્મ શ્રેષ્ઠ છે.
- માત્ર એક મનુષ્ય યોનિમાંજ મોક્ષ શક્ય છે.
- ૮૩,૯૯,૯૯૯ જન્મો માત્ર કરેલાં કર્મોનાં ફળ ભોગવવા માટે જ હોય છે.
- ૪,૩૨,૦૦૦ વર્ષ : કળિયુગનાં (સૌથી ઓછાં)
- ૮,૬૪,૦૦૦ વર્ષ : દ્વાપર યુગના.
- ૧૨,૯૬,૦૦૦ વર્ષ : ત્રેતાયુગના.
- ૧૭,૨૮,૦૦૦ વર્ષ : સત્યયુગના (સૌથી વધારે).
- ૪૩,૨૦,૦૦૦ ચારેય યુગોનો વર્ષોનો સરવાળો.

★ ૪૩,૨૦,૦૦૦ X ૧૦૦૦ કરવાથી જે સંખ્યા મળે એટલે બ્રહ્માનો એક દિવસ પૂરો થાય. બીજા આટલા જ વર્ષો પૂરા થાય ત્યારે બ્રહ્માની એક રાત્રિ પૂરી થાય.

★ બ્રહ્માના ૨૪ કલાક પૂરા થાય તેને એક કલ્પ કહે છે. ઈ.સ. પૂર્વે ૩૧૦૨માં કળિયુગનો પ્રારંભ થયેલ હતો. કળિયુગમાં મનુષ્યનું સરેરાશ આયુષ્ય ૧૦૦ વર્ષનું ગણાય.

★ કળિયુગમાં મનુષ્યનું આયુષ્ય ૧૦૦ વર્ષનું હોય છે.

★ દ્વાપરયુગમાં મનુષ્યનું આયુષ્ય ૧૦૦૦ વર્ષનું હોય છે.

★ ત્રેતાયુગમાં મનુષ્યનું આયુષ્ય ૧૦,૦૦૦ વર્ષનું હોય છે.

★ સત્યયુગમાં મનુષ્યનું આયુષ્ય ૧,૦૦,૦૦૦ (એક લાખ) વર્ષનું હોય છે.

★ કળિયુગના અંતે મનુષ્યનું આયુષ્ય ૨૦થી ૩૦ વર્ષનું થઈ જશે.

★ કળિયુગના અંતે મનુષ્યના શરીર ખૂબ ટૂંકા થઈ જશે.

★ કળિયુગમાં છળકપટ તથા અપ્રામાણિકતા ખૂબ વધી જશે.

★ કળિયુગમાં મનુષ્ય થોડાં ધન માટે એકબીજાને મારશે કે મરશે.

★ કળિયુગના અંતે શંભલ ગામમાં વિષ્ણુ યશ બ્રાહ્મણને ઘરે કલ્કી અવતાર ધરશે. આ કલ્કી અવતારથી સત્યયુગનો પ્રારંભ થશે.

***(વોટ્સએપ સમાચારના આધારે)***

***જ્ઞાનથી અભય, તપથી ગૌરવ, ગુરુસેવાથી જ્ઞાન અને યોગથી શાંતિ મળે છે.***

# લઘુ કથા : પસ્તાવો

આમ તો રોડ ટચનું મંદિર હતું. ફરક એટલો કે દરવાજો રોડ ઉપર પડતો હતો પણ મંદિર અંદરના ભાગે થોડા મીટરનું અંતર હતું.

દરવાજાથી મંદિર સુધી બંને બાજુની સાઈડમાં સરસ મજાના જાતજાતના ને ભાતભાતના સરસ ફૂલોના રોપા વાવ્યા હતા.

માતાજીના મંદિરની થોડે દૂર લીમડાના ઝાડ નીચે સંગેમરમરનો મજાનો ઓટો બનાવ્યો હતો. અને મંદિરના પાછળના ભાગમાં બાપુની નાની એવી ઓરડી હતી — ઓરડીમાં બસ એક ધૂણો અને એક પટારામાં થોડો સામાન — એ સિવાય કંઈ ન હતું.

બાપુ આરતી કરી જમી પરવારીને ઓટલે બેસી પ્રભુભજન કરે - આ રોજનો નિત્યક્રમ હતો. મસ્તીમાં આવે ત્યાં સુધી પ્રભુ ભજન કરે પછી ઓરડીમાં શયન કરવા ચાલ્યા જાય. એક દિવસ રાતના દસ-અગિયારનો સુમાર. રોડ બહુ મોટો ન હોવાથી ક્યારેક ક્યારેક વાહનોનાં અવાજ સિવાય સંપૂર્ણ શાંતિ હતી.

આ સમયે પૂરો ચહેરો ન દેખાય એવી રીતે મફલર વીંટાળેલ ચાર વ્યક્તિઓએ મંદિરનો દરવાજો ખોલ્યો અને જ્યાં બાપુ બેઠા હતા ત્યાં જવા માટે કદમો ઉપાડ્યા. ચારેય વ્યક્તિ જુવાનજોધ હતી. સમજોને કે ૨૦-૨૫ વરસના લબરમુછિયા યુવાનો હતા.

કોઈ માર્ગ ભૂલેલા લોકો હશે એમ માનીને આ યુવાનો નજીક આવ્યા. એટલે બાપુએ કહ્યું, 'જય માતાજી!' પણ જવાબમાં સામે 'જય માતાજી' બોલવાને બદલે એક યુવાને આગળ આવીને કહ્યું, 'હવે જોયા જય માતાજી કહેવાવાળા. હાલ ઓરડીમાં જે હોય એ કાઢી દે.'

'હોય એ કાઢી દઉં?' બાપુએ જરાય ગભરાયા વગર કહ્યું, 'તમે ભીંત ભૂલ્યા ભાઈઓ. આ તો માતાજીનું મંદિર છે. કોઈ અમીરનું આલીશાન મકાન નથી. મારી પાસે તો ફુટી કોડી પણ નથી.'

'ખોટુ બોલમાં બાવા!' એક યુવાન તાડુક્યો. આ જમાનામાં નાણાઓ બાવાઓ પાસે જ હોય. અમથા કંઈએ મોટરો લઇને ફરે છે? બોલ પૈસા ક્યાં રાખ્યા છે? ઓરડીમાં દાટ્યા છે? ઝટ બોલ! અમારે મોડું થાય છે.

બાપુ હજી પણ ટાઢે કાઠે હતા. કહ્યું, 'તમને ભરોસો ન બેસતો હોય તો ઓરડીમાં આંટો મારી આવો. ઓરડી ખુલ્લી જ છે.'

એક યુવાને ઈશારો કરતાં બીજો યુવાન ઓરડીમાં ગયો. બધું ફેંદી નાખ્યું પણ કંઈ ન મળ્યું. પટારો ખોલીને જોઈ લીધું - ધૂણાને પણ ફેંદી નાખ્યો. કંઈ ન મળ્યું એટલે જેવો ગયો હતો એવો એ પાછો આવ્યો.

આ બાવો તો સાવ કડકો લાગે છે. આપણે ખોટી જગ્યાએ ભરાઈ ગયા. ચાલો, બોણીમાં જ કડકો બાવો ભટકાયો.

બબડતા બબડતા ચારે યુવાનો ચાલવા માંડ્યા. પણ બાપુએ બોલાવ્યા, 'બચ્ચે લોગ! ક્યાં જાવ છો? આટલી રાતે બહાર નીકળવાનું જોખમ ન કરાય. રોન લગાવવા નીકળેલી પોલીસ ભટકાશે તો શું જવાબ દેશો? અહીં માતાજીની દયા છે. અહીં ગોદડા પડ્યા છે. આ ઓટલા ઉપર સૂઈ જાવ ને ભૂખ લાગી હોય તો મારે તો આજુબાજુની વાડીઓમાંથી ટિફીન આવતું હોય એટલે કંઈ રાખતો નથી પણ આજે માતાજીને કોઈ શ્રદ્ધાળુએ માનતા ઉતારવા આવેલા, એ મોટો થાળ ભરીને બુંદી ને ગાંઠિયાનો પ્રસાદ ધરી ગયા છે. જાવ મંદિરમાં જઈને પ્રસાદી લઈ લ્યો.'

પેલા ચાર યુવાનો તો બાપુની ભલમનસાઈ જોઈને છક થઈ ગયા. બધા શરમના માર્યા કંઈ બોલી ન શક્યા.

એમને બાપુની વાત સાચી લાગી. એટલે ભલે બાપુ! એમ કહીને મંદિરમાં પ્રસાદ લેવા ચાલ્યા ગયા. બધાએ ધરાઇને બુંદી ને ગાંઠિયાનો પ્રસાદ લીધો ને પછી ઓટલા ઉપર જમાવી.

વહેલી સવારે બાપુ જાગ્યા તો ઓટલો ખાલીખમ! બાપુએ વિચાર્યું કે કદાચ વહેલા ઉઠીને ચાલ્યા ગયા હશે. મો સુજણું થાય ને કોઈક કદાચ ઓળખી જાય તો? એ વિચારે કદાચ ચાલ્યા ગયા હશે એમ માની બાપુ સ્નાનવિધિ કરવા ચાલ્યા ગયા.

પરત આવીને બાપુ આરતી કરવા મંદિરમાં ગયા ત્યાં માતાજીના દીવો કરવાના સ્થાને એક પડીકું પડેલું જોયું. કોઈ દિવસ નહીં, આજે પડીકું પડેલું જોઈને બાપુએ પડીકું ખોલ્યું તો ૫૦૦-૫૦૦ રૂપિયાની બે નોટો ને એક ચિઠ્ઠી નીકળ્યા.

બાપુએ ચિઠ્ઠી ખોલી. લખ્યું હતું : 'બાપુ, અમને માફ કરો. અમે કોઈના ખોટા દોરવાયેલા યુવાનો છીએ. અમે લૂંટારા નથી, માર્ગ ભૂલેલા ને આડે રસ્તે ચડી ગયેલા યુવાનો છીએ. દેવું ચૂકવવા ઘરમાંથી પૈસા માંગી ન શક્યા એટલે ક્યાંક મોટો હાથ મારવાની યોજના કરી. કોઈકે કહ્યું કે, મંદિરના સાધુઓ બહુ રૂપિયાવાળા હોય. એટલે તમારા મંદિરને નિશાન બનાવ્યું. પણ તમે તો ભગવાન જેવા નીકળ્યા.

અમે બાવો બાવો કરતા હતા તોય તમે મિજાજ ન ગુમાવ્યો ને ઉલટાનો આસરો આપ્યો. અમને માફ કરો. તમારી સામે આવતા અમને શરમ થતી હતી. એટલે માતાજીને પગે લાગીને તમારા જાગ્યા પહેલા નીકળી ગયા. દેવાની જગ્યાએ અમે લેવા આવ્યા હતા એનો પસ્તાવો થાય છે ને એટલે માતાજી આગળ હજાર રૂપિયા ધરતા જઈએ છીએ. એમાંથી અભ્યાગતોને ભોજન આપજો. જય માતાજી!

ચિઠ્ઠી વાંચીને બાપુની આંખમાં હર્ષના અશ્રુ આવી ગયા. માતાજીના પ્રતાપે કમસે કમ ચાર વ્યક્તિને તો નવી રાહ મળી.

માતાજી આવી સદ્‌બુદ્ધિ બધાને આપજે એમ કહીને બાપુ આરતીની તૈયારીમાં પડ્યા.

*મણિલાલ ડી. રૂઘાણી - રાણાવાવ, જિ. પોરબંદર*

*જ્યાં અતિથિનો આવકાર થાય છે, જે પરિવારમાં મધુર સંવાદ થાય છે, સંતોષજનક ભોજન થાય છે, તેમજ સેવા થાય છે ત્યાં સદાકાળ લક્ષ્મી છે.*

વાર્તા

# પુત્રવધૂ



એમ. ડી. સોલંકી

માગશર મહિનાની મધરાત દબે પગે વહી રહી હતી. જીવમાત્ર નિંદરદેવીના સાંનિધ્યમાં સમાઈ ગયા હતા. આવા સમયે ઓસરીમાં સૂતેલા અમરતમા ઘરના ઓરડામાં થતો ધીમો બોલાશ સાંભળીને અચાનક જાગી ગયા. એમણે કાન સરવા કર્યા.

અમરતમાનો એકનો એક દીકરો સામત એની પત્ની સંતુને કહેતો હતો, 'મને શે'રની કંપનીમાં નોકરી મળી ગઈ છે. શરૂઆતનો પગાર ઓછો છે. બે દિવસ પછી ત્યાં હાજર થવાનું છે. એક ઓળખીતાની મારફતે રહેવા માટે એક ઓરડીની જોગવાઈ કરી છે. પરંતુ ઓરડી સાવ નાની હોવાથી એમાં માંડ બે જણા જ રહી શકશે. આપણે બંને તો ત્યાં રહીશું પણ હવે મોટો સવાલ અમરતમાનો ઊભો થયો છે. એમને એકલા રાખવા ક્યાં? જો કે આમ તો એ મૂંઝવણનો ઉકેલ પણ મળી જ ગયો છે. જો તું માને તો!'

'એટલે? એમાં વળી મારું માનવાનું ક્યાં આવ્યું?' સંતુએ ઉતાવળથી પૂછી નાખ્યું.

'ઉકેલમાં તો એવું છે ને કે, આપણે અમરતમાને શે'રમાં ચાલતા 'ઘરડાઘર'માં મૂકી આવીએ. એ એમની રીતે ત્યાં રહેશે અને આપણે બેય આપણી રીતે રહીશું. મહિને - પંદર દા'ડે આપણે એમની ખબર લેતાં રહીશું.' ધીમા અવાજે સામત બોલ્યો.

'પ..ણ.. એમ કાંઈ અમરતમાને આપણાથી 'ઘરડાંઘર'માં મૂકાય?' આશ્ચર્ય વ્યક્ત કરતા સંતુ બોલી.

'મૂકાય તો ન...હીં... પણ... તકલીફ હોય તો કો'ક દિ' આવુંય કરવું પડે! એમ કાંઈ મળેલી નોકરી હાથમાંથી જવા દેવાય? જો તું મારી વાતમાં સંમત થઈ જા તો પછી મારે કોઈનેય પૂછવાનું રહેતું જ નથી. બસ, એક તારા જવાબ ઉપર જ બધો આધાર છે.'

'એમ? તો પછી અત્યારે તો રાત છે. તમે મને વિચારવાનો થોડો સમય આપો. હું સવારે તમને મારો મત કહીશ.' વાતનું નામાચરણ વાળતા સંતુએ કહ્યું.

ઘરના ઓરડામાંથી આવતો બોલાશ બંધ થયો. પરંતુ સામત - સંતુની વાત સાંભળીને અમરતમાની તો ઊંઘ જ ઊડી ગઈ! ગામમાં હરતાં-ફરતાં એમણે ય થોડું સાંભળ્યું હતું કે સમાજમાં કેટલાક દીકરાઓ એમના ઘરડાં મા-બાપને એક જાતની 'પળોજણ' માનીને એમને શે'રમાં ચાલતાં 'ઘરડાંઘર'માં મૂકી આવે છે. અમરતમાની આંખમાં ઝળઝળિયાં આવી ગયા. લાંબો નિસાસો નાંખીને એ મનોમન બોલ્યા, 'હે ભલા ભગવાન! તમે મને આવા દિવસો જોવા જ જીવતી રાખી હતી? સવાર પડશે ત્યારે દીકરા વહુ સંતુ મને 'ઘરડાંઘર'માં મૂકવાની સામતની વાતમાં રાજીખુશીથી હા પાડી દેશે. એનેય એના ધણી સાથે અલગ રહેવાની ઈચ્છા આવી રીતે પૂરી થતી હોય તો એ પણ મારા દીકરાની વાતમાં સંમત થાય જ ને? કંઈ નંઈ! જ્યાં આપણો રૂપિયો જ બોદો નીકળે પછી શું કરવું? આવું વિચારતાં એમનું હૈયું ભરાઈ આવ્યું. પછી તો આંસુભરી બંધ આંખે અમરતમાની નજર સમક્ષ અત્યાર સુધીના એમના જીવતરનો વહી ગયેલો સમયગાળો સજીવન થઈ ગયો.

અરજણ સાથે પરણીને અમરત જ્યારે બાદલપરમાં આવી ત્યારે આખુંય ગામ મોંમાં આંગળા નાંખી ગયેલું! અમરત હતીય નજર્યું લાગે એવી! ચંદરમાને પણ કહે કે તું ઊગે છે કે પછી હું ઊગું? માથે પાણી ભરેલી હેલ લઈને હાલી આવતી અમરતને જોઈને અજાણ્યો તો એમ જ માની બેસે કે નક્કી પાતાળલોકની કોઈ પદમણી મૃત્યુલોકમાં ભૂલી પડી ગઈ લાગે છે! આવી અમરતે નવોઢા બનીને અરજણના આંગણે પગ મૂક્યો ત્યારે એના હરખથી આંગણુંય હરખાઈ ઊઠેલું!

સમયના વહેતા વહેણમાં અમરત સાસરીયામાં દૂધમાં સાકર ભળે તેમ ભળી ગઈ. એના હસમુખા અને મિલનસાર સ્વભાવથી ઘર, કુટુંબ અને સમાજમાં સૌના હૈયે એ સમાઈ ગઈ.

અરજણ પાસે ખેતી માટે પોતાની કોઈ જમીન હતી નહીં. એટલે ગામના મોટા ખેડૂતની જમીનમાં ભાગિયું રાખીને એ લાગે-ભાગે ખેતી કરતો હતો. કામઢી અમરત પણ ખેતીના કામમાં અરજણની પડખે ઊભી રહેતી હતી. બંને પતિ-પત્ની પરીશ્રમનો પરસેવો પાડીને જે કંઈ ઉપજ આવે એમાં એમના સંસારરથનું ગાડું ગબડાવ્યે જતા હતા. બે-એક વરસ પછી એમને ત્યાં સામતનો જન્મ થયો.

*કોઈની કારણ વગર નિંદા કરવી, કોઈ વાતને મૂળ કરતાં વધારીને કહેવી અને કર્કશ વાણી ઉચ્ચારવી – આ ત્રણ દુર્ગુણ, દુઃખ વધારે છે.*

સમય સરકતો રહ્યો અને એક પછી એક વરસ પસાર થતા રહ્યા.

પ્રસન્ન દાંપત્ય જીવનની મહેક પ્રસરાવીને જીવન જીવતાં અરજણ - અમરતના સુખરૂપ સંસારની વિધાતાનેય જો કે ઈર્ષ્યા આવી ગઈ હોય એમ ઘઉંના ખેતરમાં રાતવરત પાણત પાવા ગયેલા અરજણને કોઈ ઝેરી જાનવર આભડી ગયું અને એનું કમોત થઇ ગયું. અમરતનો હર્યોભર્યો અને લીલોછમ સંસારબાગ ઉજડી ગયો. એનું સૌભાગ્ય નંદવાઈ ગયું. મા-દીકરો સાવ નોંધારા બની ગયા.

અરજણના મોત પાછળ અમરતનું કરુણ આક્રંદ ભલભલા કઠણ કાળજાવાળા માનવીના હૈયાને પણ પીગળાવી દે એવું હતું. રડી રડીને એની આંખના કૂવામાંય આંસુ ખૂટી પડ્યા. ખોબા જેવડા આખાય ગામમાં એક પ્રકારનો સન્નાટો છવાઈ ગયો.

દુઃખનું ઓસડ દહાડા! અમરત મનની પીડા વિસારે પાડવાના પ્રયત્ન કરતી હતી.

બે'એક મહિના પછી ગામ પરગણા અને ચોરેચૌટે વાત ચર્ચાવા લાગી.

'અલ્યા ભાઈ, હવે આ અમરત શું કરશે?'

'શું કરશે એટલે? કો'ક હારે ઠેકાણે ઠામ બેહશે! ઈમ કંઇ ઘરઘરણું કર્યા વગર અસ્તરીનો અવતાર પાર પડે ખરો?'

'ના, ભાઈ હોં! તમારી થોડી ભૂલ થાય સ. બધાંય કરતાં અમરતભાભી કાં'ક જુદી માટીની બનેલી સે. એ બીજે ઠામ બેહે એવી વાતનો મને તો વિસવાહ નથી બેહતો.'

થોડા દિવસ પછી અમરતની જનેતા કંકુ બાદલપર આવી. સગી જનેતાને જોતાં જ અમરત ચોધાર આંસુથી રોઈ પડી. કંકુએ દિલાસો આપીને એને શાંત કરી.

રાતે જળ જંપી ગયા પછી કંકુએ પૂછ્યું, 'બુન અમરત, પસી પેલી વાતનું શું વિચાર્યું?'

'શાનું મા?' અચરજભર્યા અવાજે અમરત બોલી.

'આ ગામ-પરગણામાં વાતો ચર્ચાય છે ઈમ તું બીજે ઠામ બેહવામાં ખાલી ખોટીપો શા હારુ કરશ?'

'મા, મારે બીજે ઠામ નથી બેહવું!' ટટ્ટાર થતા અમરત બોલી.

'અરે મારી દીકરી! આપણી નાત તો નાતરિયાવરણ કે'વાય! ઈમ કંઈ બીજે ઠામ બેહવામાં આપણને કાંઈ મેણુંય નઇ ને કોઈ વાંધોય નઇ. હજુ તો બુન તારી ઉંમરેય હાવ ઓસીસ. મૂછે લેંબુ ઠેરવે એવા કેટલાય જવાનિયા પરગણામાં તારી વાટ્ય જોતાં બેઠા સ. બસ તું હા પાડ્ય એટલી જ વાર!'

'મા, નાતરિયાવરણ ખરી, પણ આપણેય મનેખ તો ખરાંની? હું બીજે ઠામ તો નઈં જ બેહું. પરગણાના જુવાનિયા ભલે આખીય જિંદગી મારી વાટ્ય જોઈને બેસી રે! મારે મારા જીવતર પર થીગડું નથી મારવું! હું મારા હામતાની હામે જોઈન આયખું જીવી નાંખીશ.'

'પણ અમરત, આપણો તો અસ્તરીનો અવતાર! રોજ રોજ આપણે વગડો વીંધવાનો. હાલતાં ને ચાલતાં આપણને વપત પડે અને બુન, એમાંય તારું તો ચડતું લોઇ કે'વાય! જવાનીના જોમ જીરવવા દોયલાસ બુન અને કો'ક દિ' તારો પગ આડો અવળો...!'

'મા, તું હગી જનેતા થઇન આવું બોલસ? તું તારા હૈયામાં એક વાતની ધરપત રાખજે. મલક આખાયમાં કોઈનીય મગદૂર નથી કે તારી અમરતને રંજાડે. અને બીજી વાત, આ અમરત જે દિ' હિણપતભર્યા પગલાં ભરે તે દિ' તું મને ઝાટકે દેજે. બાકી હું મારા હામતાને મેલીને બીજે ઠામ નઈં જ બેહું.' લોખંડ સાથે ગજવેલ અથડાય એવા રણકતા સાદે અમરત બોલી.

અને કંકુના હાથ હેઠા પડ્યા! આખુંય પરગણું ફાટી આંખે જોતું જ રહ્યું. અમરતે ધરાર બીજું ઘર માંડ્યું જ નહીં. બે વર્ષના સામતની એ મા તો હતી જ પરંતુ હવે એનો બાપ પણ બની ગઈ! એના આવા નિર્ણયથી ગામ લોકોને પણ એના પ્રત્યે સહાનુભૂતિ થઈ આવી.

સામતના લાલન-પાલન અને ઉછેરવામાં અમરત ઓતપ્રોત થઇ ગઇ. મહેનત-મજૂરી કરવામાં એણે રાત-દિવસ જોયા જ નહીં. ગામની નિશાળના ભણતર પછી સામતને શહેરની છાત્રાલયમાં ભણાવ્યો. એના ભણતરના ખર્ચને પહોંચી વળવા દાડી-દપાડી કરવામાં અમરતે ક્યારેય પાછી પાની કરી જ નહીં. કાલે મારો સામત મોટો થઇ જશે અને અમારા જીવતરમાં થોડો ઉજાશ આવશે એવું માનતી અમરત રાતવરત દીકરા સામતની ગેરહાજરીમાં અરજણને યાદ કરીને છાનું છાનું રડી લેતી.

એક સમયે ઝગારા મારતા હતાં એવા અમરતના રૂપ હવે તો સાવ ઝાંખા થઇ ગયા હતા. પરણેતર બનીને અરજણના ઘેર આવેલી અમરતે એના નમણાં રૂપને જાણે કે સાવ સંકોરી લીધા હતા. સીમ - વગડે કામે જતી અમરતને જોઇને ગામલોકોમાં એની પ્રત્યે એક પ્રકારની સંવેદના જાગી જતી. સૌ કોઈ એના દુઃખમાં ભાગીદાર થવા તત્પર રહી એની અદબ જાળવતા થયા અને પછી તો આખાય ગામમાં અમરતને બદલે અમરતમા બની ગઈ.

*જે માણસ જેવો વ્યવહાર કરે છે, તેવો જ વ્યવહાર તેની સાથે કરવો.*

બારમા ધોરણના અભ્યાસ પછી કોઈની સલાહ લઈને સામતે બે વર્ષમાં આઈ.ટી.આઈ.ની તાલીમ પૂરી કરી. થોડા સમય પછી પડખેના ગામે સંતુ સાથે સામતનું સગપણ થયું. પુત્રવધૂ બનીને સંતુ બાદલપરમાં આવી ગઈ.

સામતે તાલીમ પ્રમાણે નોકરી મેળવવા પ્રયત્નો ચાલુ કર્યા હતા. થોડા સમયમાં એને એક કંપનીમાં નોકરી મળી ગઈ.

કોઈ ચિત્રપટના દશ્યોની જેમ અમરતમા આંસુભરી આંખે એમના વીતી ગયેલા જીવતરનાં દિવસો જોઈ રહ્યા હતા. એમાં ને એમાં ભર ભાંખળું થઈ ગયું.

સવારે ચા-પાણીથી પરવારીને અમરતમા અને સામત ઓસરીમાં બેઠા હતા ત્યારે રસોડામાંથી આવેલી સંતુએ એમની સામે બેસીને સામતને કહ્યું, 'રાતે તમે મને જે બાબતની પૂછા કરતા હતા એ વિશે મેં વિચાર કર્યો છે અને એ મુજબ કહું તો હું અને અમરતમાં અહીં ગામડે જ રહીશું. તમે નોકરી મળી છે ત્યાં નાની ઓરડીમાં એકલા રહેજો. વરસ દિ' પછી તમારો પગાર વધે ત્યારે અને વધારે ભાડું આપવાની સગવડ થાય ત્યારે મોટી ઓરડી રાખીને બોલાવજો. પછી હું અને અમરતમા તમારી સાથે રહેવા આવી જઈશું.'

'પ...ણ... હું એકલો ત્યાં રહું? મને ના ફાવે.' નવાઈ પામતો સામત ઉતાવળે બોલી ગયો.

'હા, અત્યારે તો તમારે એકલાને જ ત્યાં રહેવાનું છે. થોડી તકલીફ પડે તો વેઠી લેજો. બીજું કે તમે મારી તથા અમરતમાની જરાય ચિંતા કરશો જ નહીં. હું બારમા ધોરણ સુધી ભણેલી છું. એટલે અહિયા ટ્યુશન કરીને અમારા બંનેના જીવન નિર્વાહ જોગું મેળવી લઈશું.'

એકચિત્તે, અવાક બનીને સંતુની વાત સાંભળી રહેતા સામતને સંતુએ આગળ કહ્યું, 'મારું પિયર અહીંથી સાવ નજીક છે. એટલે જ્યારથી હું સમજણી થઈ છું ત્યારથી જ અમરતમા વિશે જાણું છું. આવી સાસુની વહુ બનવાનું મને પણ ગૌરવ છે. મારા સસરાના આકસ્મિક અવસાન પછી તમારી ભલાઈ માટે – તમે મા વગરના બનો નહીં એટલે એમણે બીજું ઘર માંડ્યું જ નહીં! અને બસ, તમારા માટે જ એમણે આખી જિંદગી ન્યોચ્છાવર કરી દીધી. અનેક તકલીફો વેઠીને તમને ઉછેર્યા, ભણાવ્યા અને પરણાવ્યા. આવા અમરતમાને જાતે જન્મારે આપણાથી કેવી રીતે અળગા કરાય? એમને 'ઘરડાંઘર'માં મૂકાય જ નહીં!'

સામત ગંભીર બનીને સંતુની વાત સાંભળતો હતો.

'તમે સમજણા થાવ એ પહેલાં જ બાપુજી સ્વર્ગવાસી થઈ ગયા હતા. એવી જ રીતે મારી જનેતા પણ હું નાસમજ હતી ત્યારે જ મને નોંધારી મૂકીને સરગાપરની વાટે નીકળી ગયા હતા. એટલે જનમ આપનાર જનેતાનું હેત કેવું અને કેટલું હોય એની તો મને જરાય ખબર જ નહોતી. પરંતુ તમારી સાથેના લગ્ન પછી હું અહીં આવી ત્યારે અમરતમા મારા સાસુ નહીં પણ 'મા' બની ગયા! એમણે મને મારી સગી જનેતા કરતાંય વધારે હેત આપ્યું છે. મને એમણે વહુ નહીં પણ સગી દીકરીની જેમ જ રાખી છે. આવા મારા અમરતમાને 'ઘરડાંઘર'માં મૂકીને મારાથી તમારી સાથે રહેવા અવાય જ નહીં. તમને અનાથાશ્રમમાં મૂકીને એમણે બીજું ઘર માંડ્યું હોત તો તમારી દશા કેવી થાત? પોતાના સંતાન માટે સદૈવ સંતાપ વેઠનારી માના મૂલ કોઈ દિ' આંક્યા અંકાતા જ નથી. અરે! જનેતાનું ઋણ તો ખુદ ભગવાન પણ ઉતારી શક્યા નથી.'

પોતાની પત્ની સંતુની સાચી અને સમજદારીપૂર્વકની વાત સાંભળ્યા પછી સામતને જાણે કે બત્રીસ કોઠે દીવા થઈ ગયા. જનેતા અમરતમા પ્રત્યેની પુત્ર તરીકેની ફરજનું એને પૂરેપૂરું ભાન થઈ ગયું - પોતાનાથી થઈ ગયેલ ભૂલનો એને અહેસાસ થયો. એટલું જ નહીં, આવી સમજદાર પત્ની સંતુ માટે એને માન થયું. એણે કહ્યું, 'સંતુ, તારી વાત ખૂબ જ સાચી છે. અમરતમા હવે ક્યારેય 'ઘરડાંઘર' નહીં જ જાય. આપણે સૌ સાથે જ રહશું. મને એક વાત બરાબર સમજાઈ ગઈ કે સમાજમાં ઘરડા મા-બાપ પ્રત્યે પુત્ર જયારે પોતાની ફરજ ચૂકે છે ત્યારે તારા જેવી સમજણી અને સંસ્કારી પુત્રવધૂઓ પોતાના પતિને એમની ફરજનું ભાન કરાવે છે. એટલે જ કહેવાયું છે કે ઘરના સુચારુ વાતાવરણ માટે પુત્ર કરતાંય એક ડગલું આગળ વધે એ જ સાચી પુત્રવધૂ કહેવાય. તારા જેવી પુત્રવધૂઓ સમાજમાં ઘેર ઘેર હોય તો કોઈપણ ઘરડાં મા-બાપને એમના આયુષ્યની ઊતરતી અવસ્થાએ કોઈનાય ઓશિયાળા બનીને ક્યારેય 'ઘરડાંઘર'માં જવું નહીં જ પડે. એટલું જ નહીં, ઘરડા મા-બાપની આમન્યા પણ સદૈવ જળવાતી જ રહેશે' આંખમાં ઉમટી આવેલા ઝળઝળિયાં સાથે સામત બોલ્યો.

સંતુ અને સામતની વાત સાંભળીને આજે ઘણાં વરસો પછી અમરતમાના ચહેરા પર આછો મલકાટ દેખાયો. અને પછી તો એમનો હેતાળ હાથ સંતુ - સામતના માથે ફરતો રહ્યો.

*૩/૨૮, ઇન્દ્રપ્રસ્થ સોસાયટી, મુ. કલિકુંડ,*
*તા. ધોળકા, જિ. અમદાવાદ.*
*મો. ૯૩૨૭૧ ૯૨૯૦૧*

*સાપ, રાજા, શત્રુ, ભોગી, લેણદાર, સ્ત્રી અને પોતાનું શરીર – આટલા ઉપર કદી આંધળો વિશ્વાસ મૂકવો નહીં.*



પૂજા ટોપરાણી

વાર્તા

# મુખવટો

તે ધીરે ધીરે ચાલતા ચાલતા હમીરસર તળાવના વળાંક પાસે આવી અને અટકી. સૂર્યના કોમળ કિરણો તળાવના શાંત પાણી પર પડતા હતા અને એક આહ્લાદક દશ્ય ઊભું કરી રહ્યા હતા. પણ તેનું મન શાંત નહોતું. શિયાળાની સર્દ હવામાં તેના શ્વેત - શ્યામ કેશ ફરફરી રહ્યા હતા. અસ્તવ્યસ્ત બનેલા કેશ તેના અશાંત મનની ચાડી ખાઈ રહ્યા હતા. તેણે સાલને સહેજ ઠીક કરી. મનની વ્યાકુળતા ઓછી ન થતાં તે ત્યાંથી પાછી ફરી.

તે ઘેર આવી ત્યારે કામવાળી બાઈ બહાર ગેટ આગળ જ મળી ગઈ. બાઈ બોલી : બહેન, આજે હું વહેલી આવી ગઈ. તમે કાલે કહ્યું હતું ને કે તમારે દસ વાગે કોર્ટમાં જવાનું છે. તેણે મંદ સ્મિત કરી ગરદન હલાવી હા પાડી.

તેણે બે કપ ચા બનાવી. એક કપ બાઈને આપી અને એક કપ પોતે લઈ બહાર વરંડામાં આવી. વિચારોનું તુમુલ યુધ્ધ કેમે કરીને અટકવાનું નામ નહોતું લેતું.

બરાબર દસ વાગે ઇન્સ્પેક્ટર જાડેજા અને સરકારી વકીલ નીકમ સાહેબની જીપ આવી પહોંચી. તે તૈયાર જ હતી.

ચાલુ જીપમાં નીકમ સાહેબે તેની સામે જોઈ પૂછ્યું : બહેન, મન એકદમ મક્કમ છે ને? કોર્ટમાં ગયા પછી કંઇ... એમ કહી શબ્દો અધૂરા છોડી દીધા. તેણે નીકમ સાહેબ સામે નજર સ્થિર કરી. જાણે વિશ્વાસ દેવડાવતી હોય તેમ...

થોડીવારે તેઓ કોર્ટમાં આવી ગયા. તેને એક ચેમ્બરમાં બેસાડી ઇન્સ્પેક્ટર જાડેજા અને નીકમ સાહેબ થોડું પેપર વર્ક કરવા ગયા. અડધા કલાક પછી ઇન્સ્પેક્ટર જાડેજા તેને લેવા આવ્યા : ચાલો બહેન, તમારી ગવાહી આપવાનો સમય આવી ગયો.

કોર્ટના કઠેડામાં તે ઊભી ત્યારે મન શાંત બન્યું અને ચહેરા પર મક્કમતા પાછી ફરી. ક્લાર્ક તેની સામે રાબેતા મુજબ ગીતા લઇને ઊભો. નાનકડું મહાભારતનું યુધ્ધ શરૂ થવાના તે એંધાણ હતા. તે ગીતા પર હાથ રાખી જજ સાહેબની સામે જોતાં બોલી : હું રેવતી રવિન્દ્ર શાહ ગીતાના સોગંધ ખાઈને કહું છું, હું જે પણ કહીશ તે સાચું જ કહીશ.

મીડિયાએ આ કેસને બહુ ચગાવ્યો હતો. એટલે કોર્ટ હકડેઠઠ ભરાયેલી હતી. રેવતીનું સોગંદનામું સાંભળવા લોકો આતુર હતા.

કૃષ્ણનો ગીતા-બોધ સાંભળી નિર્વિકાર અને નિર્ભય બનેલા અર્જુનનો આત્મા રેવતીમાં પ્રવેશી ચૂક્યો હતો. ધારદાર અને સ્થિર અવાજે તે બોલી : સામે આરોપીના પાંજરામાં ઊભેલા મારા પતિ રવિન્દ્ર શાહ જ મૃનાલીએ કરેલા આપઘાત માટે જવાબદાર છે! મૃનાલીએ મને કરેલ વીડિયો કોલની રેકોર્ડિંગ હું તમને સંભળાવું છું. દસ મિનિટ પછી રેકોર્ડિંગ સાંભળ્યા બાદ જજ સાહેબે જણાવ્યું કે આ કેસનો ફેંસલો ત્રણ દિવસ પછી, સોમવારે આપવામાંઆવશે. પાંજરામાં હતોત્સાહ બનેલા પતિ તરફ છેલ્લી વખત વેધક નજર ફેંકી રેવતી કઠેડામાંથી બહાર આવી. એકત્રિત થયેલા લોકો માનવા તૈયાર નહોતા કે તેઓ સમક્ષ જે બની ગયું તે હકીકત હતી કે એક સ્વપ્ન!

એકાદ કલાક પછી ઘર તરફ પાછી ફરતા જીપમાં ઇન્સ્પેક્ટર જાડેજાએ કહ્યું : બહેન, તમે બહુ બહાદુરીનું કામ કર્યું. ભાગ્યે જ કોઈ સ્ત્રી પોતાના પતિની વિરૂધ્ધ આવી રીતે બયાન આપે! રેવતીએ કશો જ જવાબ ન આપ્યો. પરંતુ મનોમન ગણગણી : આવી જ બહાદુરી મેં જો વર્ષો પહેલા બતાવી હોત તો આજે મારી ઢીંગલી જેવી રેવા જીવતી હોત.

પોલીસ જીપ તેને ઘર સુધી મૂકી ગઈ. કામવાળીએ પૂછ્યું : હું રસોઈ ગરમ કરું? તેણે ફક્ત ડોકું હલાવી હા પાડી અને પછી બેડરૂમમાં કપડા બદલવા ગઈ. ત્યાં થોડીવાર આડી પડી અને વિચારોમાં ખોવાઈ ગઈ.

રેવતી અને રેવા બે બહેનો. રેવતી મોટી અને રેવા નાની. પપ્પા ગુજરાતીના શિક્ષક એટલે સાહિત્ય રેવતીની રગેરગમાં. રેવાના જન્મ પછી મમ્મીનું આકસ્મિક અવસાન થતાં રેવતીએ માતા બનીને રેવાને સાચવી હતી.

રેવતી પરણવાલાયક થતાં પપ્પાએ પોતાની જ સ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયેલા રવિન્દ્ર સાથે તેનું સગપણ નક્કી કરી દીધું.

રવિન્દ્ર પણ સાહિત્યનો શોખીન અને મુશાયરાનો માણસ. માતા-પિતાનો તે એક જ પુત્ર. મોટી બે બહેનો પરણીને એક અમદાવાદ અને બીજી અમેરિકા ચાલી ગઈ. ભુજમાં જ રવિન્દ્રનો એક નાનકડો બંગલો હતો. રેવતી જ્યારે પરણીને આવી ત્યારે સાસુ-સસરા ફૂલ્યા નહોતા સમાતા. સાસુના રૂપમાં જાણે તેને માતા મળી ગઈ હોય તેમ રેવતી પણ ભર્યું ભર્યું જીવન જીવવા લાગી.

લગ્ન પછી રવિન્દ્રની સફળતાનો ગ્રાફ સડસડાટ ઊંચે ચડવા લાગ્યો. જોતજોતામાં તો તે સમગ્ર કચ્છમાં અને કચ્છની બહાર કવિ અને શાયર તરીકે પ્રખ્યાત થવા લાગ્યો. જેમ જેમ તેના ચાહકો વધતા ગયા તેમ તેમ તે મુશાયરાના માણસની સાથોસાથ પાર્ટીઓ અને મહેફિલોનો માણસ પણ બની ગયો. હવે તે કિશોરીઓના સ્વપ્નાઓને શબ્દોના આકર્ષક વાઘા પહેરાવી પોતા તરફ આકર્ષિત કરવા લાગ્યો. મુશાયરા પછી ઓટોગ્રાફ મેળવવા આવતી યુવતીઓ સાથે સંબંધો વધારતો અને તક મળતા કેટલીક યુવતીઓને શારીરિક સંબંધો સુધી લઈ જતો.

માતા-પિતાના મૃત્યુ પછી રવિન્દ્ર બિન્ધાસ્તપણે યુવતીઓને ઘરે બોલાવતો. મજાક મહેફિલનો દોર ત્યારબાદ આખી રાત ચાલતો.

રેવતીએ તેને સમજાવવાનો ખૂબ પ્રયત્ન કર્યો. તે વખતો વખત રવિન્દ્રને કહેતી કે સફળતા, એ તમારી કદર માત્ર જ છે, નશો નહીં! પણ બેફામ બનેલો રવિન્દ્ર ધરતી પર પગ મૂકવા તૈયાર જ નહોતો. પપ્પાના અચાનક મૃત્યુ પછી પોતાને આશરે આવેલી રેવાની સાથે જ્યારે રવિન્દ્રએ અધમ કૃત્ય કર્યું ત્યારે રેવતી અંદરથી હલબલી ગઈ અને પછી પતિ-ત્યાગ કરી રેવા સાથે પોતાના ઘરે રહેવા લાગી ગઈ. રેવા આઘાતમાંથી બહાર ન આવી શકી અને તેણે આત્મહત્યા કરી લીધી!

કામવાળી બાઈએ જોરથી તેને હલબલી ત્યારે તે સફાળી બેઠી થઈ ગઈ. મોઢું ધોઈ તે જમવાના ટેબલ પર આવી ત્યારે નીકમ સાહેબનો ફોન આવ્યો : બેન, તમે સોમવારે કોર્ટમાં આવી જશો કે અમે લેવા આવીએ? તેણે ધીમા પરંતુ સ્પષ્ટ શબ્દોમાં જવાબ આપ્યો : મને નથી લાગતું કે હવે મારી કોર્ટમાં જરૂર પડે. જે પણ ફેંસલો આવે તે મને ફોન પર જણાવી દેજો.

ફેંસલો ધાર્યા મુજબનો આવ્યો. રવિન્દ્રને સાત વર્ષની સખત કેદની સજા થઈ. રેવતી ઠાકોરજીના મંદિર પાસે આવી અને આર્દ્ર સ્વરે બોલી : આખરે તેં મારી પ્રાર્થના સાંભળી અને રવિન્દ્રનો મુખવટો ઉતારી નાખ્યો.

અઠવાડિયા પછી રોજના ક્રમ મુજબ પાંચેક વાગે, સાંજના તે એરપોર્ટ રોડ બાજુ ફરવા નીકળી. ચાલતી ચાલતી તે મહિલા અનાથ આશ્રમ પાસેથી પસાર થવા ગઈ ત્યાં નાનકડી બાળકીનો રડવાનો અવાજ સંભળાયો. શિયાળો હોવાથી સૂરજ વહેલો આથમવા લાગ્યો હતો. અંધારું પથરાઈ રહ્યું હતું. ઠંડા પટ પર કોઈ બાળકીને એક જ કપડામાં વિંટી મૂકી ગયું હતું. રેવતી તે બાળકીની નજીક ગઈ. આજુબાજુ જોયું તો કોઈ જ ન દેખાયું. તેને ખબર પડી ગઈ કે તે બાળકી ત્યજાયેલી છે. ત્યાં તો બાળકીનું રૂદન વધવા લાગ્યું. રેવતીની છાતીમાં ફાળ પડી અને તેનું માતૃત્વ જાગૃત થઈ ગયું. તેણે તરત જ બાળકીને ઊંચકી લીધી અને તેની મોટી કાળી આંખોમાં કેટલીયે વાર જોતી રહી... અને અચાનક જ તેણે બાળકીને છાતીએ વળગાડી અને બોલી મારી રેવા... તેની આંખમાંથી આંસુ પડ્યા કે છાતીમાંથી દૂધ વહ્યું તેની ખબર જ ન રહી. તે બાળકીને લઈ ઘર તરફ ચાલવા લાગી. ■

## वो पत्थर था इसलिए पिघल गया

*मीरा ने जब होश संभाला तो किसीने किष्न की मूर्ति हाथ में थमा दी।*
*मूर्ति पत्थर की थी, उसमें भावनाएं कहां थी।*
*मीरा के हाथों के स्पर्श से उसमें भावनाए जागी।*
*जैसे जैसे मीरा बडी हुई, मूर्ति से एक संबंध जुडा,*
*दिन और रात मूर्ति के बिना असंभव होने लगा।*
*सखी, सहेबी ब्याह के ससुराल गई, मीरा भी गई।*
*लोगोंके लिए जो पत्थर था, वही मीरा की जान था।*
*बाकी रिश्ते वैसे ही पत्थर थे,*
*फिर भी हर मर्यादा निभाई।*
*पत्थर से बनी मूर्ति मीरा के साथ हसने और रोने लगी।*
*कहने को तो कई साल बीत चुके है,*
*मीरा के प्यार ने पत्थर में भी प्रेम-अंकुर जगा दिया।*
*इन्सान जिसके पास दिल और दिलमें भावनाए थी,*
*मीरा को मृत्युदंड दे दिया।*
*मीरा के आँसुओं की करुण पुकार सुन वो नहीं सह सका*
*पत्थर था इसलिए पिघल गया।*
*उसके पास दिल और दिमाग कहां था कि सोचता?*
*खुद ही पिघल कर टूट गया और मीरा को अपने अंदर समा लिया।*
*हजारों उदाहरण है कि स्त्री ने प्रेम किया और निभाया,*
*किन्दु श्रीकृष्ण के अलावा कोई नर नहीं है*
*जिसने स्त्री के समर्पण को पत्थर बने के भी स्वीकार किया।*
*वो पत्थर था इसलिए पिघल गया, अगर इन्सान होता तो???*

*काश्मीरा हिमांशु गोर "काश"*

# બૃહદ્ મુંબઈ ગુજરાતી સમાજ સંચાલિત
# નવનીત ગુજરાતી સમાજ ભવન



સંસ્થાપક પ્રમુખ
**શ્રી હેમરાજ શાહ**




*બૃહદ્ મુંબઈ ગુજરાતી સમાજ સંચાલિત*
*નવનીત ગુજરાતી સમાજ ભવન*
અંધેરી - લિન્ક રોડ, લોટસ પેટ્રોલ પંપ સામે,
મુંબઈ-૪૦૦ ૧૦૨. ● મો. ૮૧૬૯૬ ૮૯૬૩૭
*E-mail :*
*gujaratisamajbhavan.mumbai@gmail.com*

ભારતીય સાંસ્કૃતિક પરંપરાનો એક યુગ એ પણ હતો જ જ્યારે તીર્થે જવાનો મહિમા અનેરો હતો. વસતી ઓછી હતી છતાંયે મોટાભાગના તીર્થ સ્થાનોમાં અનેક જ્ઞાતિઓ પોતાના જ્ઞાતિજનોની નિવાસ વ્યવસ્થા માટે અતિથિગૃહનું નિર્માણ કરી સુંદર સવલત આપતી થઈ.

સમય બદલાયો. વસતી વધતી ગઈ. તીર્થાટન વધ્યા સાથે ગુજરાતીઓ પોતાના વ્યવસાયને ગુજરાત રાજ્યની બહાર વિસ્તારતા રહ્યા. દેશના અન્ય રાજ્યોમાં કોઈ એક જ્ઞાતિ પરંપરાની ભાવના સર્વજ્ઞાતિની ભાવનામાં પરિણમતી રહી. આમ, ભારતના અનેક રાજ્યોના નાના-મોટા શહેરોમાં ‘ગુજરાતી સમાજ’ની સ્થાપનાઓ થતી રહી. આજે ભારતમાં એવા અનેક શહેરો છે જ્યાં તેના ગુજરાતી સમાજ દ્વારા ગુજરાતી સમાજ ભવન પણ નિર્માણ થતા રહ્યા. પરંતુ વિચારશીલ ગુજરાતીઓના મનમાં વરસો સુધી એક ખટકો હતો કે મુંબઈમાં આપણું પોતાનું ગુજરાતી ભવન ક્યાં? એ સહુની વાત તો સાચી જ હતી. ગુજરાત - મહારાષ્ટ્રની રચના પછી મુંબઈમાં પોતીકું કહી શકાય એવું એક પણ ‘ગુજરાતી સમાજ ભવન’ નિર્માણ પામી શક્યું નહોતું.

આ સ્વપ્ન સમાન ભગીરથ નિર્માણને સાકાર કર્યું મુંબઈના એક કચ્છી માડુએ. નામ એમનું હેમરાજ શાહ. આમ તો એમણે ગુજરાતીઓ અને તેમના માટેની હેતુલક્ષી પ્રવૃત્તિઓ કરવા માટે ૩૭ વર્ષ પહેલાં મુંબઈમાં ‘બૃહદ્ મુંબઈ ગુજરાતી સમાજ’ની સ્થાપના કરી. પ્રારંભમાં બહુ ઓછા એવા વ્યક્તિગત સભ્યો અને સંસ્થાકીય સભ્યોની નોંધણી સાથે પ્રવૃત્તિઓ આરંભાઈ. થોડા સમયમાં જ મુંબઈમાં વસતા ગુજરાતીઓએ ‘બૃહદ્ મુંબઈ ગુજરાતી સમાજ’ની પ્રવૃત્તિઓને વધાવી લીધી.

આજે સંસ્થામાં સેંકડો વ્યક્તિગત સભ્ય અને ૧૩૯ સંસ્થાઓ જેની સભ્ય બની ચૂકી છે એ બૃહદ્ મુંબઈ ગુજરાતી સમાજનું ‘ન ભૂતો ન ભવિષ્યતિ’ કહેવું પડે એવું એક સર્જન એટલે ‘નવનીત ગુજરાતી સમાજ ભવન.’

હેમરાજ શાહ ‘બૃહદ્ મુંબઈ ગુજરાતી સમાજ’ની સ્થાપના સમયથી મુંબઈમાં ગુજરાતી ભવન હોવું જોઈએ તે વિચાર ધરાવતા હતા. પછીના સમયમાં એમણે પ્રયત્નો પણ શરૂ કરી દીધા. એકવાર મુંબઈ ગુજરાતી ભવનના નિર્માણ માટે મીટિંગમાં પહેલી જ વાર રજૂઆત કરી ત્યારે અગ્રણીઓએ રીતસર પ્રપોઝલને હસી કાઢી. મુંબઈ જેવા શહેરમાં અનેક લાખો રૂપિયા

ખર્ચીને જગ્યા મેળવવી અને બીજા અનેક લાખો રૂપિયા ખર્ચીને ઈમારત ઊભી કરવા ફંડ ભેગવું કરવું શક્ય જ નથી એવું પ્રતિપાદન થતું રહ્યું.

જો કે હેમરાજ શાહે તો બિલકુલ સ્વસ્થ રહીને મનમાં ગાંઠ વાળી લીધેલી કે મુંબઈમાં ગુજરાતી ભવન બનાવવું જ છે. અહીં એક વાત ઉલ્લેખનીય છે કે, હેમરાજ શાહ પ્રારંભથી રાજકારણ સાથે જોડાયેલા. એ સમયની સરકારે તેમને 'મ્હાડા' એટલે કે મહારાષ્ટ્ર હાઉસિંગ એન્ડ એરિયા ડેવલપમેન્ટ ઓથોરીટીના સભ્ય તરીકે નિમણુંક કરેલા. તે સમયે તે લાગી પડ્યા ગુજરાતી ભવન માટે જમીન મેળવવાના કાર્યમાં. અનેક વરસો અને અનેક અડચણ પછી પોતાના એકલાના પ્રયાસે સરકાર તરફથી જમીન મેળવીને રહ્યા.







મુખ્ય પ્રશ્ન તો જમીનનો હતો. એ મેળવીને હેમરાજ શાહે અડધો જંગ જીતી ગયાની અગ્રણીઓને જાણ કરી. વિવિધ યોજનાઓ બનાવી ફંડ લેવાનું શરૂ કર્યું. એમાં પણ સારો એવો સમય વીતતો ગયો. હેમરાજ શાહની દૂરંદેશી, ધીરજ અને મનોબળના કારણે આખરે સને ૨૦૧૮માં મુંબઈમાં પહેલવહેલું આલિશાન ગુજરાતી ભવન નિર્માણ પામ્યું.

***તો જાણીએ 'બૃહદ્ મુંબઈ ગુજરાતી સમાજ' સંચાલિત 'નવનીત ગુજરાતી સમાજ ભવન'ની વિશિષ્ટતાઓ :***

★ મુંબઈનું પ્રાઈમ લોકેશન કહેવાય એ જોગેશ્વરી (વેસ્ટ)માં ભવન નિર્માણ પામ્યું. ભવનની નજીકમાં ઓશિવારા મેટ્રો રેલવે સ્ટેશન બની રહ્યું છે.

★ ભવનનો વિસ્તાર ૩૭ હજાર સ્કે.ફૂટ અને ૭ માળનો છે.

★ પહેલા માળે અને સાતમા માળે પૂરી જગ્યામાં વચ્ચે એક પણ પિલર વગરના વિશાળ હોલ છે.

★ બીજે માળે હેલ્થ કેર સેન્ટર અને સમાજની ઓફિસ.

★ ત્રીજા માળે વિદ્યાર્થી ગૃહ.

★ ચોથા, પાંચમા અને છઠ્ઠા માળે ૨ થી ૪ બેડ સુધીના રૂમો ધરાવતું અતિથિ ભવન છે. ભવનમાં ડોરમેટરીની વ્યવસ્થા પણ રખાઈ છે.

★ કુલ ૧૮ રૂમોમાં ૪૯ વ્યક્તિઓના નિવાસની વ્યવસ્થા છે. અહીં ઉતરનારને સવારે ચા અને નાસ્તાની સગવડ વિનામૂલ્યે અપાય છે.

★ એક્રિડિએશન પ્રાપ્ત પત્રકારો અને કલાકારોને ભાડામાં ૫૦ ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવે છે.

★ પૂરા 'ગુજરાતી સમાજ ભવન' માટે મુંબઈના અગ્રણી કચ્છી દાતા નવનીત પરિવાર તરફથી સહુથી વધુ દાન મળતા ભવનને 'નવનીત ગુજરાતી સમાજ ભવન' નામ અપાયું છે. આમ તો અગાઉ પહેલા માળના હોલ માટે નવનીત પરિવારે ૫૦ લાખનું દાન આપેલું જ છે.

★ બીજા માળે રોહિત પેપર મિલવાળા જયરામદાસ પટેલ તરફથી ૩૦ લાખનું દાન મળેલું છે.

★ ત્રીજા અને ચોથા માળનું નામ શ્રી વાગડ વિસા ઓશવાળ ચોવીસી મહાજને આપ્યું છે.

★ પાંચમા અને છઠ્ઠા માળના નામ પેટે હર્ષદભાઈ રમણિકલાલ મહેતા તરફથી ૫૦ લાખનું દાન મળેલ છે.

★ ચોથા, પાંચમા અને છઠ્ઠા માળે રચાયેલા અતિથિ ભવનની બે બેડથી ચાર બેડની રૂમો માટે પણ દરેક રૂમ દીઠ અનેક ગુણીજન દાનવીરોના દાન મળેલા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આમ તો હેમરાજ શાહના વ્યક્તિત્વને પૂરેપૂરું જાણવા થોડા પાનાઓ ઓછા પડે એવી રીતે તેઓ સામાજિક ક્ષેત્રે સતત કાર્યરત રહ્યા છે.

'મહારાષ્ટ્ર ગુજરાતી સમાજ મહામંડળ'ની સ્થાપના અને સમયાંતરે તેના વિવિધ આયોજનો, મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમી સાથે જોડાણ અને ગુજરાતી સાહિત્ય ઉત્કર્ષની અનેક પ્રવૃત્તિઓના રાહબર, કચ્છ શક્તિ મેગેઝીનના વાર્ષિક અંકોના પ્રકાશન સમયે વિવિધ ક્ષેત્રે સિદ્ધિ પ્રાપ્ત કચ્છી માડુઓના સન્માન વગેરે પ્રવૃત્તિઓ સમાજને ચરણે ધરતા રહી આજે ૮૨ વર્ષની ઉંમરેય કોઈ નવયુવાન જેવી ઊર્જા સાથે બહુજન હિતાય, બહુજન સુખાય કહી શકાય એવું યોગદાન આપતા રહ્યા છે.

*જે વાદવિવાદ નથી કરતાં, તે સંવાદમાં જીતી જાય છે.*

# વિજ્ઞાન જગત / માહિતી જગત

**● સંકલન : રસીકલાલ ખીમજી મહેતા ●**

## સૂક્ષ્મ જીવ જગત બેક્ટેરીયાનો શોધક : રોબર્ટ કોચ

પૃથ્વી પરની સજીવ સૃષ્ટિમાં સૂક્ષ્મ જીવ જગતમાં બેક્ટેરીયા અનોખું છે. એક કોષના બનેલા પૃથ્વી પર તમામ સ્થળે રહે છે. ઊંડા સમુદ્રથી માંડીને જમીન પર અને અન્ય સજીવોના શરીરમાં પણ રહે છે. બેક્ટેરીયા રોગ ફેલાવે છે. અમુક બેક્ટેરીયા લાભદાયક પણ હોય છે. ટી.બી., ટાઈફોઈડ, કોલેરા બેક્ટેરીયાના કારણે થાય છે. આંતરડામાં રહેલા કેટલાક બેક્ટેરીયા ખોરાકનું પાચન કરવામાં મદદરૂપ થાય છે.

જર્મનીમાં થઈ ગયેલા રોબર્ટ કોચ નામના વિજ્ઞાનીએ માણસને કેટલાક રોગ થાય ત્યારે તેના શરીરમાં ખાસ પ્રકારના બેક્ટેરીયા હોવાની શોધ કરી. તેણે ટી.બી. અને કોલેરાના કારક બેક્ટેરીયા ઓળખી બતાવ્યા. આજે બેક્ટેરીયોલોજી, એ તબીબી વિજ્ઞાનની મહત્ત્વની શાખા બની ગઈ છે. આ શોધ બદલ રોબર્ટ કોચને ૧૯૦૫માં નોબેલ પ્રાઈઝ એનાયત થયેલું. ૧૧ ડિસેમ્બર, ૧૮૪૩ના રોજ જર્મનીમાં તેમનો જન્મ થયો હતો. ગોન્ટીજન યુનિવર્સિટીમાં તેમણે ઉચ્ચ અભ્યાસ કર્યો હતો. વિવિધ રોગોના અભ્યાસ માટે તેમણે ઈ.સ. ૧૮૭૯માં માઈક્રોસ્કોપ વસાવ્યું અને હેકબર્ગની હોસ્પિટલમાં સંશોધનો કરવા જોડાયા. રોબર્ટ કોચે ઈજીપ્ત અને ભારતમાં કોલેરા વિશે ઊંડા સંશોધનો કર્યા. તે આ રોગ વિશેના સંશોધન પંચનો વડો હતો. તેણે બર્નમાં મુખ્ય અધિકારી તરીકે પણ અનેક સંશોધનો કરેલા. લેબોરેટરીમાં બેક્ટેરીયા પેદા કરવાની રીત પણ તેમણે શોધી હતી. રોબર્ટ કોચના યોગદાનથી જ મહારોગ ટી.બી.ની સારવાર શક્ય બની હતી. ૨૮મી મે, ૧૯૧૦ના રોજ આ મહાન વિજ્ઞાનીનું અવસાન થયું હતું.

## આ વાત જાણો છો?

- ★ અંગ્રેજીમાં પખવાડિયાને 'ફોર્ટ નાઈટ' કહે છે. તે ૧૪ રાત્રિનો સમયગાળો છે, ૧૫ દિવસનો નહીં.
- ★ જહાજની નીચે દરિયાની ઊંડાઈ માપવા માટે બેથોમીટર વપરાય છે.
- ★ બ્લડ પ્રેશર માપવાના સાધનને 'સ્ફીગ્મોમેનોમીટર' કહે છે.
- ★ સામાન્ય વીજળીનો ચમકારો ચાર ઈંચ પહોળો અને લગભગ ૩ કિ.મી. લાંબો હોય છે.
- ★ ભૂકંપની તીવ્રતામાં રીક્ટર સ્કેલના પ્રત્યેક આંક ૩૨ ગણી શક્તિનો ગણાય છે. ૫ ની તીવ્રતાના ભૂકંપ કરતાં ૬ ની તીવ્રતાનો ભૂકંપ ૩૬ ગણો શક્તિશાળી હોય છે.
- ★ પૃથ્વી પર આદિકાળમાં વસનારા પ્રાણીઓ પૈકી ૯૯.૯૯ ટકા પ્રાણીઓ માનવીની ઉત્પત્તિ પહેલા જ નાશ પામેલા.
- ★ ૧૦ ઈંચ બરફ વર્ષાનું પ્રમાણ એક ઈંચ પાણીની વર્ષા જેટલું થાય.

## એસ્ટ્રોઇડ બેલ્ટ શું છે?

સૂર્યમાળામાં પૃથ્વી સહિતના આઠ ગ્રહ એકલા જ પ્રદક્ષિણા કરે છે. આ બધા ગ્રહો મોટા કદના હોવાથી તેમના વજન અને કદ અનુસાર વિવિધ ભ્રમણ કક્ષામાં ગોઠવાયા છે. સૂર્યમાળાની ઉત્પત્તિ વખતે આ મોટા ગ્રહોની સાથે સાથે નાના મોટા ખડકો પણ છૂટા પડેલા. આ બધા પથ્થર જેવા વિવિધ આકારના ખડકો એક સમૂહમાં રહી સૂર્યની પ્રદક્ષિણા કરવા લાગ્યા. સૂર્યમાળામાં બુધ, શુક્ર, પૃથ્વી અને મંગળ પછી આ લઘુ ગ્રહોનો સમૂહ પટ્ટાના આકારમાં રહી પ્રદક્ષિણા કરે છે. આ પટ્ટા પછી ગુરુ, નેપ્ચ્યુન વગેરે ગ્રહો આવે છે. લઘુ ગ્રહોના આ સમૂહને એસ્ટ્રોઈડ બેલ્ટ કહે છે. જે સૂર્યમાળાના ગ્રહોમાં બાહ્ય અને આંતરિક એમ બે ભાગ પાડે છે.

જર્મનીના જેનિયલ ટેરિયલ નામના ખગોળશાસ્ત્રીએ ઈ.સ. ૧૭૦૦માં આ લઘુગ્રહોના પટ્ટાની શોધ કરેલી. એસ્ટીરોઈડ બેલ્ટમાં ઘૂમતા લઘુગ્રહો કેટલાક માત્ર એકાદ ફૂટના ટુકડા છે, તો કેટલાક એક હજાર કિલોમીટર કદના છે. તેમના આકાર પણ અનિયમિત છે. આ બધા લઘુગ્રહો સખત પથ્થર જેવા ખડકો છે. ફરતા ફરતા એકબીજા સાથે અથડાઈને નાના ટુકડા પણ થઈ જાય છે. ખગોળશાસ્ત્રીઓએ આ બેલ્ટમાંથી લગભગ ૩૦૦ જેટલા મોટા લઘુ ગ્રહોનો અભ્યાસ કર્યો છે. આ પટ્ટામાં કરોડો ખડકો રહેલા છે. જેમાંના કેટલાક પ્રકાશિત છે. વિજ્ઞાનીઓએ વેસ્ટા, પાલસ, સિરિસ જેવા નામ આપીને કેટલાક લઘુગ્રહોની ઓળખ પણ સ્થાપિત કરી છે.

## પ્રાણીઓમાં વાળ અને રૂંવાટી

- ★ માણસના શરીરમાં સૌથી વધુ ઝડપથી વિકાસ પામેલું દ્રવ્ય

*જે શાસ્ત્રોથી વિરૂધ્ધ વર્તન કરે છે, તેને શાસ્ત્રો કે શસ્ત્રોનો સામનો કરવો પડે છે.*

વાળ છે. વાળ વર્ષે લગભગ છ ઈંચ જેટલા વધે છે.

★ વાળને ત્રણ પડ હોય છે. બહારનું ક્યુટીકલ, ત્યારબાદ કોર્ટેક્સ અને છેલ્લે મેડ્યુલા.

★ વાળ કેરોટીન નામના સખત પ્રોટીનથી બનતા હોય છે.

★ વાળ સ્ટીલના તાર જેટલા મજબૂત હોય છે.

★ વાળ મૃત કોષોના બનેલા હોય છે. તંદુરસ્ત માણસના માથાના વાળ ચારથી છ વર્ષ ટકી રહે છે. વાળનું મૂળ જીવિત હોય છે.

★ માથાના વાળ ખોપરીનું રક્ષણ કરનારા ઈન્સ્યુલેટર તરીકે કામ કરે છે.

★ માણસના વાળ મોટેભાગે કાળા હોય છે. કેટલાક પ્રદેશોના લોકોના વાળ લાલ હોય છે.

★ જે વાળ ખરી જાય તેને સ્થાને નવા ઉગે છે. એક જ મૂળમાંથી લગભગ ૨૦ વખત નવા વાળ ઉગે છે.

## મશીનોનું અનોખું વિશ્વ : રોબોટીક્સ

ચાવી કે ઈલેક્ટ્રીક વડે હાલતા ચાલતા ઢીંગલા - ઢીંગલી કે પ્રાણીના રમકડાંને આપણે રોબોટ પણ કહીએ છીએ. રોબોટ એ માત્ર રમકડાં નહીં પરંતુ ઉપયોગી સાધન છે. ટેકનિશિયનો ઘરમાં કચરો વાળી આપવાથી માંડી દર્દીના ઑપરેશન કરી આપે તેવા રોબોટ્સ બનાવે છે. રોબોટ માણસના આકારના જ હોય તેવું નથી. જે હેતુથી તે બન્યા હોય તેમાં ઉપયોગ થાયતેટલા અંગો બને એટલે રોબોટ તૈયાર. ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં 'કેનેડા આર્મ' નામનો રોબોટ એક હાથ જેવો છે, અને તે રીપેરીંગનું કામ કરે છે.

રોબોટની દુનિયા અનોખી છે. રોબોટ બનાવવા અને સંશોધન કરવાના ક્ષેત્રને રોબોટીક્સ કહે છે. ઘણા રોબોટ તો માન્યામાં ન આવે તેવા કામ કરે છે. વિશ્વભરમાં વિવિધ કારખાના, લેબોરેટરી, હોસ્પિટલ, ઘરો અને ઓફિસમાં ૧૦ લાખથી વધુ રોબોટ કામ કરે છે.

જાપાનની એક કંપનીએ રીયલ બેબી રોબોટ બનાવ્યો છે. જે હસે છે, બોલે છે, ગીત ગાય છે અને રડે છે. તેમજ હાવભાવ પણ દર્શાવે છે.

વિશ્વમાં સૌથી વધુ વપરાતી આઈ રોબો રોમ્બા નાનકડી ગોળાકાર ડિસ્ક જેવો છે. જે આપમેળે આખા ઘરમાં ફરીને કચરો સાફ કરી આપે છે.

જંગલો, પીરામિડો જેવા દુર્ગમ સ્થળોની ફોટોગ્રાફી કે તપાસ માટે કેમેરાથી સજ્જ રોબોટ પણ જોવા મળે છે.

## ઠંડી લાગે ત્યારે ધ્રુજારી કેમ થાય છે?

આપણને વધુ ઠંડી લાગે ત્યારે હાથ પગ ધ્રુજવા લાગે છે અને કેટલાકને દાઢી ધ્રુજવા લાગીને દાંત પણ કટકટે છે. આપણું શરીર આસપાસના હવામાન સાથે પોતાનું ઉષ્ણતામાન જાળવી રાખતું હોય છે અને શરીરને જરૂરી ઉષ્ણતામાનમાં રાખવા માટે વાતાવરણ પણ અનુકૂળ હોવું જોઈએ. વાતાવરણના ઉષ્ણતામાનમાં વધારો કે ઘટાડો થાય ત્યારે શરીર પોતાનું સમતોલ ઉષ્ણતામાન જાળવી રાખવા માટે પ્રતિક્રિયા કરે છે. ઉનાળામાં પરસેવો વળીને ઉષ્ણતામાન જળવાય છે. જ્યારે ઠંડીમાં શરીરના સ્નાયુઓ ગરમી મેળવવા માટે ધ્રુજવા લાગે છે. અતિશય ઠંડીમાં શરીરની ધ્રુજારી, એ શરીરની ગરમી મેળવવા માટેની પ્રતિક્રિયા છે.

## નક્ષત્ર અને રાશિ શું છે?

જ્યોતિષશાસ્ત્રમાં નક્ષત્ર અને રાશિ શબ્દો જાણીતા છે. રાશિ ઉપરથી ભવિષ્ય કથન તમે વાંચતા હશો. પ્રાચીનકાળમાં ઋષિ મુનિઓએ સૂર્ય, ચંદ્ર અને તારાઓની ગતિ અને સ્થાનનો અભ્યાસ કરીને પંચાંગની રચના કરેલી. પંચાંગમાં કયા દિવસે સૂર્ય, ચંદ્ર અને તારાઓ ક્યાં હોય છે તેની ચોક્કસ માહિતી હોય છે. પૃથ્વી અને ચંદ્રની પ્રદક્ષિણા અને ધરી ભ્રમણનો સમય નિશ્ચિત હોય છે. એટલે સમગ્ર સૂર્યમાળાની ગતિવિધિ ચોક્કસ અને નિયમિત હોય છે. આકાશમાં ચંદ્ર તારાઓની વચ્ચે સરકતો હોય છે. ચંદ્રની ભ્રમણ કક્ષાના ૨૭ ભાગ પાડી ખગોળશાસ્ત્રીએ તેમને નામ આપ્યા છે. આ નામ જાણીતા છે. દરેક ભાગમાં તારા હોય છે. તારાના ઝુમખાના આકાર ઉપરથી તેને નામ અપાય છે. ચંદ્ર જે ઝુમખામાં હોય છે તે નક્ષત્રમાં છે તેમ કહેવાય છે. નક્ષત્રોના નામ ઉપરથી કારતક, માગશર, પોષ વગેરે મહિનાઓના નામ પડ્યા છે. વિક્રમ સંવત ચંદ્રની ગતિવિધિના આધારે ગણાય છે. તેને ચાંદ્રવર્ષ કહે છે.

ચંદ્રની ભ્રમણકક્ષાની જેમ સૂર્ય ફરતે પ્રદક્ષિણા પથના વર્તુળના ૧૨ ભાગ પાડી તેને રાશિ નામ અપાયું. રાશિ એટલે કે ઢગલો કે સમૂહ. રાશિમાં તારાનો સમૂહ હોય છે. તેની ગોઠવણીમાં બળદ, સિંહ, ત્રાજવા, માછલી જેવા આકારોની કલ્પના કરીને બાર રાશિના નામ અપાયા છે. બધું ચક્રાકાર છે. પરંતુ અશ્વિની પહેલું નક્ષત્ર અને મેષને પહેલી રાશિ ગણવામાં આવે છે.

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૬૦ ઉપર)**

# બૃહદ્ કચ્છ

● સંપાદન : ચૌલા કુરુવા ●

## ફીફા માં કચ્છ

તાજેતરમાં દોહા-કતારમાં સંપન્ન થયેલા ફીફા વર્લ્ડકપ દરમિયાન મેદાનની અંદર માનકુવાના યુવા રસોઇયાએ લોકોને ભાવતા ભોજનિયા જમાડ્યા હતા. વિશ્વની સૌથી મોટી રમત ફૂટબોલના ફીફા વર્લ્ડકપ-૨૦૨૨નું આયોજન તા. ૨૦ નવેમ્બરથી તા. ૧૮ ડિસેમ્બર સુધી દોહા-કતાર ખાતે કરવામાં આવ્યું હતું. આ સમયગાળા દરમિયાન દસ લાખથી પણ વધુ પ્રેક્ષકોએ મેદાનમાં થઇને વિવિધ ટીમો વચ્ચેની રમતો નિહાળી હતી. જો કે, ભુજ તાલુકાના માનકુવાના જીજ્ઞેશ ગણાત્રાના પુત્ર ઓમની અમદાવાદના ઇન્ટરનેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ હોટલ મેનેજમેન્ટ દ્વારા ફીફા વર્લ્ડકપના આયોજનના ભાગરૂપે સ્ટેડિયમમાં લાઇવ સૅફ તરીકે નિમણુંક કરવામાં આવી હતી. તેમણે વિવિધ ભોજન અને વાનગીઓ જમાડી હતી.

*(તા. ૦૧-૦૧-૨૦૨૨)*

## ભારતીય સેનાના મહિલા કેપ્ટન શિવા ચૌહાણ વિશ્વના સૌથી ઊંચા યુદ્ધ મેદાન પર તહેનાત

ભારતીય સેના દ્વારા ફાયર એન્ડ ફ્યુરી કોર્પ્સનાં મહિલા કેપ્ટન શિવા ચૌહાણને વિશ્વના સૌથી ઊંચા યુદ્ધ મેદાન પર તહેનાત કરવામાં આવ્યા છે. શિવા ૧૫,૬૩૨ ફૂટની ઊંચાઈ પર સ્થિત સૌથી ખતરનાક કુમાર પોસ્ટ પર ડ્યુટી કરી રહ્યા છે. આ પહેલીવાર છે, જ્યારે ભારતીય સેનાએ આટલી ખતરનાક પોસ્ટ પર કોઈ મહિલાને તહેનાત કરી છે. કુમાર પોસ્ટ ઉત્તર ગ્લેશિયર બટાલિયનનું મુખ્ય મથક છે.

*(તા. ૦૪-૦૧-૨૦૨૩)*

## કચ્છની સામે આવેલા પાકિસ્તાનમાં ફરી અલગ સિંધુ દેશની માંગ બુલંદ બની

કચ્છને અડીને આવેલા સિંધ પ્રાંતમાં ફરી અલગ સિંધુ દેશની માંગ બુલંદ બની છે. તાજેતરમાં સિંધી નેતા જી.એમ. સૈયદની જન્મજયંતી પર પાકિસ્તાનના સિંધમાં અલગ સિંધુ દેશની માંગણીની સાથે ચીન સામે ભારે વિરોધ પ્રદર્શન પણ થયું હતું. જેમાં પોલીસ અને અલગ દેશના સમર્થકો વચ્ચે અથડામણ પણ થઈ હતી.

જીયે સિંધ મુત્તાહિદા મહાઝ (જે.એસ.એમ.એમ.)ના કાર્યકરોએ સંયુક્ત રાષ્ટ્રને પાકિસ્તાનથી આઝાદીની તેમની માંગણી પૂરી કરવા કહેતા બેનરો હાથ ધર્યા હતા. જેમાં લખ્યું હતું કે, 'સંયુક્ત રાષ્ટ્ર - પાકિસ્તાન એક આતંકવાદી રાજ્ય છે.' 'સિંધી રાષ્ટ્ર સિંધુદેશની આઝાદી ઈચ્છે છે' અને 'નો ચાઈના ગો ચાઈના'. જે.એસ.એમ.એમ.એ જણાવ્યું હતું કે, 'સિંધી રાષ્ટ્ર સિંધના પ્રાદેશિક પાણીમાં ચીનની હાજરીને આક્રમકતા માને છે. જ.એસ.એમ.એમ.ના અધ્યક્ષ સફી બર્ફતે જણાવ્યું હતું કે, 'સિંધી રાષ્ટ્રે આજે સિંધના દરિયાકાંઠે ચીનની હાજરી અને નૌકાદળના બેઝના નિર્માણ સામે મોટો વિરોધ કર્યો હતો.'

સંયુક્ત રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રીય સમુદાયને સિંધના કિનારે કોઈપણ બાંધકામ પ્રોજેક્ટ બનાવવાથી ચીનને તાત્કાલિક રોકવા માટે વિનંતી કરવામાં આવી છે. હાલ જર્મનીમાં નિર્વાસિત જીવન જીવી રહેલા બર્ફતે ઉમેર્યું હતું કે, 'આંતરરાષ્ટ્રીય સમુદાયે ચીન પર સિંધના દરિયાકાંઠે તેનો કબજો ખતમ કરવા દબાણ કરવું જોઈએ.' ડોન અખબારે નોંધ્યું છે કે જ્યારે પોલીસે કાર્યવાહી રોકવાનો પ્રયાસ કર્યો ત્યારે સહભાગીઓએ તેમની સાથે ઘર્ષણ કર્યું હતું.

દર વર્ષે, સિંધી રાષ્ટ્રવાદી પક્ષો જી.એમ. સૈયદની જન્મ જયંતી પર સાન શહેરમાં મોટા કાર્યક્રમોનું આયોજન કરે છે. સૈયદ જે પાકિસ્તાનની આઝાદી પછી તેઓ ૧૯૪૮માં રાજ્યના પ્રથમ રાજકીય કેદી બન્યા હતા. સૈયદે સિદ્ધાંતો, બિનસાંપ્રદાયિકતા, સિંધી રાષ્ટ્રવાદની હિમાયત કરતી સૂફી વિચારધારાઓના રાજકીય અમલીકરણને પુનઃ પ્રાપ્ત કરવા સિંધુદેશ ચળવળનો પાયો નાખ્યો હતો.

*(તા. ૧૪-૦૧-૨૦૨૩)*

## "બે પરવા"

*શિશિરે સૃષ્ટિ વિંટાણી, વિધાતાવેશે ને સભર શોકે,*
*ને; એ વિદાયે પધારી, રૂમઝુમ પગલે નૃત્યની વાસંતી રાણી.*

*મૃદુલ કુસુમસભર પગપાનીએ, મસ્તીભરી નવવધુસી નૌયૌવનાની*
*લહેરાવી; પાગલચિત્ત સમો; 'બેપરવા' પાલવ મસ્ત હવામાં.*

***દેવચંદ ગાલા***

***પૂર્વતંત્રી 'પગદંડી', પૂર્વ નગરસેવક - મુંબઈ***

*જે પોતાને પ્રતિકૂળ છે, તેવું વર્તન બીજા પ્રત્યે કરવું નહીં.*

# માતૃભૂમિ કચ્છના સમાચાર

● સંપાદન : ચૌલા કુરુવા ●

## પરિવાર દ્વારા સેવા કામો

અબડાસા તાલુકાના ખારુઆમાં દાતાના આર્થિક સહયોગથી વૃક્ષારોપણ સાથે ગટરલાઈન, સી.સી.ટી.વી. સહિતના કામો કરવામાં આવી રહ્યા છે. છેલ્લા બે વર્ષથી સ્વ. ભાણબાઈ વેરશી શિવજી પરિવાર દ્વારા ગામની સુખાકારી માટે અનેકવિધ સેવાકીય કાર્યો જેવા કે ખેતરે જવા અડચણરૂપ જૂના રસ્તા રીપેર કરવા, જૂના તળાવોની આવ અને ઑગનની સફાઈ કરવી, ગામની આજુબાજુ અને સીમાડામાં ગાંડા બાવળનું કટીંગ કરવું, પાણીના જૂના વહેણ સાફ કરવા, ગામની બાજુમાં નદીની સફાઈ કરવી, ગામના સીમાડામાં ચારેક જેટલા મોટા તળાવોની પાળ અને ઓગનનું રીનોવેશન, ગામમાં સી.સી.ટી.વી. કેમેરા, વર્ષો જૂની ગટર લાઈનનું સમારકામ, નિયમિત સફાઈકામ, જંગલમાં વાંકોલ માતાજીના રસ્તાનું રીપેરીંગ, ગરીબ પરિવારના બાળકોની સ્કૂલ ફી ભરવી, ગામની બહેન-દીકરીઓને ટુ-વ્હીલર શીખવવા જેવા અનેક સેવા કાર્યો આ પરિવાર કરી રહ્યું છે.

*(તા. ૦૨-૦૧-૨૦૨૩)*

## ગૂગલમાં કચ્છ

વર્ષ ૨૦૨૦માં કચ્છમાં કોરોનાની પ્રથમ લહેરના લીધે વર્ષ દરમિયાન ગૂગલ પર સ્થાનિક અને જિલ્લા બહાર વસતા કચ્છીઓએ કચ્છમાં કોરોના અંગે માહિતી મેળવી હતી. પરંતુ વર્ષ ૨૦૨૧માં કોરોનાની સાથે રણોત્સવ, કડિયા ધ્રો અને ધોળાવીરા અંગે વધારે સર્ચ કરવામાં આવ્યું હતું. કચ્છ આજે ટુરિઝમ હબ છે. જેના પગલે ગૂગલ પર લોકો કચ્છનું રણ અને રણોત્સવ વધારે સર્ચ કરતા હોય છે. ગૂગલ દ્વારા દર વર્ષે દેશ પ્રમાણે શું શું વધારે સર્ચ કરાયું તેની યાદી જાહેર કરાય છે. જે તે દેશના લોકોના મૂડ તેના પરથી જાણી શકાય છે. ગૂગલ ટ્રેન્ડ પર કોઈ પ્રદેશ અથવા ટોપીક અંગે લોકો શું તપાસ કરી રહ્યા છે તે પણ જાણી શકાય છે.

*(તા. ૦૩-૦૧-૨૦૨૩)*

## કચ્છમાં પ્રવાસીઓ

શિયાળાની કડકડતી ઠંડી વચ્ચે હાલમાં પ્રવાસન સીઝન પૂરબહારમાં ખીલી ઉઠી છે. તેમાં પણ વિક-એન્ડનો માહોલ અને થર્ટી ફર્સ્ટની ઉજવણી કરવાની હોવાથી પ્રવાસીઓના ધાડેધાડા કચ્છમાં ઉતર્યા છે. જેના કારણે ગેસ્ટહાઉસ, હોટલ, ઉતારા, હોમ સ્ટે ફૂલ થઈ ગયા છે. જેથી પ્રવાસીઓ પાસેથી બમણા ભાવ વસુલાયા હોવાની પણ ફરિયાદ છે. જો કે ખર્ચની પરવા ન કરતાં સહેલાણીઓ કચ્છની સ્મૃતિઓ હૃદયમાં કંડારી રહ્યા છે.

*(તા. ૦૪-૦૧-૨૦૨૩)*

## નલીયામાં જ સૌથી વધુ ઠંડી કેમ પડે છે?

**જેના કારણે ગુજરાતનો આ વિસ્તાર 'કાશમીર' બની જાય છે. હવામાન વિભાગે સમજાવી મુદ્દાસર વાત**

ગુજરાતમાં આ વખતે ઠંડીની શરૂઆત થોડી મોડી થઈ. પરંતુ હવે ઠંડીનું જોર વધી રહ્યું છે. ઉત્તર ભારતમાં હિમવર્ષા શરૂ થયા બાદ ગુજરાતમાં તાપમાનનો પારો ગગડવા માંડ્યો છે. હવામાન વિભાગે કરેલી આગાહીમાં દર વખતની જેમ આ સીઝનમાં પણ કચ્છના નલીયામાં સૌથી ઓછું તાપમાન નોંધાયું છે અને આવનારા સમયમાં હજુ પણ નલીયાના તાપમાનમાં ઘટાડો થશે. ત્યારે ઘણા લોકોને સવાલ થતો હશે કે ગુજરાતમાં સૌથી વધુ ઠંડી નલીયામાં જ કેમ પડે છે? એવા તો કયા કારણો છે, જેને લીધે દર વખતે નલીયાનું તાપમાન અન્ય પ્રદેશની તુલનામાં સૌથી વધુ ઝડપે નીચે જાય છે. નલીયાની ભૌગોલિક સ્થિતિ અને રીસર્ચ કરીને ડેટા એનાલિસીસ કર્યું. આ ઉપરાંત હવામાન વિભાગના ડાયરેક્ટર મનોરમા મોહંતી સાથે પણ વાતચીત કરીને આવા સવાલોનો જવાબ મેળવવાનો પ્રયાસ કર્યો.

*(તા. ૦૪-૦૧-૨૦૨૩)*

## શ્વાનના કરડવાના બનાવ વધ્યા. ૧૦ મહિનામાં ૮૮૬૫ હડકવાની રસી અપાઈ

ગાંધીધામમાં દર વર્ષે શ્વાન કરડવાની ઘટનાઓ સતત વધતી જઈ રહી છે. જેની સીધી સાબિતી હોસ્પિટલમાં અપાતી હડકવા વિરોધી રસીના વધતા આંકડાથી સાબિત થાય છે. રામબાગ હોસ્પિટલના સત્તાવાર આંકડાઓ જણાવે છે કે એપ્રિલથી ડિસેમ્બર

*જે કારણ વગર ગુસ્સે થાય કે કારણ વગર પ્રસન્ન થાય તેનાથી ચેતજો.*

૨૦૨૧ સુધીના ૧૦ મહિનાના ગાળામાં કુલ ૬૭૦૩ હડકવા વિરોધી રસી અપાઈ હતી.

- **શું છે હડકવા? વિશ્વભરમાં ભારતમાં સૌથી વધુ કેસ**

ગરમ લોહી ધરાવતા પ્રાણીઓ જેમ કે કુતરા, બિલાડા, સિંહ, વાંદરા, ચામાચીડિયામાં હડકવાનો રોગ થાય છે. આ પ્રકારનું શ્વાન મનુષ્યને કરડે તો તેની લાળથી શરીરમાં પ્રવેશેલા વિષાણુ થોડા સમયમાં જ મનુષ્યના ચેતાતંત્ર પર હુમલો કરીને તેના પર હાવી થઈ જાય છે અને મનુષ્ય અસહજ વર્તન કરે છે, માનસિક સ્થિતિ ગુમાવે છે અને કોમામાં સરી પડતા મહત્તમ કિસ્સાઓમાં જો સારવાર કે રસી ન લેવાય તો મોતને ભેટે છે. ઉપલબ્ધ આંકડાઓ અનુસાર વિશ્વમાં સર્વાધિક હડકવાના કેસ ભારતમાં જોવા મળે છે, જેની પાછળ શેરીના શ્વાનો જવાબદાર છે.

*(તા. ૦૯-૦૧-૨૦૨૩)*

## દેશમાં ઊંટોની સંખ્યા ઘટી, પણ કચ્છમાં વધી

**૨૦મી પશુધન ગણતરી મુજબ કચ્છમાં ઊંટોની સંખ્યા ૯૦૫૩ હતી જે વધીને અત્યાર સુધીમાં ૧૩,૩૦૦ થઈ. ભારતમાં ઊંટોની ૮૪ ટકા વસતી રાજસ્થાનમાં છે જ્યારે કચ્છમાં ૪થી ૫ ટકા છે**

ઊંટ ઉછેરક માલધારી સંગઠન સાથે સંકળાયેલ સહજીવન સંસ્થાના વિશ્વાબેન ઠક્કરના જણાવ્યા મુજબ કચ્છમાં હાલ ૧૩,૩૦૦ ઊંટો આવેલા છે. જેમાંથી ૧૧,૭૦૦ કચ્છી ઊંટ છે જ્યારે ૧૬૦૦ જેટલા ખારાઈ ઊંટો આવેલા છે. આ ઉપરાંત કચ્છમાં ૩૫૪ ઊંટપાલક પરિવાર આવેલા છે. સહજીવન સંસ્થા અને ઊંટ ઉછેરક માલધારી સંગઠન દ્વારા ઊંટ પાલકોને સમયસર દવા અને યોગ્ય માવજત મળી રહે તે માટે કેમ્પ યોજવામાં આવે છે. કચ્છમાં વધતી ઊંટોની સંખ્યા પાછળ માલધારી સંગઠન અને સહજીવન સંસ્થા દ્વારા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જો કે, ઊંટોના ચરિયાણ વિસ્તાર પર દબાણો અને ચેરિયાઓના નિકંદનના લીધે ઊંટ પાલકોમાં ચિંતા જોવા મળે છે.

સરકાર દ્વારા રાજ્યમાં એકમાત્ર કચ્છના ઢોરી ખાતે ઊંટ ઉછેર કેન્દ્ર બનાવવામાં આવ્યું છે. જેમાં હાલ કુલ ૩૦૫ ઊંટો આવેલા છે. વર્ષ ૨૦૨૦-૨૧માં કેન્દ્રમાં નવા જન્મેલા ઊંટોની સંખ્યા ૪૪ હતી, જે વર્ષ ૨૦૨૧-૨૨માં ઘટીને ૨૯ નોંધાઈ હતી.

*(તા. ૦૯-૦૧-૨૦૨૩)*

*અગર આપણે સારી ભાવનાથી કોઈ કામ કરીએ છીએ, તો પસ્તાવાનું કોઈ કારણ નથી.*

## સ્મૃતિવન મ્યુઝીયમ

**સ્મૃતિવન મ્યુઝીયમની મોંઘી ફી ના કારણે અડધોઅડધ સહેલાણીઓ બહારથી જ રવાના ● ૩ મહિનામાં ૧.૨૨ લાખમાંથી માત્ર ૫૫ હજાર મુલાતીઓએ મ્યુઝીયમ જોયું. ● પ્રવાસીઓ રૂા. ૨૦ વાળી ટિકીટ લઈ વોક વે અને સનસેટ પોઇન્ટ પર પહોંચી સંતોષ માને છે.**

કચ્છમાં આવેલા વિનાશક ભૂકંપની યાદમાં ભુજીયા ડુંગરની તળેટીમાં બે દાયકે સ્મૃતિવન મ્યુઝીયમનું નિર્માણ કરવામાં આવ્યું છે. હાલમાં પ્રવાસન સીઝન છે. જેથી પ્રવાસીઓના ધાડેધાડા આવી રહ્યા છે પણ સ્મૃતિવનમાં આવતા સહેલાણીઓ મ્યુઝીયમની મોંઘી ફી ને લઈને ત્યાં જવાનું ટાળી રહ્યા છે. સ્મૃતિવન પરિસરમાં લાખ લોકોની એન્ટ્રી નોંધાઈ છે જેમાંથી માત્ર અડધા પ્રવાસી જ મ્યુઝીયમની મુલાકાતે આવ્યા છે. બાકીના ૩૦૦ રૂપિયાની મોંઘી ફી સાંભળીને માત્ર વોક વે અને સનસેટ પોઈન્ટ નિહાળી પરત ગયા છે.

સ્મૃતિવન મ્યુઝીયમમાં ભૂકંપ સમયના ઘટનાક્રમો રજૂ કરવામાં આવ્યા છે.

*(તા. ૧૨-૦૧-૨૦૨૩)*

## ૩૦૦ વર્ષ જૂની વ્રજભાષા પાઠશાળાની શોર્ટ ફિલ્મનું ભુજમાં થશે અનાવરણ...

ગુજરાતી નહીં, કદાચ કચ્છીઓને પણ ખબર નહીં હોય કે ત્રણસો વર્ષ પહેલાં કાવ્યશાસ્ત્રનો અભ્યાસ કરવા માટે વ્રજભાષા પાઠશાળા નામે એક વિદ્યાસંકુલ ભુજમાં હતું અને તેમાં કવિ બનવા માંગતા તેજસ્વી વિદ્યાર્થીઓને પીંગળ શાસ્ત્રનું વિધિસરનું શિક્ષણ નિષ્ણાતો દ્વારા અપાતું હતું. એ જમાનામાં જેમ સંસ્કૃત માટે કાશી પ્રખ્યાત હતું, તેમ કવિતા માટે કચ્છ જાણીતું હતું.

આજ સુધીના ઈતિહાસમાં ગુજરાત કે ભારત જ નહીં, વિશ્વભરમાં આ પ્રકારની એકમાત્ર કાવ્ય શાળા હતી. તેમાં પાંચથી સાત વર્ષનો અભ્યાસક્રમ હતો અને તેના આધાર પર રાજાશાહી યુગમાં રાજકવિની નિમણુંકો થતી હતી. ગુજરાતના કવિશ્વર દલપતરામ અને સ્વામિનારાયણ સંપ્રદાયના જાણીતા કવિ બ્રહ્માનંદ સ્વામી સહિતના સંખ્યાબંધ કવિઓ અહીં કાવ્ય શાસ્ત્રના પાઠ શીખ્યા હતા ત્યારે આ પાઠશાળાનો ઈતિહાસ બતાવતી શોર્ટ ફિલ્મનું ભુજમાં અનાવરણ કરવામાં આવશે.

હમીરજી રતનુ લોકસાહિત્ય કેન્દ્રના નિયામક ડૉ. કાશ્મીરા મહેતાએ જણાવ્યું કે, કચ્છ યુનિવર્સિટી તથા રાજકવિ શંભુદાન ગઢવી મેમોરીયલ ટ્રસ્ટના ઉપક્રમે ૩૦૦ વર્ષ જૂની કચ્છની વ્રજભાષા પાઠશાળાના ઇતિહાસની ઝલક દેખાડતી શોર્ટ ફિલ્મનું અનાવરણ સોમવારે બપોરે ૧૨ કલાકે યુનિવર્સિટીના કોર્ટહોલમાં કરવામાં આવશે.

*આઝાદી પછી ૧૯૪૮માં પાઠશાળા બંધ થઈ*

ઇતિહાસ પર નજર કરીએ તો કવિ બનવાની ઇચ્છા સાથે આવતા વિદ્યાર્થીઓના શિક્ષણ તેમજ રહેવા-જમવા સહિતનો તમામ ખર્ચ કચ્છ રાજ્ય ભોગવતું. કાવ્ય રચનાના દસે-દસ પાસા એટલે કે રસ, છંદ, અલંકાર, રીતિ, વક્રોક્તિ, ધ્વનિ, નાયિકાભેદ, કાવ્યદોષ, કાવ્યગુણ અને શબ્દ શક્તિનો ગંભીરતાથી અભ્યાસ કરાવાતો તેમજ વિવિધ કલાઓ પણ શીખવાડવામાં આવતી હતી. આઝાદી પછી ૧૯૪૮માં પાઠશાળા બંધ કરી દેવાઈ. ભૂકંપ પછી મકાનનુંયે નામનિશાન રહ્યું નથી. *(તા. ૧૪-૦૧-૨૦૨૩)*

## કચ્છમાં ભચાઉ બાદ હવે ભુજીયા સ્મૃતિવન પર ૧૦૦ ફૂટ ઊંચો તિરંગો કાયમ ફરકતો રહેશે

પી.એમ. મોદીના ડ્રીમ પ્રોજેક્ટ ગણાતા ભુજના ભુજીયા ડુંગરના સાંનિધ્યમાં શહેરની શાન બનેલા સ્મૃતિવનમાં હવે કાયમી ધોરણે ૧૦૦ ફૂટ ઊંચો તિરંગો લહેરાતો જોવા મળશે. આગામી તા. ૨૬ જાન્યુઆરીના પ્રજાસત્તાક દિવસે વર્ષ ૨૦૦૧ના કચ્છમાં આવેલા ભૂકંપની ૨૩મી વરસીના સમયે સ્મૃતિવનમાં જિલ્લા કક્ષાની ઉજવણી સાથે ભૂકંપમાં દિવંગત આત્માઓની યાદમાં સ્મરણાંજલિ કાર્યક્રમ યોજાશે. આ દરમિયાન સ્મૃતિવનના ગેટ નંબર-૨ ની સામે ૧૦૦ ફૂટ ઊંચા રાષ્ટ્રધ્વજને કાયમ ફરકતો કરવામાં આવશે. આ માટે વહીવટી તંત્ર દ્વારા જરૂરી મંજૂરી પ્રક્રિયા પણ પૂર્ણ કરી લેવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

કચ્છના વડા મથક ભુજ શહેરમાં પ્રવેશતા પૂર્વે માધાપર તરફથી આવતા લોકોને ભવ્ય ભુજીયા ડુંગર પર અર્થક્વેક ગેલેરી સાથે હવે દેશની આન, બાન અને શાનના પ્રતીક તિરંગો લહેરાતો પણ જોવા મળશે. *(તા. ૧૪-૦૧-૨૦૨૩)*

## કચ્છના અખાતમાં વર્ષે સરેરાશ ૧૫ હજાર જહાજની આવ-જા...

**૧૫ લાઇટ હાઉસ - વીટીએસ સતત કરી રહ્યા છે મોનીટરીંગ**

ગાંધીધામના દીપ ભવનમાંથી સમગ્ર કચ્છ અખાતને આવરી લેતી લાઇટ હાઉસ અને વીટીએસની વ્યવસ્થા કાર્યરત થાય છે. જેની બહાર આવતી માહિતી અનુસાર ગત વર્ષના ડિસેમ્બર સુધીમાં ૧૨,૫૦૦ જેટલા જહાજોએ આવાગમન કર્યું હતું, જ્યારે કે સરેરાશ વાર્ષિક ૧૫ હજાર વેસલ ઇન-આઉટ કરે છે.

કચ્છની ક્રીક આમ તો સદીઓથી આંતરરાષ્ટ્રીય વેપાર ઉદ્યોગ માટે ઉપયોગમાં લેવાતી રહી છે. પરંતુ છેલ્લા બે દસકામાં બંદરીય વિકાસના પગલે જહાજોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે.

લાઇટ હાઉસની નજરથી દરિયાના કોઈ પણ ખૂણેથી કોઈ પણ જહાજ છટકી શકે તેમ નથી. સમગ્ર ભારતમાં કુલ ૧૯૪ લાઇટ હાઉસ છે. જેમાં ગાંધીધામ દીપ ભવન હેઠળ ૧૫ આવે છે : બાલાછડી, ભદ્રેશ્વર, ડુમરા પાસે આવેલું છે. કોટેશ્વર, જખૌ, હરૂડી, કંડલા, માંડવી, નવીનાળ, ઓખા, વાંકુ, ચુડેશ્વર, નવલખી, સિક્કા, રોઝીનો સમાવેશ થાય છે. આ તમામ લાઇટ હાઉસ અને વીટીએસ જહાજો સાથે સતત સંપર્કમાં રહીને તેમનો માર્ગ પ્રશસ્ત કરે છે. *(તા. ૨૦-૦૧-૨૦૨૩)*

## સીલ કરાયેલા રેકર્ડ રૂમનું ગ્રહણ અંતે હટ્યું. બાલ ભવનમાં રખાયું

ભુજ નગર પાલિકાની ઇમારત ૨૦૦૧ની ૨૬મી જાન્યુઆરીના ભૂકંપમાં જર્જરીત થઈ હતી. જે ૨૨ વર્ષ બાદ છેક ૨૦૨૩ની ૨૩મી જાન્યુઆરીએ અને ભૂકંપની તિથિ એટલે કે મહા સુદ બીજના સંપૂર્ણ ધરાશાયી કરાઈ હતી. જે પહેલા સીલ કરાયેલા રેકર્ડ રૂમને ડી.વાય.એસ.પી., મામલતદાર અને મુખ્ય અધિકારીની હાજરીમાં ખોલવાનું રોજકામ કરાયું હતું. જે બાદ બાલ ભવનમાં તમામ રેકર્ડ પુનઃ સીલ કરી દેવાયા હતા.

ભુજ શહેરના પુનઃ વસનના લાભાર્થીઓ બનવા માટે ભુજ નગરપાલિકા સ્થિત રેકર્ડ સાથે છેડછાડ મુદ્દે કોર્ટ મેટર બની હતી. જેમાં પોલીસ તંત્રે તપાસ દરમિયાન રેકર્ડ રૂમને સીલ કરવા કલેક્ટર પાસે માંગણી કરી હતી. બીજી તરફ ભૂકંપમાં જર્જરીત ભુજ નગરપાલિકાની ઇમારતના પુનઃ નિર્માણમાં સીલ કરાયેલા રેકર્ડ રૂમને ખોલીને તેમાંથી તમામ દસ્તાવેજો અન્યત્ર ખસેડવા કલેક્ટર પાસે માંગણી કરાઈ હતી.

બે દાયકા ઉપરાંત રૂમ બંધ હાલતમાં હતો એટલે રેકર્ડ નાશ પામ્યું હશે એવું મનાતું હતું. જોકે શરૂઆતના વર્ષો દરમિયાન કોર્ટના આદેશથી બે ત્રણ વખત ખૂલ્યું હતું. જે બાદ સદંતર બંધ હાલતમાં હતું. પરંતુ આશ્ચર્યજનક રીતે રૂમમાં કોઈ દુર્ગંધ નહોતી આવતી. મોટાભાગનું રેકર્ડ સલામત હતું. અપવાદરૂપ કેટલાક રેકર્ડને ઊધઈ ખાઈ ગઈ હોય એવું જણાતું હતું.

*(તા. ૨૩-૦૧-૨૦૨૩)*

*જે કદી પણ ક્રોધ કરતો જ નથી, તે પુરુષ યોગી છે.*

## કચ્છ બોર્ડર વિંગના ૫ કર્મીઓની મુખ્યમંત્રી પ્રજાસત્તાક દિન ૨૦૨૩ના ચંદ્ર માટે પસંદગી

પ્રજાસત્તાક પર્વ નિમિત્તે ભુજ ખાતે બટાલિયન બોર્ડરવિંગ હોમગાર્ડઝ કચેરી ખાતે ફરજ બજાવતા પાંચ કર્મચારીઓની લાંબી પ્રશંસનીય કામગીરી બદલ તેમની સેવાની કદરરૂપે મુખ્યમંત્રીના પ્રજાસત્તાક દિન ૨૦૨૩ના ચંદ્રક માટે પસંદગી કરાઈ છે.

ભુજ ખાતે બટાલિયન બોર્ડરવિંગ હોમગાર્ડઝ કચેરી ખાતે ફરજ બજાવતા સુરતસિંહજી વાઘજી સોઢા ભુજ ખાતે હવાલદારની જગ્યાએ તા. ૩૦-૦૭-૨૦૦૩ના નિમણુંક મેળવેલ છે. તેઓએ બટાલિયન ખાતેથી આયોજિત કરવામાં આવેલી તાલીમો સફળતાપૂર્વક મેળવેલી છે. હાલમાં તેઓ ‘સી’ કંપની ખાતે હવાલદારની ફરજ ઉપરાંત રૂદ્રમાતા તાલીમ સેન્ટરની ફરજો બજાવી રહ્યા છે.

વેલુભા મેરામણજી જાડેજા ભુજ ખાતે નાયકની જગ્યાએ તા. ૩૦-૦૭-૨૦૦૩ના નિમણુંક મેળવી. તેઓએ બટાલિયન ખાતેથી આયોજિત કરવામાં આવેલી તાલીમો સફળતાપૂર્વક મેળવેલી છે. તેઓએ બોર્ડર ડ્યુટી, કાયદો વ્યવસ્થા, જેલ સુરક્ષા તેમજ રાજ્ય અને રાજ્ય બહાર ચૂંટણી ફરજો બજાવેલ છે. હાલમાં તેઓ ‘એ’ કંપની ખાતે નાયકની ફરજ બજાવી રહેલ છે.

સવાઈસિંહ ભુરજી સોઢા ભુજ ખાતે નાયકની જગ્યાએ તા. ૩૦-૦૭-૨૦૦૩ના નિમણુંક મેળવી. તેઓએ બટાલિયન ખાતેથી આયોજિત કરવામાં આવેલ તાલીમો સફળતાપૂર્વક મેળવેલી છે. તેઓએ બોર્ડર ડ્યુટી, કાયદો વ્યવસ્થા, જેલ સુરક્ષા તેમજ રાજ્ય અને રાજ્ય બહાર ચૂંટણી ફરજો બજાવેલી છે. હાલમાં તેઓ ‘સી’ કંપની ખાતે નાયકની ફરજ બજાવી રહેલ છે.

માવજી હીરા પરમાર ભુજ ખાતે લાન્સ નાયકની જગ્યાએ તા. ૩૦-૭-૨૦૦૩ના નિમણૂંક મેળવેલી. તેઓએ બટાલીયન ખાતેથી આયોજિત કરવામાં આવેલ તાલીમો સફળતાપૂર્વક મેળવેલી છે. તેઓએ બોર્ડર ડ્યુટી, કાયદો વ્યવસ્થા, જેલ સુરક્ષા તેમજ રાજ્ય અને રાજ્ય બહાર ચૂંટણી ફરજો બજાવેલી છે. હાલમાં તેઓ ‘એ’ કંપની ખાતે લાન્સ નાયકની ફરજ બજાવે છે.

પોપટભાઈ વિશ્રામભાઈ દેવ ભુજ ખાતે ગાર્ડઝમેનની જગ્યાએ તા. ૩૦-૦૭-૨૦૦૩ના નિમણુંક મેળવી. તેઓએ બટાલિયન ખાતેથી આયોજિત કરવામાં આવેલી તાલીમો સફળતાપૂર્વક મેળવી છે. તેઓએ બોર્ડર ડ્યુટી, કાયદો વ્યવસ્થા, જેલ સુરક્ષા તેમજ રાજ્ય અને રાજ્ય બહાર ચૂંટણી ફરજો બજાવેલી છે. હાલમાં તેઓ બટાલિયન કચેરી ખાતે ડ્રાઈવર તરીકેની ફરજ બજાવી રહ્યા છે.

આ એવોર્ડ મળવા બદલ આ પાંચેય કર્મચારીઓને પશ્ચિમ કચ્છ એસ.પી. તથા બટાલિયન કમાન્ડન્ટ સૌરભસિંઘે અભિનંદન પાઠવ્યા હતા. *(તા. ૦૩-૦૧-૨૦૨૩)*

## કંડલા પોર્ટ હવે મેગા પોર્ટ બનવા તરફ જઈ રહ્યું છે

**દિનદયાળ પોર્ટ, કંડલામાં શિપીંગ મંત્રીએ વર્ચ્યુઅલી ૨૮૦ કરોડના પ્રોજેક્ટના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું. ૭૪ કરોડના ખર્ચે નવનિર્મિત જેટી નંબર ૭નું લોકાર્પણ, અન્ય ત્રણ વિકાસ પ્રોજેક્ટને પણ શરૂ કરાયા**

કેન્દ્રીય શિપિંગ મંત્રી સર્બાનંદ સોનોવાલે ભારતના મુખ્ય બંદરોમાંથી એક દિનદયાળ પોર્ટ ઓથોરીટી, કંડલા બંદર પર ક્ષમતા વધારવા માટે વિવિધ યોજનાઓનું અનાવરણ કર્યું હતું. આ ૨૮૦ કરોડના અંદાજિત રોકાણ સાથે દિનદયાળ પોર્ટ ઓથોરીટીના કંડલા પોર્ટની ક્ષમતામાં વધારો થશે.

## ભચાઉમાં સ્મૃતિવનનું નિર્માણ અંતિમ તબક્કામાં

વર્ષ ૨૦૦૧ના આવેલા ભયાવહ ભૂકંપમાં ભચાઉમાં ૧૯૦૦ જેટલા લોકો મોતને ભેટ્યા હતા. ગોઝારા ધરતીકંપની ૨૨મી વરસી આવી રહી છે ત્યારે દિવંગતોની કાયમી યાદ રહે તે હેતુથી ભચાઉમાં પાલિકા દ્વારા એક કરોડના ખર્ચે સ્મૃતિવનનું નિર્માણ કરાયું છે. જેને આગામી ટૂંક સમયમાં ખૂલ્લું મૂકવામાં આવશે.

કચ્છના ગોઝારા ભૂકંપમાં જ્યાં સૌથી વધારે લોકો અસરગ્રસ્ત થયા તેવા ભચાઉમાં ધરતીકંપના ૨૨ વર્ષ બાદ અવસાન પામેલા સ્વજનોની યાદમાં સ્મૃતિવન બનાવવામાં આવ્યું છે.

નોંધનીય છે કે ભુજમાં વિશ્વકક્ષાનું ભૂકંપ સ્મારક સ્મૃતિવન આવેલું છે, તો અંજારમાં પણ વીર બાળ સ્મારક ભૂકંપ વખતે શહીદ થયેલા બાળકોની યાદ અપાવે છે. આ બંને સ્મારકોની મોટી સંખ્યામાં લોકો મુલાકાત લઈ ભૂકંપમાં દિવંગત થયેલા સ્વજનોને યાદ કરે છે.

ઐતિહાસિક કરગરીયા તળાવ નજીક બનેલા સ્મૃતિવનમાં રાજસ્થાની પથ્થરો પર ૧૯૦૦ જેટલા સ્વજનોના નામ કંડારવામાં આવ્યા છે. બગીચો, લાઈટીંગ માટે બે હાઈ માસ્ટ અને કમ્પાઉન્ડ વોલ સાથે બનાવાયેલું આ સ્થળ ભૂકંપમાં અવસાન પામેલા દિવંગતોની કાયમી યાદ બની રહેશે.

## સન્માન કરવામાં આવ્યું

નખત્રાણાના યુવાને ભારતના ટોપટેન વાઈલ્ડ લાઈફ એન્ડ નેચરમાં ચોથું સ્થાન મેળવતાં અમદાવાદ ખાતે ટ્રોફી, પ્રમાણપત્ર આપી સન્માન કરાયું હતું.

*જે ધનવાન છે પણ ગુણવાન નથી, તેની સોબત કદી ન કરવી.*

પાર્થ પ્રફુલ્લભાઈ કંસારાએ ભારતના ટોપ ૧૦ વાઈલ્ડ લાઈફ એન્ડ નેચર ફોટોગ્રાફરોમાં ચોથું સ્થાન પ્રાપ્ત કર્યું છે. જે બદલ આઈ.એન.ડબલ્યુ. એવોર્ડ દ્વારા ૨૦૨૨નો એવોર્ડ અપાયો હતો.

મારૂ કંસારા સોની સમાજના યુવાનને અમદાવાદ ખાતે ટ્રોફી તેમજ પ્રમાણપત્ર આપી સન્માન કરાયું હતું.

## ૫ હજાર વર્ષ પહેલાના ધોળાવીરાની ભવ્યતા અનુભવી શકાશે

કેન્દ્રના સંસ્કૃતિ મંત્રાલયે દેશમાં પ્રથમ ત્રણ સ્થળો નાલંદા, ધોળાવીરા અને રાખીગઢી પર કામ કરવાની રૂપરેખા બનાવી. ધોળાવીરા યુનેસ્કોની વિશ્વ વિરાસત સ્થળની યાદીમાં આવ્યા બાદ હાલ અહીં પ્રવાસીઓની સુવિધા વધારવા પર ભાર મૂકાઈ રહ્યો છે. ભારત સરકારે તાજેતરમાં ધોળાવીરાને સ્વદેશ દર્શન ૨.૦ સ્કીમમાં સામેલ કર્યું છે. તેવામાં હવે કેન્દ્રના વધુ એક મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટમાં ધોળાવીરાની પસંદગી થઈ છે. જાપાનની થીમ પર ભારત સરકાર દેશના વિવિધ પ્રાચીન સ્તળ ખરેખર કેવા હતા તે બતાવવા એક વર્ચ્યુઅલ રીયાલિટી પ્રોજેક્ટ પર કામ કરી રહી છે.

તેમાં પ્રથમ તબક્કામાં નાલંદા, ધોળાવીરા અને રાખીગઢીની પસંદગી કરવામાં આવી છે. એનો મતલબ એમ કે આ પ્રોજેક્ટ અમલમાં આવ્યા બાદ પ્રવાસીઓ વર્ચ્યુઅલ રીયાલીટીની મદદથી ધોળાવીરામાં જ્યાં માનવ સભ્યતા જીવંત હતી ત્યારે આ શહેર, તેની ગલીઓ, મકાનો, શિલ્પ-સ્થાપત્ય કેવા હતા તેને ડિજિટલ અનુભવ કરી શકાશે. એક રીતે પ્રવાસીઓ પાંચ હજાર વર્ષ જૂની સિંધુ-સરસ્વતી સભ્યતાનો અનુભવ કરી શકશે.

આ ત્રણ સ્થળો પર મુલાકાતીઓ ઐતિહાસિક સ્થાપત્યોની ભવ્યતાનો અનુભવ મેળવી શકશે. સંસ્કૃતિ મંત્રાલય આ સ્થળોને ડિજિટલ રીતે પુનઃનિર્માણ કરવા માટે એક વર્ચ્યુઅલ રીયાલીટી પ્રોજેક્ટ પર કામ કરી રહ્યું છે. તાજેતરમાં પત્રકારો સાથે વાતચીત કરતા કેન્દ્રીય સંસ્કૃતિ સચિવ ગોવિંદ મોહને કહ્યું કે એપ્રિલ સુધીમાં પાઈલોટ પ્રોજેક્ટ શરૂ કરવાની યોજના છે. "અમે મુલાકાતીઓને ડિજિટલ ટેકનોલોજીના ઉપયોગ દ્વારા ઉન્નત અનુભવ આપવા ઈચ્છીએ છીએ."

"આજે, મુલાકાતીઓ ફક્ત નાલંદા યુનિવર્સિટીના ખંડેર જ જોઈ શકે છે. પરંતુ ભૂતકાળમાં તેનો અપાર મહિમા હતો અને અન્ય લોકોની સાથે વિદેશી યાત્રીઓએ પણ નાલંદાની નોંધ લીધી છે. અમે ઈચ્છીએ છીએ કે લોકો આ વર્ચ્યુઅલ રીયાલીટી પ્રોજેક્ટ દ્વારા ઐતિહાસિક નાલંદાની ભવ્યતા અનુભવે." મોહને સાથે ઉમેર્યું હતું કે, હરિયાણામાં રાખીગઢી અને ગુજરાતમાં ધોળાવીરા જેવી સાઈટ્સ માટે પણ આ પ્રોજેક્ટ્સનું આયોજન કરવામાં આવ્યું છે. જો કે પ્રથમ નાલંદાથી આ પ્રોજેક્ટ શરૂ કરાશે.

નોંધનીય છે કે કેન્દ્ર સરકારે દેશભરના પસંદ કરાયેલા મહત્ત્વપૂર્ણ સ્થળો પર મોબાઈલથી ગાઈડની સુવિધા શરૂ કરી છે. જેમાં પણ ધોળાવીરાનો સમાવેશ કરાયો છે. હાલ ઓડિયો ઓડિગોસ નામની એપ્લિકેશનની મદદથી પ્રવાસીઓ ધોળાવીરા જઈને એક એક સ્થળ વિશે માહિતી મેળવી શકે છે. ભારત સરકારના પુરાતત્ત્વ વિભાગ દ્વારા જ પીપીપી ના માધ્યમથી આ સેવા શરૂ કરી છે. જો કે તેનો પ્રચાર-પ્રસાર થયો ન હોવાથી મોટાભાગના લોકો અજાણ છે.

જાપાનના હિરોશિમામાં જેવી રીતે શહેરનું ડિજિટલી પુનઃનિર્માણ કરાયું તેવી રીતે ભારતના પ્રાચીન સ્થળો પ્રવાસીઓ જોઈ શકશે. મંત્રાલયે મુલાકાતીઓ માટે જાપાનના હિરોશિમા જેવો જ એક પ્રોજેક્ટ અનુભવની કલ્પના કરી છે. જેણે બોમ્બ ધડાકા પહેલા શહેરનું ડિજિટલી પુનઃ નિર્માણ કર્યું હતું. ■

## શોર્ટ સ્ટોરી : અછૂત

પિતાની ચિઠ્ઠી મળતાં જ રામનાથના બંને દીકરા ગામડે તેને મળવા દોડી આવ્યા. રામનાથે બંને દીકરાઓને કહ્યું, 'બેટા, ડૉક્ટર સાહેબે કહ્યું છે કે હવે હું શહેરની મોટી હોસ્પિટલમાં ઈલાજ કરાવું એટલે મેં તમને બોલાવ્યા.'

બંને દીકરાઓએ પિતાના ઈલાજની મૂક સ્વીકૃતિ આપી દીધી.

રાત્રે પાર્થે સિદ્ધાર્થને કહ્યું, 'ભાઈ, તું બાપુ સાથે રહેજે, મારે તો ઘર પણ નાનું છે!'

આ સાંભળતા જ સિદ્ધાર્થ બોલ્યો, 'અરે ના ના, બાપુને તો હોસ્પિટલમાં ભરતી કરાવી દઈશું. ઘરમાં રાખવાની શું જરૂર છે?'

પોતાના જીગરના ટુકડાની વાત સાંભળીને રામનાથને જાણે લકવો મારી ગયો. તે ખાટલામાં પડ્યો પડ્યો વિચારવા લાગ્યો કે, 'શું આ એ જ દીકરા છે જે બાળપણમાં મારા ખોળામાં બેસવા માટે લડતા-ઝઘડતા હતા. મેં તો તેમને એક મા બનીને ઉછેર્યા હતા. તો પછી મારા ઉછેરમાં શું કમી રહી ગઈ કે આજે હું તેમના માટે અછૂત બની ગયો!' અને રામનાથે શહેર ન જવાનો નિર્ણય કરી લીધો હતો.

*– નજમા ગોલીબાર*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## શ્રી કચ્છી મિત્ર મંડળ - હૈદ્રાબાદ

*(નોંધ : હૈદ્રાબાદથી ડાયરેક્ટ ભુજ - કચ્છની ટ્રેન શરૂ કરવા હૈદ્રાબાદ સ્થિત (૧) પ્રાણી મિત્ર રમેશ જાગીરદાર મેમોરીયલ ફાઉન્ડેશન, (૨) શ્રી કચ્છી મિત્ર મંડળ - હૈદ્રાબાદ, (૩) શ્રી તેલંગાણા આંધ્ર કચ્છ કડવા પાટીદાર સમાદ - સિકંદ્રાબાદ, (૪) શ્રી હૈદ્રાબાદ કચ્છ કડવા પાટીદાર સમાજ - હૈદ્રાબાદ અને (૫) શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ (હૈદ્રાબાદ - સિકંદ્રાબાદ) દ્વારા કેન્દ્રિય રેલ મંત્રીને તા. ૧૩-૧-૨૦૨૩ના રોજ અલગ અલગ પત્રો લખવામાં આવેલ છે. આ પત્રોમાંથી શ્રી કચ્છી મિત્ર મંડળ - હૈદ્રાબાદનો પત્ર અત્રે અક્ષરસહ પ્રસારિત કરવામાં આવેલ છે કે જેથી ભારતભરમાં અન્ય સ્થળોએ રહેતા કચ્છીઓને તેની વિગતો પ્રાપ્ત થઈ શકે અને પોતાની રીતે શક્ય પ્રયાસો કરી શકે.*

*– તંત્રી મંડળ)*

***Date : 13-1-2023***

**SRI ASHWINI VAISHNAW**
**Minister of Railways, Communications and Electronics & Information Technology in Government of India**
**New Delhi**

***Sub : Request for train from Hyderabad to Gandhidham or Bhuj (Kutch-Gujarat) for Special Circumstance-Reg.***

***Respected Sir,***

We the people of Kutchi Gujrati community who are more than a lakh in number, mainly belonging to business community have migrated since more than 100 years from kutch (Gujrat) to Hyderabad and other places of Andhra Pradesh and keep traveling to and Kutch more than often. We strongly feel the need for a direct train from Hyderabad or Secunderabad to Gandhidham/Bhuj (Kutch Region), it will be a boon to the senior citizen also, who cannot travel to Kutch due to changing of trains and hardships of transit halts at various stations.

We would like to present this representation, mainly on behalf of several thousands of people who are the silent sufferers for even basic conveyance to Gandhidham/Bhuj from Hyderabad (Telangana) from where they needs to travel for their read earning.

1. It is rather very unfortunate that the basic idea with which the Railway was constituted, mainly to provide effective conveyance for middle class and lower middle class people, who could not bear the luxury traveling, failed to take into account the large extent of persons who are traveling from Hyderabad and other parts of Telangana to Gandhidham/Bhuj in Kutch District (Gujarat) for their employment and effect of it is that they had to face serious hardships and difficulties since they are being deprived of any direct trains from Hyderabad.
2. It is pertinent to submit that on the Indian map Gandhidham/Bhuj had became very significant place especially in view of the presence of Sanghi Cement Ltd., Adani Port, Kandla Port, Nalia Air Base, etc., which had opened a great employment avenue especially to the labour community of Telangana & Andhra Pradesh. On the survey conducted by the undersigned societies, it was noticed that more

than a lakh of persons from Karimnagar, Nizambad, Hyderabad and Ranga Reddy Districts and from other parts of Telangana Andhra area secures effective employment in the aforesaid places and consequently there are almost more than 10,000 persons who under take travel to Gandhidham/Bhuj every week.

3. Lots of our muslim brothers travel to Kutch to pray at World famous Haji Pir Dargah to offer prayers. Hajipir Dargah is located in Kutch, Gujarat, India. The Dargah is dedicated to a Muslim saint Hajipir. It is believed that he came to the place as a soldier in the army of Shahabuddin Muhammad Ghauri. He settled at Nara after he left the service. He died while saving cows from decoits. He had performed the Hajj so he was known as Haji Pir. He is also known as Zinda Pir or Vali Pir.The annual fair is organized on the first Monday of Chaitra month (April). People from Gujarat & all over the country visit the shrine and also visit Karol Pir Dargah nearby. So it will also be convenient for minority community brothers to go to Kutch and offer prayers.

But unfortunately, the huge mob had to suffer in silence for having failed to attract the attention of Railway authorities in this regard, The Hyderabad city which had recently achived a greatest attraction from not only at the national level but even at international level and being one of the competitors for claiming its status as a 5th Metropolitan City atleast for once, failed to provide effective conveyance to this place in comparison to the other major cities of the South. It is pertinent to mention that from South there is a direct train from Trivendrum, Vishakapatnam, Chennai and Bangalore to Gandhdham/ Bhuj. Similarly from Kolkata there is direct train to Gandhidham/Bhuj which virtually covers the maximum area but still keeping the significance of the place, the West Bengal Government had provided a train to Gandhidham/Bhuj.

There are also direct trains from various other important cities Like Chennai, Bangaluru, Vishakhapatnam and other southern states to Gandhdahm/Bhuj but unfortunately we (telangana people) are at the backseat in the said facility inspite of the fact that the people of Andhra Pradesh are in majority, so far as the employment at Gandhidham/Bhuj is concerned.

4. We further submit that the most significant fact which we wish to bring to your kind attention is that there are more than 3 trains from Mumbai to Gandhidham/Bhuj, and the people from Telangana & Andhrapradesh has to invariably travel from this train to visit Gandhdham/Bhuj. It is also a matter of record that inspite of having many trains all the trains always has got 60 days booking which is the maximum statutory period for reservation and consequently there is hardly any possibility for the people of Andhra Pradesh to get the tickets reserved in advance. We also understand that the pressure of reservation at Mumbai is so high that hardly in 15 minutes time the reservation for Gandhidham/ Bhuj would be closed for over 60 days.

Apart from that the train from Mumbai towards Gandhidham / Bhuj starts only in the evening and whereas the persons traveling from Hyderabad would reach Mumbai quite early in the morning, invariably they had to necessarily either wait on the railway station for 6 to 8 hours or incur an additional expenditure of lodging every time, which is not only uneconomical but also cause the gretest financial agony to the lower class and lower middle class people. In fact if the statistics has to be closely scrutinized then I am sure it will be an extraordinary profitable venture so far as the Railways are concerned by providing a direct train from Hyderabad to Gandhidham/Bhuj.

In the alternate there are three trains which goes to Rajkot from Hyderabad/Secunderabad. Rajkot is some 400 K.M.s. from Ahmedabad and we understand that from Ahmedabad to Rajkot there is hardly any pressure, hence if railway authorities would work out two or three trains from out of these three trains, taking divertion from Ahmedabad to Gandhidham/Bhuj instead of taking all these three trains to running

to Rajkot, this would faciliate in two aspects, firstly every one hour there is a train from Ahmedabad to Rajkot. Hence there will not be any conveyance problem.

Apart from that since there are only two trains from Ahmedabad to Gandhidham/Bhuj by providing the diversion, as mentioned in subpara, this would not only faciliate the people of Telangana & Andhra Pradesh in having a direct train to Gandhidham/Bhuj, but it would also help in improving economical back-drops which is being caused to these three trains for traveling from Hyderabad to Rajkot which is virtually empty from Ahmedabad to Rajkot.

The other alternate which could be suggested by the undersigned is that there are two trains bi-weekly from pune to Gandhdham and if the train which goes to pune could be extended its destination to Hyderabad or Secunderabad then the additional advantage would be that the people of Telangana & Andhra Pradesh to have an additional train from Mumbai/Pune and hardship which is being caused for not having direct train to Gandhidham/Bhuj can also be solved. Hence these two alternates could also be worked out by the authorities to provide additional train not only in the interest of the State or to avoid hardship but also on humanitarian grounds mainly because the majority of travelers from Hence,

We have also requested former railway minister Sri Piyush Goyalji, Sri Suresh Prabhuji, Smt. Mamata Banerji, Sri Dinesh Trivedi, K.H. Muniyappa, Sri Suryaprakash Reddy Garu, Sri Jaffer Sharif, Sri Bandaru dattareyaji, (Former Hon. Union Minister of State for Railways and our secunderabad parliamentarian), Hon. Union Minister of State for Home Affairs and our secunderabad parliamentarian) now Union Tourism Minister Sri G. Kishen Reddyji, Union minister for Animal Husbandry, Dairy Development Sri Parshottam Rupalaji, Union minister of Law and Justice Sri P.P. Chowdharyji for follow-up) and many other railway officials also previously but nothing has been done so far. Hon. Member of Parliament from Kutch Sri Vinod Chawdaji, Hon. Member of Parliament from Sabarkantha Sri Deep Singh Rathod has also written letter to the railway minister but in vain.

We most humbly submit your goodself to help us in getting a direct train from Hyderabad or Secunderabad to Gandhidham/Bhuj, Gujarat which would be definitely on the grounds of humanity apart from comfort and convenience.

We request you to kinldy place this matter of immediate concern on your priority list and take this as a humble word from all hyderabadis.

***With regards....***

***Yours sincerely,***
***Ridesh Ramesh Jagirdar – Hon. Secretary***

---

## બ્રિટનની પાર્લામેન્ટમાં અહિંસા એવોર્ડ મેળવનાર કુમારપાળ દેસાઈનું અભિવાદન

ગુજરાતની અગ્રણી સાહિત્યિક, સામાજિક અને સાંસ્કૃતિક સંસ્થાઓ દ્વારા બ્રિટનની પાર્લામેન્ટમાં ડૉ. કુમારપાળ દેસાઈને અપાયેલા પ્રતિષ્ઠિત અહિંસા એવોર્ડ માટે અમદાવાદ મેડિકલ હોલમાં અભિવાદન કરવામાં આવ્યું. ધર્મ જાગૃતિ કેન્દ્રના પ્રમુખ શ્રી પ્રમોદ શાહે કહ્યું કે છેક ૧૯૭૫થી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં અમને કુમારપાળ દેસાઈનાં પ્રવચનોનો લાભ મળે છે તેમજ અન્ય પ્રસંગોએ પણ એમની પાસેથી સતત પ્રેરણા મળતી રહે છે. નેલ્સન મંડેલા, દલાઈ લામા અને આચાર્ય મહાપ્રજ્ઞજીને જે સન્માન પ્રાપ્ત થયું, તે આપણા સ્વજન કુમારપાળ દેસાઈને પ્રાપ્ત થયું છે, તેનો સહુને અપાર હર્ષ છે. જ્યારે પોઝીટીવ મીડિયાના સ્થાપક રમેશ તન્નાએ કહ્યું કે ગુજરાતની સંસ્કારપ્રિયતાનો છેલ્લા ૬૭ વર્ષથી ચાલતી 'ઈંટ અને ઈમારત' કોલમમાં પડઘો પડતો રહ્યો

---

*રાજા, વિધવા, સૈનિક, લોભી, અતિ દયાળુ, અતિ ઉડાઉ અને અંગત મિત્ર – આ સાત સાથે નાણાંની લેવડદેવડ કરવી નહીં.*

છે અને આજે એ કોલમ સમગ્ર ભારતભરમાં વિક્રમ ધરાવે છે. તો શ્રીમતી ભારતીબેન મહેતાએ એમના જૈન દર્શનના ક્ષેત્રના કાર્યની વાત કરતા કહ્યું કે વિશ્વની પરિષદોમાં એમના વિચારો સાંભળવા માટે સહુ કોઈ આતુર હોય છે. જૈન ધર્મ વિશે એંસીથી વધુ ગ્રંથો અને હજારોની સંખ્યામાં સામયિકો અને અખબારોમાં લેખ લખીને એમણે જૈન દર્શનને સાચા પરિપ્રેક્ષ્યમાં જગત સમક્ષ મૂક્યું છે. ડૉ. સુધીર શાહે કહ્યું કે જેમ સૂર્યના સ્થાને સાત અશ્વ છે, એ જ રીતે કુમારપાળભાઈ એક સાથે સાત પ્રવૃત્તિઓ કરે છે અને એ સાતેયમાં ઉત્કૃષ્ટ સિદ્ધિ હાંસલ કરે છે. ગૌરવભાઈ શેઠે એમની વિશ્વકોશની વૈશ્વિક કામગીરીને બિરદાવી, ત્યારે શ્રી બળવંત જાનીએ એમણે કરેલા મધ્યકાલીન સાહિત્યના યોગદાનની વાત કરી. સમારંભના પ્રમુખ શ્રી પી.કે. લહેરીએ કુમારપાળ દેસાઇના વ્યક્તિત્વનાં કેટલાક વિલક્ષણ પાસાઓ ઉજાગર કરી આપ્યા. એમની કાર્યનિષ્ઠા, સમતા, પરગજુપણું, નમ્રતા અને મેનેજમેન્ટના કેટલાક ઉદાહરણો રજૂ કર્યા. પોતાના પ્રતિભાવમાં કુમારપાળ દેસાઈએ જણાવ્યું કે પ્રત્યેક ઍવોર્ડ નવી જવાબદારી લઈને આવે છે. ઍવોર્ડને હું માન-સન્માન નહીં, પણ નવી પ્રેરણા અને પડકાર માનું છું. અંતે શ્રી અજયભાઈ દોશીએ આભારવિધિ કરી હતી અને મોટી સંખ્યામાં શહેરના અગ્રણી નાગરિકો આ પ્રસંગમાં ઉપસ્થિત રહ્યા હતા.

---

## કચ્છ બેન્ટોનાઇટ વેલફેર એસોસિએશન - ભુજ (કચ્છ)

### મુખ્યમંત્રીશ્રીને ખુલ્લો પત્ર

*તારીખ : ૧૩-૦૧-૨૦૨૩*

*પ્રતિશ્રી*

*મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબ*

*વિષય : ખનિજ રોયલ્ટી પાસને પેપરલેસ કરવા રજૂઆત*

*સાહેબશ્રી,*

સવિનયપૂર્વક જણાવવાનું કે હાલે ગુજરાત રાજ્યમાં નવરચિત આપની સરકાર દ્વારા દરેક સરકારી એપ્લિકેશન પેપર લેસ એટલે કે ઓનલાઈન કરવાનો નિર્ણય ખૂબ જ આવકારદાયક પગલું ગણી શકાય. જેને અમે સૌ લીઝ ધારકો આવકારીએ છીએ.

હાલે ગુજરાત રાજ્યમાં ખાણ ખનીજ વિભાગ દ્વારા ઓનલાઇન રોયલ્ટી કાઢવા માટે રોયલ્ટી પેપરને ખાસ ખનીજ વિભાગમાંથી મેળવવાનું રહે છે. જેનો આશરે ખર્ચ એક પેપર દીઠ પાંચ રૂપિયા જેવો થાય છે. તેમજ તેની રોયલ્ટી કાઢવા માટે ઇન્ટરનેટની ફરજિયાત જરૂરિયાત રહે છે અને તેના લીધે ઘણી વખત લીઝ એરિયાની આજુબાજુ વીજ કનેક્શનના અભાવે તેમજ નેટવર્ક ઇસ્યુના લીધે ખૂબ જ મુશ્કેલી ખાણ માલીકો ભોગવી રહ્યા છે. જેથી આ સમસ્યાના સમાધાનરૂપે ખાણ ખનીજ વિભાગને સાદા એસ.એમ.એસ. (SMM)થી ઓનલાઇન રોયલ્ટી ઉપલબ્ધ થાય તેવી સિસ્ટમ ગોઠવવા આપ સાહેબને સમગ્ર લીઝ ધારકો વતી માનસહ અરજ છે.

આવી પેપર લેસ રોયલ્ટી થાય તો પેપરની બચત થવાથી તો પર્યાવરણને બચાવી શકાય તેમજ દર રોયલ્ટી પેપરે થતા ખર્ચ બચી જાય તેમજ ઘણી વખત વીજ કનેક્શન કે ઇન્ટરનેટના અભાવે કલાકો સુધી રોયલ્ટી માટે ગાડી માલીકોનો જે સમય વેડફાય છે તે બચી જાય તેમ છે. માટે આપ સાહેબને ફરી ફરીને ઉપરોક્ત વિષયે સકારાત્મક અભિગમ રાખી યોગ્ય કરવા વિનંતી છે.

**લી. પ્રમુખશ્રી**
**લક્ષ્મીકાંત પી. કારાણી**
**કચ્છ બેન્ટોનાઇટ વેલફેર એસોસિએશન**

---

*જિંદગી પરિવર્તનથી જ બનેલી છે; કોઈ પણ પરિવર્તનથી ગભરાવું નહીં પરંતુ તેનો સ્વીકાર કરી લેવો.*
*કોઈ પરિવર્તન આપને સફળતા અપાવશે તો કોઈ પરિવર્તન આપને સફળ થવાના ગુણ શીખવાડશે.*

---

*અગ્નિ, સ્ત્રી, દેવી, દેવતા, ગુરુ અને મા-બાપનું કદી અપમાન કરશો નહીં.*

## કવિ મંચ દ્વારા દેશભક્તિ મુશાયરો યોજાયો

તા. ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૩ ગણતંત્ર દિવસ નિમિત્તે ગાંધીધામની કવિમંચ સાહિત્ય પરિવાર સંસ્થાના પ્રમુખશ્રી દીપક પુરી 'દર્દે દિલ'ના અધ્યક્ષ સ્થાને ફોન ઈન મુશાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતભરના કવિ મિત્રો જોડાયા હતા. કાર્યક્રમની શરૂઆત સરસ્વતી વંદનાથી કરવામાં આવી. ત્યારબાદ મુશાયરાનો દોર શરૂ કરવામાં આવ્યો હતો. જેમાં શૈલેષભાઈ પંડ્યા 'નિશેષ' (જામનગર), ડૉ. પુષ્પક ગોસ્વામી 'નિષ્પક્ષ' (વડનગર), કિશોરભાઈ સોની 'અલબત્ત' (ભુજ), સોનલબેન જેઠવા 'સોનુ' (ગીર સોમનાથ), પૂજા ગઢવી 'મંથના' (અંજાર), દીપક પુરી 'દર્દે દિલ' વગેરે કવિ મિત્રો દ્વારા દેશ ભક્તિ રચનાઓ રજૂ કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ સંસ્થાના સહ આયોજક પૂજા ગઢવી 'મંથના' દ્વારા કરવામાં આવી હતી.

## ગુજરાતી સાહિત્ય પરિવાર અને કવિ મંચ સાહિત્ય પરિવાર

### સૌરાષ્ટ્ર - કચ્છ લિટરેચર ફેસ્ટીવલનું પરિણામ જાહેર

રાબતા ગુજરાતી સાહિત્ય પરિવાર અને કવિ મંચ સાહિત્ય પરિવારના સંયુક્ત ઉપક્રમે મેગા ગુજરાતી કાવ્ય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં છંદ અને અછાંદસ એમ બંને વિભાગમાં સુંદર રચનાઓ પ્રાપ્ત થઈ હતી અને કચ્છ સૌરાષ્ટ્રના સો થી વધુ કવિ મિત્રોએ ભાગ લીધો હતો.

જેમાં છંદ વિભાગમાં પ્રથમ ક્રમાંકે બે નામ ઘોષિત થયા હતા : કોકિલાબેન રાજગોર (થાણા, ભીવંડી) અને પારૂલબેન ત્રિવેદી (હિંમતનગર). દ્વિતીય ક્રમે બે નામ ઘોષિત કરવામાં આવ્યા હતા : પ્રભુલાલ સિધ્ધપુરા 'પ્રભુ' (ગાંધીધામ) અને સુનિતાબેન મહાજન (અકોલા). તૃતીય ક્રમે ગીતાબેન ઠક્કર 'ગીત' રહ્યા હતા.

અછાંદસ કાવ્ય વિભાગના વિજેતાઓમાં પણ બે નામ જાહેર થયા હતા. જેમાં પ્રથમ ક્રમાંક પાલજીભાઈ રાઠોડ (સુરેન્દ્રનગર), સોનલબેન જેઠવા 'સોનુ' (ગીર સોમનાથ) અને દ્વિતીય ક્રમાંકે વર્ષાબેન ભટ્ટ 'વૃંદા' (અંજાર), દેવજીભાઈ રોહિત દીપ (કઠવાલ) અને તૃતીય ક્રમાંકે જાગૃતિબેન ત્રિવેદી (મુંબઈ) રહ્યા હતા.

સંપૂર્ણ કાર્યક્રમનું ઝુમ એપ દ્વારા જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું.

કાવ્ય સ્પર્ધામાં નિર્ણાયક તરીકે કચ્છના જાણીતા સાહિત્યકાર અને કવિ શ્રી મદનકુમાર અંજારીયા 'ખ્વાબ'એ સેવા આપી હતી. કાર્યક્રમનું સંચાલન રાબતા ગુજરાતી સાહિત્ય પરિવારના અધ્યક્ષ બીજલબેન જગડે કર્યું હતું.

કવિ મંચ સાહિત્ય પરિવારના આયોજકોમાં દીપક પૂરી 'દર્દેદિલ', પૂજાબેન ગઢવી 'મંથના' અને રાબતા ગુજરાતી સાહિત્ય પરિવારના આયોજકમાં બીજલબેન જગડએ સંયુક્ત રીતે સમસ્ત આયોજનને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

## વિજ્ઞાન જગત / માહિતી જગત

(અનુસંધાન : પાના નં. – ૪૯ ઉપરથી ચાલુ)

### માનવ મગજનું અવનવું

- ★ માણસના મગજનું વજન તેના શરીરના વજનના લગભગ બે ટકા જેટલું હોય છે.
- ★ મગજ એ નાનો અવયવ છે છતાં શરીરને મળતા ઓક્સિજનનો સૌથી વધુ ૨૦ ટકા ભાગ મગજ વાપરે છે.
- ★ મગજમાં સંદેશા વ્યવહાર અને વિચારો વિદ્યુત રાસાયણિક પ્રક્રિયાથી થાય છે.
- ★ મગજનો ૪૦ ટકા ભાગ સંદેશા વ્યવહાર અને ૬૦ ટકા ભાગ વિચારવાનું કામ કરે છે.
- ★ જ્યારે જ્યારે નવો અનુભવ કે યાદ સંગ્રહ થાય છે, મગજમાં વિદ્યુત તરંગોના નવા કનેક્શન બને છે.
- ★ જીભ ઉપરાંત પેટ, આંતરડા, પેન્ક્રિયાસ અને ફેફસાંમાં પણ સ્વાદકેન્દ્રો હોય છે.
- ★ મગજનો ૬૦ ટકા ભાગ ચરબીનો બનેલો છે.
- ★ મગજ સ્થિતિસ્થાપકતા અને ક્ષમતા જાળવી રાખવા ઘણી બિનજરૂરી બાબતો ભૂલી જાય છે.
- ★ માણસ કંઈક નવું શીખે ત્યારે મગજની રચનામાં ફેરફાર થાય છે.
- ★ નવજાત શિશુના મગજમાં સૌથી વધુ જ્ઞાનકોષો હોય છે. શિશિનું મગજ ખોરાકના ૫૦ ટકા ભાગ મગજમાં વાપરે છે એટલે જ તેને ઊંઘ વધુ જોઈએ છે.
- ★ આરામના સમયમાં મગજ પાંચમા ભાગની કેલેરી શક્તિ દર મિનિટે વાપરે છે.
- ★ મગજમાં જ્ઞાનકોષો હોવા છતાંય તે ઈજાની પીડા અનુભવતું નથી. ■


sharpex
forest & garden solutions
TURN YOUR
GREEN DREAMS
INTO REALITY FOR YOUR FACTORY,
BUNGALOW & FARMHOUSE
INDIA'S LARGEST SELLING
ZERO MAINTENANCE
ELECTRIC LAWN MOWERS
Pot Trolley
Eco Chair
Flower Pot Stands
Bird Bracket
Deko Chips
info@sharpex.com | www.sharpexindia.com | Toll Free: 1800 313 3303
Follow Sharpex Gardening Community On
Our Online Partners: amazon.in Flipkart


PRECISION
IN BEARING CAGES
PERFECTION
IN AUTOMOTIVE COMPONENTS
HARSHA
ENGINEERS
www.harshaengineers.com
PRODUCTS & PROCESS EXCELLENCE THROUGH TPM
CUSTOMER DELIGHT | EMPLOYEE EMPOWERMENT | INNOVATION
BRASS CAGES
• CYLINDRICAL ROLLER CAGES
• SPHERICAL ROLLER CAGES
• DEEP GROOVE CAGES
• ANGULAR CONTACT CAGES
• THRUST ROLLER CAGES
• TAPER ROLLER CAGES
STEEL CAGES
• DEEP GROOVE CAGES
• TAPER ROLLER CAGES
• SPHERICAL ROLLER CAGES
• CYLINDRICAL ROLLER CAGES
• ANGULAR CONTACT CAGES
• THRUST ROLLER CAGES
POLYAMIDE CAGES
• DEEP GROOVE CAGES
• ANGULAR CONTACT CAGES
• TAPER ROLLER CAGES
• CYLINDRICAL ROLLER CAGES
STAMPED COMPONENTS
• AUTOMOTIVE INDUSTRY
• BEARING & SEALING
• ELECTRICAL & APPLIANCE INDUSTRY
• SPECIAL APPLICATION
BRONZE BUSH & CASTINGS
• PRECISE BRONZE BUSHES
• CENTRIFUGAL AND SAND CASTINGS
INDIA
Harsha Engineers International Ltd.
Sarkhej-Bavla Road, PO Changodar,
Ahmedabad-382213, Gujarat.
Phone. +91 2717 618200
E-mail: marketing@harshaengineers.com
CHINA
Harsha Precision Bearing Components (China) Co., Ltd.
No. 10 Fuhua Road, Bixi District Changshu City,
Jiangsu Province, China.
Phone: +86-(0)512-52265381
E-mail: mktg@harshaengineers.cn.com
ROMANIA
Harsha Engineers SRL
Str. Hermann Oberth nr.23 Hala 4
Ghimbav 507075 Brasov Romnania
Phone: +40372779900
E-mail: romaniamktg@harshaengineers.com

*Shashikant Pindoria*

+91 94276 09013
+91 97141 09013

JAY AMBE HIMGHAR PVT. LTD.
Dehgam-Modasa Road, SAMPA, Ta. Dehgam, Dist. Gandhinagar.

Madhusudan
COOL STORES PVT. LTD.
Nr. Ranasan Char Rasta,
Ramosh, Ta. : Dhasura, Dist. Arvalli.

VINOD
Cool Stores Pvt. Ltd.
Ahmedabad - Himatnagar Highway,
N.H. No.-8, Limbadia, Dist. Gandhinagar.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના
એક સભ્ય એવા
એક શુભેચ્છક તરફથી

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના
ભૂતપૂર્વ હોદ્દેદાર એવા
એક શુભેચ્છક તરફથી



INDOTEX
PAINTS
• DURABLE • DECORATIVE • PROTECTIVE
Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (0) 26853279 • M. : 9909444598 • Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in • Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 • Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajashthan, Maharashtra, Karnatanka, Goa, Andhra Pradesh

શુભેચ્છા સહ....
હસમુખ ખીમજી મહેતા

khadi
VEDA
Essence of Nature
HAIR CARE | MEDICATED | BODY CARE
WELLNESS | BEAUTY & FACE CARE



હસમુખભાઈ એન. પટેલ
મો. ૯૮૭૯૬ ૦૮૦૫૧
કાંતિભાઈ એન. પટેલ
મો. ૯૮૭૯૬ ૦૮૦૫૩
વિનોદભાઈ એન. પટેલ
મો. ૯૮૭૯૬ ૦૮૦૫૪
॥ શાશ્વત બિલ્ડર્સ ॥
૫૦૧, શાશ્વત આર્કેડ, ભુલાભાઈ પાર્ક ચાર રસ્તા, અમદાવાદ.

खट्टी भी, ज्युसी भी और मिल्की भी
सब मस्त है!



MICHI'S
Candies & Toffees
Manufacturer & Marketer of Confectionery Products
JRJ FOODS PVT. LTD.
#314 / 315, G.I.D.C., Phase 1, Chhatral, Taluka Kalol, Dist. Gandhinagar - 382 729. Gujarat INDIA
Phone : +91-2764-234400 / 11 / 12 • Cell : +91 99090 23957/58 • Fax : +91-2764-234200
E-mail : salessupport@jrjfoods.com • Website : www.jrjfoods.com facebook.com/MichisTreats

Registered under Postal Registration No. GAMC-1028/2021-2023 Valid Upto 31st December, 2023 issued by the SSPO's Ahmedabad City Division permitted to post at Ahmedabad PSO on 15th of Every Month. ■ RNI No. of RNP is 46515/87 ■ Published on 10th of Every Month

ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેંક લિ.
મીઠાખળી છ રસ્તા, અમદાવાદ-૬.
Tel. : 26400969 (M) 70432 16674

બેંકની વિવિધ સગવડો

■ FDR વ્યાજ upto 7.75% @ with monthly Interest
■ Flexi બચત ખાતા અને ચાલુ ખાતામાં વ્યાજ Max 5% @*
■ RTGS / NEFT / DD / IBC / Ch. Book charges : Nil*
■ ATM CARD ■ LOCKERS ■ Free SMS Alert
■ રૂા. ૬ કરોડ સુધીની તત્કાલ લોન ■ ગ્રૂપ લીમીટ રૂા. ૧૫ કરોડ
■ Online RTGS પેમેન્ટ / Inward રીસીપ્ટની લેટેસ્ટ ફેસેલીટી
■ બેંકના રોકડ કામકાજનો સમય : સવારે ૧૦ થી સાંજે ૬
*Condition apply
■ ચાલુ વર્ષમાં Fastest Growing Bank - Business Growth 50% @ p.a.

Patel Tours & Travels®
CENTRALISE NO. : (079) 2681 8788, 88661 55888
AHMEDABAD / ANJAR / BARODA
BHUJ / GANDHIDHAM / MUNDRA
JAMNAGAR / JUNAGADH / MUMBAI
PUNE / RAJKOT / SURAT

BUS AVAILABLE HIRE :
A.C. NON A.C. 3X2 & VOLVO 2X2 BUS
(A.C., NON A.C. SLEEPER)
PARCEL SERVICE AVAILABLE ALL ROUTE
PAY & TO PAY E-mail : patelinn@yahoo.com
Online Booking: www.pttbus.in

Parbatbhai Patel
M. : 98240 62711
Shivam Packaging
Shiv Packing Industries
સ્ટીફ બોર્ડસ / ગ્રે બોર્ડસ ● પી.વી.સી., પી.પી. રોલ અને રીમ,પી.પી. સુતળી, વુડન રોલ ● વાંસની પટ્ટી, H.M., L.D., P.P. Bags, કાફ્ટ પેપર, સેલો ટેપ, કોરૂગેટેડ રોલ બોક્સ
શિવમ
Opp. Dwarkadhish Estate, Outside Chandola Old Tol Naka, Near Bombay Hotel, Narol Road, Ahmedabad-382 405.
Ph. : (O) 25394011, 25394311

Mahalaxmi
INFRACONTRACT PVT. LTD.
Mining for Better Tomorrow

• Corporate Office •
B-21, Corporate House,
Opp. Pakvan-2, S. G. Highway,
Bodakdev, Ahmedabad-380 054.
Phone : 079-26856711, 26856712
E-mail : mahalaxmi@miplgroups.com
Website : www.miplgroups.com


AMBICA TIMBER MART
logs. lumber. select veneers.
Opp. The Grand Bhagwati,
S.G. Road, Bodakdev, Ahmedabad-54.
Tel. : 079-26855764, 26852438
E-mail : ambica9002@yahoo.co.in

અમદાવાદની સ્થાપનાથી તેના હેરિટેજ સ્ટેટસ સહિત
અને વર્ષ 2022 સુધીના વિકાસની અપડેટેડ વિગતો.
અગણિત ફોટોગ્રાફ સહિત
રસપ્રદ અને રોમાંચક માહિતી
ડૉ. માણેક પટેલ 'સેતુ'
અમદાવાદ
ગૌરવગાથા
કિંમત રૂ. 1600

ગૂર્જર સાહિત્યભવન
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-1, ફોન : 09227055777
ઈ-મેઈલ : goorjar@yahoo.com
ગૂર્જર સાહિત્ય પ્રકાશન
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, સીમા હૉલ સામે, અમદાવાદ-15
ફોન : 079-26934340, 98252 68759
ઈ-મેઈલ : gurjarprakashan@gmail.com

ફ્યુઝન કિડની કેર પ્રા. લી.
FUSION KIDNEY INSTITUTE
Full UroNephro Solutions

ડો.હિમાંશુ શાહ [ M.S. Mch.(યુરોલોજી) ] ગોલ્ડ મેડાલીસ્ટ
ડાયરેક્ટર, ફ્યુઝન કિડની ઈન્સ્ટીટ્યૂટ, વતન – માંડવી, કચ્છ
પથરી, પ્રોસ્ટેટ, કિડની, બ્લેડર કેન્સર, મૂત્રમાર્ગ ના રોગ,
બાળકો ના પેશાબ ના રોગ ના નિષ્ણાંત
ગુલબાઇ ટેકરા BRTS બસ સ્ટેન્ડ ની સામે, પાંજરાપોળ યુનિવર્સિટી રોડ, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫
એપોઇન્ટમેન્ટ માટે : ૦૭૯-૬૧૩૪૬૧૩૪ ૦૭૯-૨૬૩૦૫૦૬૦,
સોમવાર થી શુક્રવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦ સાંજે ૦૪:૦૦ થી ૦૫:૦૦, શનિવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦
Website : www.fusionkidney.com Email : info@fusionkidney.com

JAY ENTERPRISE
Products : Salt Speckles, Rock Salt (Sendha Namak),
Rock Salt Sujji, Black Salt (Sanchar) &
All Types of Edible & Industrial Salt
C/3, Bharat Small Industrial Estate, B/h. Gujarat Offset,
Nr. Railway Over Bridge Road, Vatva, Ahmedabad-382 445.
E-mail : jay.enterprise@hotmail.com ■ Mobile : 99989 90899

Printed & Published by Shri Ashok Mehta, President, Shri Kutchhi Samaj - Ahmedabad on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. • Printed at : Vinayak Offset, Dudheshwar, Ahmedabad.
Published at : Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trade Centre, Opp. Kocharab Ashram, Ellisbridge, Ahmedabad-380 006.
Editor : Shri Ashok Mehta • Price : Rs. 18.00 • Lifetime Subscription : Rs. 1500/- (15 Years)